

પાના ૮, કિંમત રૂ.૨, તા. ૧૪-૦૪-૨૦૨૬-મંગળવાર, સુરત

# સાંધ્ય દૈનિક પ્રતાપ દર્પણ

RNI NO : 67531/97 | મુદ્રક તથા પ્રકાશક : રાજેશ બાલુભાઈ પટેલ ● તંત્રી : પ્રવીણ ગોહિલ ● સહતંત્રી : જગદીશ વાલજીભાઈ ચાવડા ● વર્ષ : ૩૧ ● અંક : ૧૦૪ ● મોબાઈલ નં. ૯૮૨૫૫ ૩૨૫૦૫

www.pratapdarpan.in | pratapdarpan_official | pratapdarpansrt@gmail.com | pratapdarpan_official11

# દિલ્હી-દેહરાદુન કોરીડોરના લોકાપર્ણ પૂર્વે મોદીનો રોડ શો

## સહારનપુરમાં પ્રધાનમંત્રી મોદીનો રોડ શોમાં હાથમાં ત્રિરંગો પકડીને લોકો ઉમટી પડયા

નવી દિલ્હી, તા. ૧૪

દિલ્હી-દહેરાદૂન કોરિડોરનું ઉદ્ઘાટન કરતા પહેલા મંગળવારે ઉત્તર પ્રદેશના સહારનપુર જિલ્લામાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ રોડ શો યોજ્યો. પીએમ મોદીનું સ્વાગત કરવા માટે મોટી ભીડ એકઠી થઈ હતી. પ્રધાનમંત્રીની એક ઝલક જોવા માટે રસ્તા પર ભીડ ઉમટી પડી હતી. ત્રિરંગો હાથમાં પકડીને, સહભાગીઓએ "મોદી-મોદી," "ભારત માતા કી જય," અને "જય શ્રી રામ" ના નારા લગાવતા પીએમ મોદી પર ફૂલોનો વરસાદ કર્યો. પરંપરાગત પોશાક પહેરેલા ઘણા લોકોએ પ્રધાનમંત્રીનું સ્વાગત કરવા માટે પરંપરાગત લોકનૃત્ય રજૂ કર્યું. પીએમ મોદીએ સૌને હાથ લહેરાવ્યો. પીએમ મોદી સહારનપુરમાં દિલ્હી-દહેરાદૂન કોરિડોરના એલિવેટેડ સેક્શન પર બનેલા વન્યજીવન કોરિડોરની સમીક્ષા કરશે. ત્યારબાદ તેઓ દહેરાદૂન માટે રવાના થશે.

પ્રધાનમંત્રી દહેરાદૂન નજીક જય મા દાત કાલી મંદિરમાં મુલાકાત લેશે અને પૂજા કરશે. ત્યારબાદ, પ્રધાનમંત્રી લગભગ બપોરે ૧૨:૩૦ વાગ્યે દહેરાદૂનમાં એક જાહેર સમારોહમાં દિલ્હી-દહેરાદૂન કોરિડોરનું ઉદ્ઘાટન કરશે અને સભાને સંબોધિત કરશે.

૨૧૩ કિલોમીટર લાંબો, ૭ લેનનો અને ઍક્સેસ-નિયંત્રિત દિલ્હી-દહેરાદૂન કોરિડોર ?૧૨,૦૦૦ કરોડથી વધુના ખર્ચે બનાવવામાં આવ્યો છે. આ કોરિડોર દિલ્હી, ઉત્તર પ્રદેશ



અને ઉત્તરાખંડ રાજ્યોમાંથી પસાર થાય છે. તે દિલ્હી અને દહેરાદૂન વચ્ચેનો મુસાફરીનો સમય હાલના ૭ કલાકથી ઘટાડીને લગભગ અઢી કલાક કરશે.

આ પ્રોજેક્ટના અમલીકરણમાં ૧૦ ઈન્ટરચેન્જ, ત્રણ રેલ્વે ઓવરબ્રિજ (ROB), ચાર મુખ્ય પુલ અને ૧૨ રોડસાઇડ સુવિધાઓનું નિર્માણ શામેલ છે જેથી સીમલેસ હાઇ-સ્પીડ કનેક્ટિવિટી સુનિશ્ચિત થાય. મુસાફરો માટે સલામત અને વધુ કાર્યક્ષમ મુસાફરીનો અનુભવ પૂરો પાડવા માટે આ કોરિડોર અદ્યતન ટ્રાફિક મેનેજમેન્ટ સિસ્ટમ (ATMS) થી સજ્જ છે.

આ પ્રદેશની પર્યાવરણીય સંવેદનશીલતા, સમૃદ્ધ જૈવવિવિધતા અને વન્યજીવનને ધ્યાનમાં રાખીને, આ કોરિડોર માનવ-વન્યજીવન સંઘર્ષને નોંધપાત્ર રીતે ઘટાડવાના હેતુથી ઘણી સુવિધાઓ સાથે ડિઝાઇન કરવામાં આવ્યો છે. જંગલી પ્રાણીઓની અવરોધ વિનાની હિલચાલ સુનિશ્ચિત કરવા માટે, આ પ્રોજેક્ટમાં વન્યજીવન સંરક્ષણ માટે ઘણી વિશેષ સુવિધાઓ શામેલ છે. આમાં ૧૨ કિલોમીટર લાંબો વન્યજીવન એલિવેટેડ કોરિડોરનો સમાવેશ થાય છે, જે એશિયામાં સૌથી લાંબો છે. આ કોરિડોરમાં આઠ પ્રાણીઓના માર્ગો, બે ૨૦૦ મીટર લાંબા હાથી અંડરપાસ અને દાત કાલી મંદિર પાસે ૩૭૦ મીટર લાંબી ટનલનો પણ સમાવેશ થાય છે.

# અમેરિકાની નાકાબંધી સામે ઈરાનનું ડેથ વોરંટ

## પરમાણુ ડીલ સંબંધમાં ૫ વર્ષ અને ૨૦ વર્ષની શરતો પર બન્ને દેશો વચ્ચે ખેંચતાણ

**નવી દિલ્હી, તા. ૧૪**

મિડલ ઈસ્ટમાં ફરી એકવાર યુદ્ધના વાદળો ઘેરાયા છે. વિશ્વના સૌથી વ્યસ્ત દરિયાઈ વેપાર માર્ગ ગણાતા હોર્મુઝમાં અમેરિકાની આર્થિક નાકાબંધી સામે ઈરાને હવે ખુલ્લેઆમ 'ડેથ વોરંટ' જારી કરી દીધું છે. ઈરાનની આક્રમક ચેતવણી બાદ હવે ખાડી દેશોનું એક પણ બંદર સુરક્ષિત નથી તેમ લાગી રહ્યું છે.

બીજી તરફ, વર્ષોથી ચાલી રહેલી પરમાણુ ડીલ હવે શરતોની જાળમાં ફસાઈ છે. અમેરિકા જ્યાં આગામી ૨૦ વર્ષ સુધીના કડક પ્રતિબંધો અને મોનિટરિંગનો આગ્રહ રાખી રહ્યું છે, ત્યાં ઈરાન માત્ર ૫ વર્ષની શરત પર અડગ છે. આ '5 Vs 20' ની ખેંચતાણ વચ્ચે રાજદ્વારી રસ્તો બંધ થતા હવે રણશિંગા ફૂંકાય તેવા સંકેતો મળી રહ્યા છે. નાકાબંધી પર અમેરિકાને આંતરરાષ્ટ્રીય સમર્થન મળ્યું નથી. ઘણા યુરોપિયન દેશોએ નાકાબંધીમાં જોડાવાનો ઈનકાર કર્યો, જ્યારે એક ઈરાની ટેન્કરે નાકાબંધીને પડકારતા રસ્તો પાર કર્યો. હોર્મુઝ સ્ટ્રેટ દુનિયા માટે અત્યંત મહત્વપૂર્ણ દરિયાઈ માર્ગ છે, જ્યાંથી લગભગ ૨૦% તેલનો પુરવઠો થાય છે. આ પહેલા ઈરાને પણ અહીં પશ્ચિમી જહાજોની અવરજવર રોકી દીધી હતી. સતત વધતા તણાવની અસર તેલ બજાર પર પણ દેખાઈ રહી છે. ફેબ્રુઆરીના અંતથી શરૂ થયેલા સંઘર્ષ પછી કિંમતોમાં ૫૦% સુધીનો ઉછાળો આવ્યો છે. સોમવારે બ્રેન્ટ ક્રૂડ ૧૦૨ ડોલર પ્રતિ બેરલ સુધી પહોંચ્યું અને બાદમાં લગભગ ૯૯ ડોલર પર આવી ગયું.

યુરોપિયન યુનિયને કહ્યું છે કે તે યુરોપના દેશોને વધુ સરકારી નાણાં ખર્ચ કરવાની મંજૂરી આપવા માંગે છે, જેથી કંપનીઓને મોંઘા ઈંધણ અને ખાતરના બિલમાંથી રાહત મળી શકે. આ પગલું એટલા માટે લેવામાં આવી રહ્યું છે કારણ કે ઈરાન યુદ્ધના કારણે કિંમતો ખૂબ ઝડપથી વધી રહી છે અને અર્થતંત્ર પર અસર પડી રહી છે. સોમવારે તેલની કિંમત લગભગ ૬% વધીને ૧૦૦ ડોલર પ્રતિ બેરલથી ઉપર પહોંચી ગઈ. તેનું કારણ એ છે કે અમેરિકાએ ઈરાનના બંદરોમાંથી નીકળતા જહાજોને રોકવાની વાત કહી છે, જેનાથી તેલ અને ગેસના પુરવઠા પર અસર પડી શકે છે. તેમજ વધુ વીજળીનો ઉપયોગ કરતા ઉદ્યોગોને હવે પહેલા કરતા વધુ (૫૦% થી પણ વધુ) સરકારી મદદ મળી શકશે, જેથી તેઓ તેમના વીજળીના બિલ સરળતાથી ભરી શકે.


અમેરિકી ઉપરાષ્ટ્રપતિ જેડી વેન્સે કહ્યું છે કે ઈરાન સાથેના કરારને લઈને હવે બોલ તેહરાનના કોર્ટમાં છે. તેમણે કહ્યું કે અમેરિકાએ પોતાની શરતો સ્પષ્ટ કરી દીધી છે અને હવે આગળ વધવું ઈરાન પર નિર્ભર છે. વેન્સના મતે ઈસ્લામાબાદમાં થયેલી વાટાઘાટોમાં થોડી પ્રગતિ થઈ, પરંતુ અંતિમ સમજૂતી થઈ શકી નહીં. અમેરિકાએ પરમાણુ હથિયારો ન બનાવવા અંગે પોતાની શરતો સ્પષ્ટ રાખી છે. તેમણે કહ્યું કે જો ઈરાન આ શરતો સ્વીકારે છે, તો અમેરિકા તેને સામાન્ય દેશની જેમ વર્તવા તૈયાર છે. અમેરિકાએ એમ પણ કહ્યું કે તેણે સૈન્ય કાર્યવાહી આ આશામાં રોકી કે હોર્મુઝ જળસંધિ ફરીથી ખુલશે અને ઊર્જા પુરવઠો સામાન્ય થઈ શકશે.

# હોર્મુઝ ખાડીની નાકાબંધી માટે ટ્રમ્પે જહાજોના કાફલો ઉતારી દીધા

### ઈરાની જહાજ નજીક આવશે તો ઉડાવી દેવાશે : ટ્રમ્પની ધમકી

નવી દિલ્હી, તા. ૧૪

ઈસ્લામાબાદમાં થયેલી શાંતિ વાટાઘાટો નિષ્ફળ રહ્યા બાદ હવે અમેરિકાએ ઈરાન વિરુદ્ધ 'ઓપરેશન બ્લોકેડ' શરૂ કરી દીધું છે. અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના આદેશથી અરબ સાગર અને હોર્મુઝની ખાડીમાં અમેરિકી નૌકાદળના ૧૫થી વધુ વિધ્વંસક જહાજો તૈનાત કરવામાં આવ્યા છે. આ નાકાબંધીમાં અમેરિકાના



અત્યાધુનિક સ્ટીલ્થ ફાઈટર જેટ્સ F-35B આકાશમાંથી ઈરાની ગતિવિધિઓ પર નજર રાખી રહ્યા છે.અમેરિકન સેન્ટ્રલ કમાન્ડના જણાવ્યા અનુસાર, USS ત્રિપોલી (LHA 7) ને ખાસ કરીને હવાઈ હુમલા અને નાકાબંધી માટે અરબ સાગરમાં ઉતારવામાં આવ્યું છે. આ જહાજ પરથી ૨૦થી વધુ F-35B જેટ્સ ઉડાન ભરી શકે છે.અમેરિકાએ સ્પષ્ટ કર્યું છે કે, તેઓ માત્ર ઈરાનના બંદરો સાથે જોડાયેલા જહાજોને જ રોકશે, જ્યારે અન્ય દેશોના જહાજો માટે હોર્મુઝનો રસ્તો ખુલ્લો રહેશે.જો કે, તમામની ચકાસણી થશે.ટ્રમ્પે સોશિયલ મીડિયા પર ઈરાની નેવીની મજાક ઉડાવતા લખ્યું કે, ઈરાનની નેવીના ૧૫૮ જહાજો પહેલેથી જ નષ્ટ થઈ ચૂક્યા છે. જો ઈરાનની નાની ફાસ્ટ એટેક બોટ પણ અમારા જહાજોની નજીક આવવાની હિંમત કરશે, તો અમે તેમને ડ્રગ માફિયાઓની જેમ જડમૂળથી ખતમ કરી દઈશું. ટ્રમ્પના આ નિવેદનથી સ્પષ્ટ છે કે અમેરિકા હવે આરપારના મૂડમાં છે.

# આજે સાંજે બિહારના નવા મુખ્યમંત્રીનું નામ જાહેર થશે

### મુખ્યમંત્રી નીતિશની છેલ્લી કેબિનેટ બેઠક મળી

નવી દિલ્હી, તા. ૧૪

બિહારમાં આજે મંગળવારે નવા ઝસ ચહેરાની જાહેરાત થશે. છેલ્લા ૨૦ વર્ષથી બિહારના મુખ્યમંત્રી રહેલા નીતિશ કુમાર આજે પોતાના પદ પરથી રાજીનામું આપશે. હવે તેઓ રાજ્યસભા સાંસદ બની ચૂક્યા છે.

વહેલી સવારે મુખ્યમંત્રી નિવાસસ્થાનમાં તેજ હિલચાલ હતી. ત્નદ્બ કાર્યકારી પ્રમુખ સંજય ઝા, કેન્દ્રીય મંત્રી લલ્લન સિંહ અને મંત્રી વિજય ચૌધરી નીતિશ કુમારને મળવા પહોંચ્યા. નાયબ મુખ્યમંત્રી સમ્રાટ ચૌધરીએ પણ મુખ્યમંત્રી સાથે મુલાકાત કરી.

નીતિશ કુમાર અને સમ્રાટ ચૌધરી એક જ કારમાં આંબેડકર સમારોહ માટે નીકળ્યા. તેઓ પાછળની સીટ પર સાથે બેઠા. નીતિશે હાઈકોર્ટમાં આંબેડકરને શ્રદ્ધાંજલિ આપી.

સવારે નીતિશના નેતૃત્વમાં કેબિનેટની અંતિમ બેઠક યોજાઈ. ત્યારબાદ JDU ધારાસભ્ય દળ અને BJP ધારાસભ્ય દળની બેઠક યોજાશે. બપોરે ૩ વાગ્યે નીતિશ રાજભવન જશે, રાજ્યપાલને પોતાનું રાજીનામું સોંપશે. પછી ૪ વાગ્યે દ્ગડ્ઢછ ધારાસભ્ય દળની બેઠકમાં નવા મુખ્યમંત્રીના ચહેરા પર મહોર લાગશે.



કેન્દ્રીય મંત્રી શિવરાજ સિંહ ચૌહાણ નવા CMના નામની જાહેરાત કરશે. ભાજપે તેમને પોતાના નિરીક્ષક બનાવ્યા છે. જ્યારે, આવતીકાલે સવારે ૧૧ વાગ્યે રાજભવનમાં નવા મુખ્યમંત્રીનો શપથ ગ્રહણ સમારોહ યોજાશે.

સવારે મુખ્યમંત્રી નીતિશ કુમારની અધ્યક્ષતામાં કેબિનેટની છેલ્લી બેઠક યોજાશે. આ બેઠક વર્તમાન સરકારના કાર્યકાળની અંતિમ ઔપચારિકતા માનવામાં

અનુસંધાન પાના ૭ પર

# કોવીડ રસીના બીજા ડોઝથી મોત નજીક હોવાનો અનુભવ : મસ્ક

### ઈલોન મસ્કની કોવિડ વેક્સિનની આડઅસરની ટિપ્પણીથી વ્યાપેલી સનસનાટી

નવી દિલ્હી, તા. ૧૪

ટેક અબજોપતિ, ટેસ્લાના સીઈઓ અને ઠના માલિક ઈલોન મસ્કે કોવિડ વાયરસ અને તેની રસી બંનેના પોતાના અંગત અનુભવો શેર કર્યા પછી કોવિડ-૧૯ રસીની સુરક્ષિતતા અંગેની વૈશ્વિક ચર્ચાને ફરી વેગ મળ્યો છે.

X પરની એક પોસ્ટમાં, જે અત્યાર સુધીમાં ૧.૫ કરોડથી વધુ લોકોએ જોઈ છે, મસ્કે દાવો કર્યો હતો કે કોવિડ-૧૯ના મૂળ વુહાન સ્ટ્રેનથી સંક્રમિત થવું સામાન્ય શરદી કે ફ્લૂ જેવું હતું, પરંતુ તેના બીજા વેક્સિન શોટને કારણે તેને મૃત્યુની નજીક હોવાનો અનુભવ થયો, જે એટલો ગંભીર હતો કે તેને શંકા થવા લાગી કે ડોઝ ખૂબ વધારે તો નહોતો. તેમની આ ટિપ્પણીઓ ૧૨ એપ્રિલ, ૨૦૨૬ના રોજ પોસ્ટ કરવામાં આવી હતી, જે ફાઈઝરના ભૂતપૂર્વ ટોક્સિકોલોજિસ્ટ ડૉ. હેલ્મટ સ્ટર્ઝની જર્મન સંસદીય તપાસમાં આપેલી જુબાનીના જવાબમાં હતી, જેમાં રસી સંબંધિત મૃત્યુના અંદાજો વિશે ચર્ચા કરવામાં આવી હતી.

આ પોસ્ટ પછી વૈશ્વિક સ્તરે ચર્ચાઓ શરૂ થઈ છે, જેમાં યુઝર્સ પોતાના અંગત અનુભવો શેર કરી રહ્યા છે જ્યારે સ્વાસ્થ્ય સત્તાવાળાઓ રસીની સુરક્ષા પર સ્થાપિત વૈજ્ઞાનિક તારણોનો પુનરોચ્ચાર કરી રહ્યા છે.

અનુસંધાન પાના ૭ પર

# ટ્રમ્પ-પુતિનના સમર્થન છતાં હંગરીમાં ઓર્બનનો રકાસ

### ઓર્બનના જૂના સાથી પીટર મગ્યાર ભારે બહુમતીથી જીત્યા

નવી દિલ્હી, તા. ૧૪

વિક્ટર ઓર્બન હંગેરીના વડાપ્રધાનની ચૂંટણી હારી ગયા છે. તેઓ ૧૬ વર્ષથી સત્તામાં હતા. વિરોધ પક્ષની ટિસ્ઝા પાર્ટીના પીટર મગ્યાર આગામી વડાપ્રધાન બનશે. મગ્યાર અગાઉ ઓર્બનની પાર્ટી ફિડેઝ સાથે સંકળાયેલા હતા, પરંતુ પાર્ટીમાં ભ્રષ્ટાચાર વિરુદ્ધ તેઓ તેમનાથી અલગ થઈ ગયા હતા.

ઓર્બન વિશ્વના એવા ગણ્યા-ગાંઠ્યા નેતાઓમાંના એક છે, જેમના અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ, રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન અને ઈઝરાયલી પીએમ બેન્જામિન નેતન્યાહુ સાથે ગાઢ સંબંધો છે.ન્યૂઝ એજન્સી AP અનુસાર, આ વખતે ચૂંટણીમાં લગભગ ૮૦% રેકોર્ડ મતદાન થયું હતું. પરિણામોને મોટા રાજકીય ઉલટફેર તરીકે જોવામાં આવી રહ્યા છે. તેની અસર યુરોપ અને વૈશ્વિક રાજનીતિ પર પડશે.અમેરિકાના ઉપરાષ્ટ્રપતિ જેડી વેન્સે ૭ એપ્રિલ ૨૦૨૬ના રોજ હંગેરીની રાજધાની બુડાપેસ્ટની મુલાકાત લીધી. તેમની આ મુલાકાત ઘણી ચર્ચામાં રહી, કારણ કે તે હંગેરીની સંસદીય ચૂંટણીના માત્ર પાંચ દિવસ પહેલા થઈ હતી અને તેને વડાપ્રધાન વિક્ટર ઓર્બનના સમર્થન તરીકે જોવામાં આવી હતી.અમેરિકી ઈતિહાસમાં આવું પહેલીવાર બન્યું છે કે જ્યારે કોઈ વર્તમાન ઉપરાષ્ટ્રપતિ બીજા દેશમાં જઈને કોઈ ખાસ નેતાના પક્ષમાં ચૂંટણી પ્રચાર કરતા જોવા મળ્યા હોય.

અનુસંધાન પાના ૭ પર

# લગ્ન નોંધણી કાયદામાં વધુ એક ફેરફાર કરવા પ્રસ્તાવ

### લગ્ન સર્ટીફિકેટમાં યુગલના ફોટા ફરજીયાત કરવાની ભલામણ

નવી દિલ્હી, તા. ૧૪

રાજ્યમાં લગ્ન અને લીવ ઈન સંબંધી કાનુનો કડક બનાવી રહેલી રાજ્ય સરકારે હવે યુનિફોર્મ સિવિલ કોડ પણ અમલી બનાવવા તૈયારી કરી રહ્યું છે. જેના નિયમો હવે બની રહ્યા છે તે સાથે હવે સરકારે લગ્ન સર્ટીફિકેટમાં નવ વિવાહીત યુગલનો ફોટો પણ જરૂરી બનાવ્યા છે.ચુંટણી પછી સરકાર યુસીસીને જે વિધાનસભાએ મંજુર કર્યો છે તે અમલી બનાવી રહી છે અને તેની સાથે આ ફેરફાર પણ અમલી બનશે. રાજ્ય સરકારે આ માટે ગુજરાત રજીસ્ટ્રેશન ઓફ મેરેજ ટુલ ૨૦૦૬માં ફેરફાર કરશે અને તેની સાથે આધારની જેમ બાયોમેટ્રીક-ફીચર્સ પણ જરૂરી બનાવવાની તૈયારીએ આધાર ઓથેન્ટીફીકેશનની જેમ જ પ્રક્રિયા થશે.લગ્ન નોંધણી પ્રમાણપત્ર એ અનેક સરકારી સેવામાં મહત્વનું સ્થાન ધરાવે છે અને તેથી હવે તેને વધુ ચોકકસાઈભર્યુ પ્રમાણીત હોય તે સરકાર અમલ કરવા જઈ રહી છે. જેનાથી બનાવટી- ચેડા કરેલા લગ્ન પ્રમાણપત્ર તુર્તજ શોધી શકાશે. ન્યાયીક કામગીરી જેમકે લગ્ન સાબીત કરવા છુટાછેડા- ભરણપોષણ- સંતાનો પર અધિકાર અને વારસાગત મિલ્કતો વિ.માં લગ્ન પ્રમાણપત્ર મહત્વની ભૂમિકા ભજવે છે.

અનુસંધાન પાના ૭ પર

# મહિલા અનામત પર મોદીનો મહિલાઓના નામે ખુલ્લો પત્ર

### ભારતની દીકરીઓને તેમના હક માટે વર્ષો સુધી રાહત જોવા કહી શકાય નહીં : વડાપ્રધાન

નવી દિલ્હી, તા. ૧૪

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ મંગળવારે દેશની મહિલાઓના નામે એક પત્ર લખ્યો છે. આ પત્રમાં મોદીએ કહ્યું કે જો ૨૦૨૯માં લોકસભા અને અલગ-અલગ વિધાનસભાની ચૂંટણીઓ મહિલાઓ માટે સંપૂર્ણ અનામત સાથે થાય છે, તો ભારતીય લોકશાહી વધુ મજબૂત અને જીવંત બનશે.

તેમણે એમ પણ કહ્યું કે જ્યારે મહિલાઓ અનેક ક્ષેત્રોમાં ઉત્તમ કામ કરી રહી છે, ત્યારે તે બિલકુલ યોગ્ય છે કે કાયદાકીય સંસ્થાઓમાં પણ મહિલાઓની ભાગીદારી વધે. ભારતની દીકરીઓને તેમના હક માટે હંમેશા રાહ જોવા માટે કહી શકાય નહી.

ઠ પર એક પોસ્ટમાં મોદીએ લખ્યું- "અહી ભારતની 'નારી શક્તિ'ના નામે મારો પત્ર છે, જેમાં હું દાયકાઓથી બાકી રહેલા વચનને પૂર્ણ કરવાની અમારી પ્રતિબદ્ધતાનું પુનરાવર્તન કરી રહ્યો છું. મેં મારા સાથી નાગરિકો સાથે તે સંકલ્પને જલદી સાકાર કરવાના વિષય પર મારા વિચારો શેર કર્યા છે."

સપ્ટેમ્બર ૨૦૨૩માં સંસદે 'નારી શક્તિ વંદન અધિનિયમ' પસાર કર્યો હતો, જેને સામાન્ય રીતે 'મહિલા અનામત અધિનિયમ' તરીકે ઓળખવામાં આવે છે. આ કાયદાકીય સંસ્થાઓમાં મહિલાઓના પ્રતિનિધિત્વને વધારવાની દિશામાં એક મોટું પગલું હતું. આ અધિનિયમમાં લોકસભા અને રાજ્યોની વિધાનસભાઓમાં મહિલાઓ માટે એક-તૃતીયાંશ બેઠકો અનામત રાખવાની જોગવાઈ કરવામાં આવી હતી.

વર્તમાન કાયદા હેઠળ, મહિલાઓ માટે અનામત ૨૦૩૪ પહેલા લાગુ થઈ શકતું ન હતું, કારણ કે તે ૨૦૨૭ની વસ્તી ગણતરી પછી સીમાંકન પ્રક્રિયા પૂર્ણ થવા સાથે સંકળાયેલું હતું.તેને ૨૦૨૯ની લોકસભા ચૂંટણીઓથી લાગુ કરવા માટે, 'નારી શક્તિ વંદન અધિનિયમ'માં ફેરફારની જરૂર હતી; તેથી, સરકાર કાયદામાં સુધારાઓ પસાર કરવા માટે એક વિશેષ સત્રનું આયોજન કરી રહી છે.સરકારે બે મોટા સુધારાની યોજના બનાવી છે, જેમાં એક અલગ સીમાંકન બિલ પણ સામેલ છે. મહિલાઓ માટે અનામત નક્કી કરવા માટે આ બંને બિલને બંધારણીય સુધારા તરીકે પસાર કરવા જરૂરી છે. વર્તમાન સ્થિતિ જાળવી રાખીને, 'ંમ્ઝ્ર અનામત માટે કોઈ જોગવાઈ કરવામાં આવી નથી, જ્યારે જીઝ્ર/જી્ અનામત પહેલાની જેમ જ ચાલુ રહેશે.

જ્યારે 'મહિલા આરક્ષણ અધિનિયમ'માં સુધારા પસાર થઈ જશે, ત્યારે તે સુનિશ્ચિત થશે કે લોકસભા બેઠકોની સંખ્યા વધીને ૮૧૬ થઈ જશે, જેમાંથી ૨૭૩ બેઠકો મહિલાઓ માટે અનામત રહેશે. લોકસભા અને રાજ્ય વિધાનસભાઓમાં મહિલાઓને ૩૩% અનામત આપવાની જોગવાઈ ૨૦૨૩માં બંધારણમાં સુધારો કરીને લાવવામાં આવી હતી.

# વિશ્વભરમાં ૮૦ કરોડ નોકરી ઘટશે : વર્લ્ડ બેંકની ચેતવણી

### કોરોના પછી મિડલ ઈસ્ટની લડાઈ તાજો ફટકો છે : બંગા

નવી દિલ્હી, તા. ૧૪

વર્લ્ડ બેન્કના પ્રેસીડેન્ટ અજય બંગાએ ચેતવણી આપી છે કે, આગામી ૧૦થી૧૫ વર્ષમાં વિકાસશીલ દેશોમાં લગભગ ૧૨૦ કરોડ લોકો કામ કરવાની ઉંમરના થઈ જશે, પરંતુ તેમના માટે નોકરીઓની ભારે અછત સર્જાશે.

અહેવાલો મુજબ બંગાએ જણાવ્યું હતું કે, જો હાલની ગતિ ચાલુ રહી તો આ અર્થ વ્યવસ્થાઓ માત્ર ૪૦ કરોડ નોકરીઓ જ પેદા કરી શકશે, આનો મતલબ છે કે લગભગ ૮૦ કરોડ નોકરીઓની ઘટ આવશે.

માસ્ટરકાર્ડના પુર્વ સીઈઓ બંગા માને છે કે, લોકોનું ધ્યાન લાંબા સમયગાળાની સમસ્યાઓ પર ટકાવી રાખવુ મુશ્કેલ કામ છે, કારણ કે કોરોના મહામારી બાદ દુનિયાને એક પછી એક મોટા ઝટકા લાગ્યા છે. તેમાંથી સૌથી તાજો ઝટકો પશ્ચિમ એશિયાની જંગ છે.

તેમણે વધુમાં કહ્યું હતું કે, આપણે એક સાથે અનેક મોરચે કામ કરવું પડશે. હાલ આપણે એક નાના ચક્રવાળા સંકટ (જંગ)માંથી પસાર થઈ રહ્યા છીએ, પરંતુ નોકરીઓ અને પાણીની સમસ્યા ખૂબ લાંબી ચાલનાર

અનુસંધાન પાના ૭ પર



# અંગદાન થકી સુરતના અશોકભાઈ ડોંડા બન્યા જીવનદાતા

## ડોંડા પરિવારે આપી માનવતાની મિસાલ:સાત લોકોને મળ્યા નવજીવન

સુરત, તા.૧૪

સુરત, મોટા વરાછા વિસ્તારમાં આવેલ આવકાર રેસિડેન્સીનાં રહેવાસી ૫૫ વર્ષીય અંગદાતાશ્રી અશોકભાઈ નાનુભાઈ ડોંડા (મૂળ વતન. નારી, તા/જિ. ભાવનગર) એ પોતાના જીવનના અંતિમ ક્ષણોમાં માનવતાનું અનોખું ઉદાહરણ પૂરું પાડ્યું છે. તેમના અંગદાનના મહાન નિર્ણયથી કુલ સાત લોકોને નવજીવન પ્રાપ્ત થયું છે.

ઘટના અનુસાર તા. ૧૦એપ્રિલ'૨૦૨૬ ના રોજ સવારે તેઓ પોતાની પત્ની રેખાબેનની સારવાર અર્થે અમદાવાદથી સારવાર પૂર્ણ કરી વહેલી સવારે સુરત ઘરે પરત ફર્યા હતા. તબિયત ઠીક નહી જાણતા બપોરે જમવાનું ટાળીને આરામ કરવા ગયા બાદ, આશરે ૨:૩૦ વાગ્યે અચાનક તેમની તબિયત બગડતા તેઓ સોફા ઉપર બેઠા હતાને ત્યાજ ઢળી પડ્યા હતા. તરત જ તેમને સારવાર અર્થે પી.પી. સવાણી હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા, જ્યાં સઘન સારવાર આપ્યા બાદ ડૉ. મૌલિક પટેલ (ન્યુરોસર્જન), ડો. નિરવ સુતરીયા (ન્યુરો ફીઝીશ્યન), ડૉ. જીગ્નેશ ગેંગડીયા (એમ.ડી.) અને ડૉ. અનિલ તંતી (એડમિન) દ્વારા તેમને બ્રેઇન ડેડ જાહેર કરવામાં આવ્યા હતા.

આ મુશ્કેલ સમયમાં જીવનદીપ ઓર્ગન ડોનેશન ફાઉન્ડેશન ટ્રસ્ટના પી.એમ. ગોંડલીયા અને વિપુલ તળાવીયા દ્વારા પરિવારને યોગ્ય માર્ગદર્શન અને સમજણ આપવામાં આવી હતી. ડોંડા પરિવારના સભ્યો પત્ની રેખાબેન ડોંડા, પુત્ર મૌલિકભાઈ ડોંડા,પુત્રવધુ હિનલબેન ડોંડા, લલ્લુભાઈ ડોંડા, તેમજ મિલનભાઈ કાનાણી, મહેશભાઈ કાનાણી, ભૌતિકભાઈ સાચપરા, ઉત્સવભાઈ ઘોરી સહિત અન્ય હાજર સ્નેહીજનો દ્વારા માનવતાનું શ્રેષ્ઠ ઉદાહરણ આપતાં અંગદાન માટે સંમતિ આપી મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો હતો. અંગદાનની સંમતી મળતાની સાથે સોટોનાં ડાયરેક્ટર ડો.પ્રાંજલભાઈ મોદી, સોટોના પ્રિયાબેન અને હાર્દિકભાઈનો સંપર્ક કરીને રજીસ્ટ્રેશન પ્રોસેસ શરુ કરવામાં આવી હતી. અંગદાન સમગ્ર પ્રક્રિયામાં પી પી સવાણી ગ્રુપના ચેરમેન વલ્લભભાઈ સવાણી, દીલીપદાદા દેશમુખ (અંગદાન ચેરીટેબલ ટ્રસ્ટ), બાબુભાઈ વિરડીયા (સમાજ સેવક), દિનેશભાઈ નાવડિયા(ડાયમંડ હોસ્પિ), વલ્લભભાઈ ચોથાણી, ડો. કેતન કાનાણી, ડો. હર્ષિતા સાવલિયા, ડો. શિવાની ડાંખરા, ડો. કિરણ પરમાર, ડો. જેનિશ ત્રપસીયા, ડો.પ્રીન્સી સવાણી, ડો. મીરાલી જસાણી, ટીમ જીવનદીપના અનેક સભ્યો નીતિનભાઈ ધામેલીયા, જસ્વીનભાઈ કુંજડીયા, બીપીનભાઈ તળાવીયા, આશિષભાઈ સાવલિયા, વૈજુલ વિરાણી, વિપુલભાઈ કોરાટ, અભિષેક સોનાણી, સાગર કોરાટ, રાજ ગોધાણી, સ્મિત ઠુંમર, યુગ તળાવીયા, જીત ડોબરીયા, સતીશ ભંડેરી, ચૈતન્ય ત્રિવેદી અને ક્રિશ પટેલ સહિત અનેક લોકોએ મહત્વપૂર્ણ યોગદાન આપ્યું હતું. હૃદય: યુ.એન. મહેતા હોસ્પિટલ, અમદાવાદ, ફેફસા: KD હોસ્પિટલ, અમદાવાદ, લીવર અને બંને કિડની: IKDRC હોસ્પિટલ, અમદાવાદ તેમજ બંને આંખોનું દાન લોકદ્રષ્ટિ ચક્ષુ બેંક દ્વારા સ્વીકારવામાં આવ્યું હતું, આ દર્દીના અંગદાન થકી કુલ- ૭ દર્દીઓને નવજીવન મળ્યું છે.



અંગદાતાશ્રી અશોકભાઈ ડોંડા (ઉ.વર્ષ - ૫૫)

પી.પી. સવાણી હોસ્પિટલથી અંગોને વિવિધ હોસ્પિટલ સુધી સમયસર પહોંચાડવા માટે ગુજરાત પોલીસ દ્વારા ત્રણ ગ્રીન કોરિડોરનું ઉત્તમ આયોજન કરવામાં આવ્યું હતું, જેના કારણે સુરતથી અમદાવાદ સુધી અંગો ઝડપથી અને સલામત રીતે પહોંચાડવામાં સફળતા મળી. આ સમગ્ર પ્રક્રિયામાં સુરત અને અમદાવાદ એરપોર્ટ ઓથોરિટીએ પણ મહત્વપૂર્ણ સહકાર આપ્યો હતો. જીવનદીપ ઓર્ગન ડોનેશન ફાઉન્ડેશન અને પી.પી. સવાણી હોસ્પિટલના સંયુક્ત પ્રયાસોથી ડોંડા પરિવારના મોભીનું આ ઉરમું સફળ અંગદાન સંપન્ન થયું છે, જે સમાજ માટે પ્રેરણાદાયક ઉદાહરણ બની રહેશે.

# સ્કેટના આઈઈઈઈ સ્ટુડન્ટ બેચનું મીટ-અપ સેશન્સ

## ટેકનિકલ કાર્યક્રમમાં ૯૬ વિદ્યાર્થીઓ તથા યંગ પ્રોફેશનલે ભાગ લીધો



સુરત, તા.૧૪

IEEE Student Branch, SCET દ્વારા IEEE RNGPIT SB સાથે સહયોગમાં IEEE Gujarat Section YP nuX¤ IEEE YP CONNECT: Student–Young Professionals Meet-Up સફળતાપૂર્વક આયોજન કરવામાં આવ્યો. આ કાર્યક્રમને IEEE Young Professionals અને IEEE Foundation નો સહકાર તથા IEEE SPS Gujarat Chapter નો ટેક્નિકલ સપોર્ટ મળ્યો હતો. કાર્યક્રમમાં કુલ ૯૬ વિદ્યાર્થીઓ અને યંગ પ્રોફેશનલ્સે ભાગ લીધો હતો અને પ્રેરણાદાયક સ્પીકર સેશન્સ કાર્યક્રમનું મુખ્ય આકર્ષણ રહ્યા હતા। Solnce Energy ના Founder & CEO શ્રી યશ તારવાડી દ્વારા "Startup Stroies — From Vision to Venture" વિષય પર પ્રેરણાદાયક સેશન લેવામાં આવ્યું હતું, જેમાં તેમણે પોતાની ઉદ્યોગસાહસિક સફર, પડકારો અને મહત્વપૂર્ણ શિખામણો શેર કરી. Shark Tank India Season ૪ ના ભાગીદાર તરીકેનો તેમનો અનુભવ અને UN દ્વારા માન્યતા પ્રાપ્ત સ્ટાર્ટઅપ સાથેના કાર્ય દ્વારા ઉપસ્થિતોને નવી વિચારોને કાર્યમાં પરિવર્તિત કરવા પ્રેરણા મળી. Career Express Pvt. Ltd. Co-Founder સુશ્રી રચિતા રસિવાસિયા દ્વારા "Mastering Tech Hiring — From Applications to Interview Calls Decoded" વિષય પર માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. ૧૦૦૦થી વધુ વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપવાના તેમના અનુભવના આધારે તેમણે મજબૂત પ્રોફાઈલ બનાવવી, હાયરિંગ ટ્રેન્ડ્સ સમજવા અને ઈન્ટરવ્યૂમાં સફળ થવા માટેના પ્રાયોગિક માર્ગ દર્શાવ્યાા કાર્યક્રમમાં ૨૦૨૪ IEEE Vice President (MGA) શ્રી દીપક માથુર તેમજ મહેમાન વિશેષ તરીકે પ્રોફ. ચિરાગ પૌણવાલા અને પ્રોફ. મનીષા શાહની હાજરીએ કાર્યક્રમને વધુ ગૌરવ આપ્યું અને ભાગ લેનારાઓને IEEE તથા વ્યાવસાયિક વિકાસ માટે પ્રેરણા આપી. કાર્યક્રમના મુખ્ય મુદ્દાઓમાં નેટવર્કિંગનું મહત્વ, સતત કૌશલ્ય વિકાસ અને ટેક્નિકલ કારકિર્દી માટે યોગ્ય તૈયારી પર ભાર મૂકાયો હતો. સેશન દ્વારા એકેડેમિયા અને ઈન્ડસ્ટ્રી વચ્ચેનો ગેપ ઘટાડવાની જરૂરિયાત પર પ્રકાશ પાડવામાં આવ્યો, જ્યારે ઉદ્યોગસાહસિક સેગમેન્ટે ભાગ લેનારાઓને વિચારોથી આગળ વધીને કાર્ય કરવા પ્રોત્સાહિત કર્યા. સમગ્ર કાર્યક્રમ દ્વારા લીડરશિપ, એડેપ્ટેબિલિટી અને પ્રોએક્ટિવ લર્નિંગના મહત્વને ઉજાગર કરવામાં આવ્યું.આ કાર્યક્રમ દ્વારા ઉપસ્થિતોને પ્રાયોગિક જ્ઞાન, ઈન્ડસ્ટ્રી એક્સ્પોઝર અને પ્રેરણા મળી, જે તેને એક અસરકારક લર્નિંગ અને નેટવર્કિંગ અનુભવ બનાવે છે.




# યુધ્ધમાં ઈરાનમાં ફસાયેલા વલસાડ-નવસારીના ૭૨ માછીમારો વતન પરત ફર્યા

## ૭૨ માછીમારો ઈરાનથી ચેન્નાઈ એરપોર્ટ પર ઉતરી બે બસમાં વલસાડ સરકીટ હાઉસ ખાતે આવી પહોંચ્યા

વલસાડ, તા.૧૪

ઈરાન અને અમેરિકા વચ્ચે ચાલી રહેલા યુધ્ધ વચ્ચે ઈરાનમાં માછીમારી કરવા માટે ગયેલા વલસાડ અને નવસારી જિલ્લાના માછીમારો ફસાયા હતા. જેઓને ભારત સરકાર દ્વારા પરત પોતાના માદરે વતન લાવવામાં સફળતા મળતા આજે સોમવારે વલસાડ સરકીટ હાઉસ ખાતે સવારે પ્રથમ બસમાં ૩૮ અને બપોરે બીજી બસમાં ૩૪ મળી કુલ ૭૨ માછીમારો બે બસમાં આવી પહોંચ્યા હતા. રાજ્યના નાણાં, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના કેબિનેટ મંત્રીશ્રી કનુભાઈ દેસાઈ, વલસાડ ધારાસભ્યશ્રી ભરતભાઈ પટેલ અને જિલ્લા કલેકટરશ્રી ભવ્ય વર્મા અને મત્સ્યોદ્યોગ વિભાગના ઉચ્ચ અધિકારીશ્રીઓએ ઉપસ્થિત રહી હારતોરા સાથે તમામ માછીમારોનું ઉષ્માભેર સ્વાગત કર્યુ હતું. પોતાના ગામની ધરતી પર પગ મુકતાની સાથે જ તમામ માછીમારોએ ''ભારત માતા કી જય''ના નારા લગાવી પરિવારને મળવાની ખુશી વ્યક્ત કરી હતી.

રોજી રોટી માટે પોતાના વતનથી સાત સમુંદર પાર ગયેલા વલસાડ – નવસારી જિલ્લાના માછીમારો સુખરૂપે માછીમારી કરી રહ્યા હતા અને ઈરાન-અમેરિકા વચ્ચે યુધ્ધ ફાટી નીકળતા તેઓની હાલત કફોડી બની હતી. પોતાની હાલત અંગેના વીડિયો બનાવી માછીમારોએ નવસારી જિલ્લાના ધોલાઈ બંદર સ્થિત માછીમારી વ્યવસ્થાપન સમિતિ ટ્રસ્ટના હોદ્દારોને મોકલ્યા હતા તેઓએ આ બાબતે નવસારી લોકસભા બેઠકના સાંસદશ્રી અને કેન્દ્રિય જલશક્તિ મંત્રીશ્રી સી.આર.પાટીલ અને વલસાડ- ડાંગના સાંસદશ્રી – વ – લોકસભાના દંડકશ્રી ધવલભાઈ પટેલને બંને જિલ્લાના માછીમારોને પરત લાવવા માટે ધારદાર રજૂઆતો કરી હતી. જેને પગલે વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વ અને સીધા માર્ગદર્શન હેઠળ કેન્દ્રિય વિદેશ મંત્રીશ્રી એસ. જયશંકરે ઈરાન સરકાર સાથે વાટાઘાટો કરી હતી.

**અનુસંધાન પાના ૭ પર**

# સુરત શહેર પોલીસ કમિશનરનું જાહેરનામું

સુરત, તા.૧૪

તા.૧૪/૦૪/૨૦૨૬ ના રોજ ડૉ. બાબાસાહેબ આંબેડકર જન્મજંયતિની ભવ્ય ઉજવણી કરવામાં આવનાર છે. આ પ્રસંગે શહેરના વિવિધ વિસ્તારોમાંથી મોટી સંખ્યામાં લોકો રેલી સ્વરૂપે માનદરવાજા ખાતેની પ્રતિમા પાસે એકત્રિત થવાના છે. હાલમાં માનદરવાજા રિંગ રોડ પર મેટ્રો રેલનું કામ ચાલતું હોવાથી ટ્રાફિકનું ભારણ ઘટાડવા અને કાયદો-વ્યવસ્થા જળવાઈ રહે તે હેતુથી સુરત શહેરના પોલીસ કમિશનરશ્રી અનુપમસિંહ ગહલૌત દ્વારા એક જાહેરનામાં થકી ભારે વાહનો માટે પ્રતિબંધિત હુકમ જાહેર કરવામાં આવ્યો છે. જે અનુસાર ફાલસાવાડી રિંગરોડ ઓવરબ્રિજ ચઢતા વિસ્તારમાં, સરદાર માર્કેટ અને અવધ ટેક્ષટાઈલ માર્કેટ ઓવરબ્રિજ થઈ ઉધના દરવાજા સુધીના માર્ગ પર, મજુરાગેટ ઓવરબ્રિજથી માનદરવાજા રિંગ રોડ થઈ સહારા દરવાજા તેમજ સરદાર માર્કેટ સુધીના વિસ્તારમાં ભારે વાહનોના પ્રવેશ અને પાર્કિંગ પર મનાઈ ફરમાવવામાં આવી છે. વાહનચાલકોની સુવિધા માટે જાહેર કરાયેલા વૈકલ્પિક રૂટ મુજબ કડોદરા હાઈવે તરફથી આવતા ભારે વાહનો અઠવા, વેસુ કે ભટાર જવા માટે કાંગારૂ સર્કલથી ડાબે ટર્ન લઈ મહારાણા પ્રતાપથી ડીંડોલી રેલ્વે ઓવરબ્રિજ થઈ સાંઈ પોઈન્ટથી પાંડેસરા બ્રિજ ઉતરી દક્ષેશ્વર મંદિર તરફ જતા રૂટનો ઉપયોગ કરી શકશે.



**યુગ પુરુષ, ભારત રત્ન, બંધારણના ઘડવૈયા ડો.બાબા સાહેબ આંબેડકરની જન્મ જયંતિ નિમિત્તે રિંગરોડ સ્થિત બાબા સાહેબ આંબેડકરની પ્રતિમાને પુષ્પાંજલી અર્પણ કરતા સુરત શહેર ભાજપના આગેવાન અશોક ગોહીલ તસ્વીરમાં નજરે પડે છે.**

# તા.૧૬મીથી ગુજરાત એન્યુઅલ ટ્રેડ એક્સપોનું ભવ્ય આયોજન




## ગાંધીનગર ખાતે આયોજીત એક્સપોને કેન્દ્રીય ગૃહમંત્રી અમીત શાહ ખુલ્લો મુકશે

સુરત, તા.૧૪

ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી (GCCI) અત્યંત ઉત્સાહ સાથે તેની પ્રતિષ્ઠિત વાર્ષિક ટ્રેડ એક્સ્પો - GATE ૨૦૨૬ (ગુજરાત એન્યુઅલ ટ્રેડ એક્સ્પો) ની જાહેરાત કરે છે. આ ભવ્ય પ્રદર્શન ૧૬ થી ૧૮ એપ્રિલ, ૨૦૨૬ દરમિયાન સવારે ૧૦:૦૦ વાગ્યાથી હેલિપેડ એક્ઝિબિશન સેન્ટર, ગાંધીનગર ખાતે યોજાશે.

GATE ૨૦૨૫ ની અભૂતપૂર્વ સફળતા બાદ નવું સોપાન GATE ૨૦૨૬ નું આયોજન ૨૦૨૫ ના એડિશનની નોંધપાત્ર સફળતાને ધ્યાનમાં રાખીને કરવામાં આવ્યું છે, જેણે આ પ્રદેશમાં ઔદ્યોગિક વિકાસ માટે એક મજબૂત પાયો નાખ્યો હતો. GATE ૨૦૨૫ નું વર્ચ્યુઅલ ઉદ્ઘાટન માનનીય કેન્દ્રીય ગૃહમંત્રી શ્રી અમિતભાઈ શાહ દ્વારા અને પ્રત્યક્ષ ઉદ્ઘાટન ગુજરાતના માનનીય મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું. આ ઈવેન્ટમાં ૩૦૦ થી વધુ પ્રદર્શકો અને ૧૬,૦૦૦ થી વધુ ઉચ્ચ સ્તરીય બિઝનેસ મુલાકાતીઓ સહભાગી થયા હતા. ગયા વર્ષનું એડિશન MSMEs અને સ્ટાર્ટઅપ્સ માટે ઉત્તમ પ્લેટફોર્મ

**અનુસંધાન પાના ૭ પર**

# ચૈત્ર માસ દરમ્યાન ચૈત્રી હવનનુ આયોજન



સુરત, તા.૧૪

તા. ૧૧-૪-૨૬ ને રવિવારના રોજ કરવામાં આવેલ હવન નું આયોજન જેમાં ૫૭૫થી વધુ ભાવિક ભકતોએ પૂજા, હવન અને મહા પ્રસાદીનો લાભ લીધેલ. હવનમાં સુ.મો.વ. સમસ્ત પંચના પ્રમુખ ધર્મેશભાઈ તમાકુવાળા, પૂર્વ પ્રમુખ શ્રીવાસભાઈ ઘીવાળા તથા સહ ખજાનચી દીપકભાઈ અનાજવાળા તેમજ સુરત પીપલ્સ કો. ઓપ. બેંકના માજી પ્રમુખ મુકેશભાઈ ગજ્જર, અન્ય ડીરેકટર કેતન મોદી અને મહેક ગાધી ,રોહિત મહેતા સહિત અન્ય ડિરેકટરો હાજર રહી હવનનો લાભ લઈ ધન્યતા અનુભવી. ચૈત્રી હવનનુ આયોજન ટ્રસ્ટના પ્રમુખ નટવરભાઈ ભૂતવાળાના નેતૃત્વ તથા સાથી ટ્રસ્ટીઓના સાથ સહકાર દ્વારા સંપન્ન કરવામાં આવેલ.



# સમસ્ત લેઉવા પટેલ વોરા પરિવારનો ભવ્ય સ્નેહમિલન સમારોહ યોજાયો

## પરિવારના ૨૦૦૦થી વધુ સભ્યોની ઉપસ્થિતિમાં શિક્ષણ, આરોગ્ય અને સંસ્કાર સિંચન પર ભાર મૂકાયો

સુરત, તા.૧૪

સુરત તા.૧૩ એપ્રિલ:સોમવાર: સુરતના આંગણે સમસ્ત લેઉવા પટેલ વોરા પરિવારનો ભવ્ય સ્નેહમિલન સમારોહ યોજાયો હતો, જેમાં વોરા પરિવારના અંદાજે ૨૦૦૦થી વધુ સભ્યોએ ઉત્સાહભેર ભાગ લઈ સંગઠનની શક્તિનો પરિચય આપ્યો હતો.

પરિવારની સર્વાંગી પ્રગતિના ઉદ્દેશથી આયોજિત આ સમારોહમાં યુવાનોએ શિક્ષણ, આરોગ્ય, અને નોકરી-ધંધા જેવા મહત્વના વિષયો પર ગહન ચર્ચા કરી હતી અને આધુનિક યુગમાં પરિવારનો દરેક સભ્ય આર્થિક અને સામાજિક રીતે પગભર બને અને પરિવારના સભ્યોમાં એકબીજા પ્રત્યે પ્રેમ અને મુશ્કેલ સમયમાં પરસ્પર મદદ બનવા સંકલ્પબદ્ધ થયા હતા. ખાસ

**અનુસંધાન પાના ૭ પર**

# માતુ શ્રી કાશીબા ગોટી ટ્રસ્ટ દ્વારા વધુ બે શિક્ષણ ભવનોનું લોકાર્પણ

## શ્રેષ્ઠ શિક્ષણ દ્વારા રાષ્ટ્રની સાચી પ્રગતિ થઈ શકશે; આથી પહાડી. દુર્ગમ, અંતરિયાળ વિસ્તારોમાં શાળાનાં ભવનોનું નિર્માણ કરીએ છીએ : શ્રી કેશુભાઈ ગોટી

સુરત, તા.૧૪

માતુ શ્રી કાશીબા હરિભાઈ ગોટી ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા ભારતભરમાં અવિરતપણે સરસ્વતીધામ - શાળાભવનોનું નિર્માણ કરવામાં આવી રહ્યું છે. શિક્ષણ દ્વારા રાષ્ટ્રનિર્માણ અને ભારતીય સંસ્કૃતિનું સંરક્ષણ તેમજ સંવર્ધન થાય તે માટે દેશના અંતરિયાળ, પહાડી, દુર્ગમ વિસ્તારોમાં શાળાભવનો અને છાત્રાલયોનું નિર્માણ કરવામાં આવે છે. આ અભિયાન અંતર્ગત ગઈ કાલે તા.૧૨-૦૪-૨૦૨૬ ને રવિવારે મહિસાગર જિલ્લાના કુંડા ગામે શ્રી અ.નિ. રાજેશભાઈ મોહનભાઈ છેટા, અ.નિ. મોહનભાઈ વશરામભાઈ છેટા



ભવનનું અને તા.૧૩-૦૪-૨૦૨૬ ને સોમવારે રાજસ્થાનના ડુંગરપુર જિલ્લાના કનબા ગામે હરિમાલા ઉચ્ચ પ્રાથમિક વિદ્યાલયનું વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો સાથે આનંદ અને ઉલ્લાસ સાથે લોકાર્પણ કરવામાં આવ્યું. આ પ્રકલ્પો દ્વારા હજારો જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને શિક્ષણની આધુનિક સુવિધાઓ પ્રાપ્ત થશે. આ અવસરે શ્રી કેશુભાઈ ગોટીએ જણાવ્યું હતું કે, "સરસ્વતીધામ નિર્માણયજ્ઞમાં સર્વ સમાજના લોકોનો ખૂબ સહયોગ મળ્યો છે, તે બદલ હું સૌનો આભારી છું. શ્રેષ્ઠ શિક્ષણ દ્વારા રાષ્ટ્રની સાચી પ્રગતિ થઈ શકશે એવું મને સમજાયું છે, આથી પહાડી.

**અનુસંધાન પાના ૭ પર**



# ભારત રત્ન બાબાસાહેબ આંબેડકર

**બાબાસાહેબ આંબેડકર (મૂળ નામઃ ભીમરાવ રામજી આંબેડકર) (૧૪ એપ્રિલ ૧૮૯૧ – ૬ ડિસેમ્બર ૧૯૫૬) એક કાયદાશાસ્ત્રી, રાજનેતા, તત્ત્વચિંતક, નૃવંશશાસ્ત્રી, ઇતિહાસકાર અને અર્થશાસ્ત્રી તેમજ અનેક વિષયોના જ્ઞાતા હતા. તેઓ ડો. બાબાસાહેબ આંબેડકરના હુલામણા નામથી પણ જાણીતા છે. તેમણે ભારતમાં બૌદ્ધ પુનર્જાગરણ આંદોલનની શરૂઆત કરી હતી. ભારતીય બંધારણના ઘડતરમાં તેમના યોગદાનને કારણે તેઓને 'બંધારણના ઘડવૈયા' તરીકે પણ ઓળખવામાં આવે છે. તેઓ ભારતના પ્રથમ કાયદામંત્રી હતા. તેમને ૧૯૯૦માં મરણોપરાંત ભારતના સર્વોચ્ચ નાગરિક પુરસ્કાર ભારત રત્નથી નવાજવામાં આવ્યા હતા**



## બાબા સાહેબનું જન્મ અને બાળપણ

તેમનો જન્મ ૧૪મી એપ્રિલ ૧૮૯૧માં મહુ, મધ્ય પ્રદેશચરૂ (તે સમયના સેન્ટ્રલ પ્રોવિન્સ) મુકામે એક સામાન્ય અછૂત ગણાતા મહાર કુટુંબમાં થયો હતો. તેમના પિતાનું નામ રામજી માલોજી સકપાલ અને માતાનું નામ ભીમાબાઈ હતું. ભીમરાવ આંબેડકર એ રામજી સકપાલના ચૌદ સંતાનોમાંનું છેલ્લું સંતાન હતા.ચરૂ ભીમરાવના પિતા મિલિટરીમાં સુબેદારના હોદા પર હતા. લશ્કરની શાળામાં તેઓ હેડ માસ્ટર હતા. નાનપણથી જ બાળક ભીમરાવમાં માતાપિતાના સંસ્કારો ઉતર્યા. જયારે ભીમરાવ ૬ વર્ષની ઉમરના થયા ત્યારે તેમની માતા ભીમાબાઈનું અવસાન થયું.

ભીમરાવની પ્રાથમિક કેળવણીની શરૂઆત થઈ. ભીમરાવના પિતાની અટક સકપાલ હતી. તેઓ મૂળ મહારાષ્ટ્રના રત્નાગિરી જિલ્લાના અંબાવાડે ગામના વતની હતા. તેથી નિશાળમાં ભીમરાવની અટક આંબાવડેકર રાખવામાં આવેલી. પરંતુ નિશાળના એક શિક્ષક કે જે ભીમરાવને ખુબ ચાહતા હતા, તેમની અટક આંબેડકર હતી તેથી તેમણે ભીમરાવની અટક નિશાળના રજીસ્ટરમાં સુધારીને આંબાવડેકરને બદલે આંબેડકર રાખી. શરૂઆતની પ્રાથમિક કેળવણી ભીમરાવે મુશ્કેલીઓ વચ્ચે પૂરી કરી. અસ્પૃશ્યતાના કારણે તેઓએ ઘણું જ સહન કરવું પડ્યું. ભીમરાવના પિતાને મુંબઈમાં રહેવાનું થયું એટલે ભીમરાવે હાઈસ્કૂલનું શિક્ષણ મુંબઈની એલફિન્સ્ટન હાઈસ્કૂલમાં લીધું અને સને ૧૯૦૭માં મેટ્રીકની પરીક્ષા પસાર કરી.મેટ્રિક પાસ થયા પછી ભીમરાવના લગ્ન "રામી" નામની બાળા સાથે થયા. જેનું નામ ભીમરાવે પાછળથી "રમાબાઈ" રાખ્યું. ભીમરાવના કોલેજ શિક્ષણ માટે વડોદરા સ્ટેટના મહારાજા સયાજીરાવ ગાયકવાડે સ્કોલરશીપની વ્યવસ્થા કરી, અને ભીમરાવ મુંબઈની પ્રખ્યાત એલફિન્સ્ટન કોલેજમાં દાખલ થયા. ભીમરાવે ઈ.સ. ૧૯૧૨માં અંગ્રેજી મુખ્ય વિષય સાથે મુંબઈ યુનિવર્સીટીની બી.એ.ની પરીક્ષા પસાર કરી. સ્નાતક થયા પછી ભીમરાવ વધુ અભ્યાસ કરી શકે એવા એમના કુટુંબના સંજોગો રહ્યા ન હતા. વડોદરાના મહારાજા સયાજીરાવ ગાયકવાડે ભીમરાવની નિમણુક રાજ્યના લશ્કરમાં એક લશ્કરી અધિકારી તરીકે કરી. વડોદરામાં યુવાન ભીમરાવે આભડછેટનાં લીધે ખુબ જ હેરાન થવું પડ્યું. આ સમયે ૨ ફેબ્રુઆરી ૧૯૧૩ના રોજ ભીમરાવના પિતા રામજી સકપાલનું અવસાન થયું. ભીમરાવને નોકરીને તિલાંજલિ આપવી પડી. પિતાના મૃત્યુના કારણે મહત્વાકાંક્ષી ભિમરાવને ખુબજ દુઃખ થયુ.આ સમયે વડોદરાના મહારાજા શ્રી સયાજીરાવ ગાયકવાડ કેટલાક તેજસ્વી અછૂત વિદ્યાર્થીઓને પોતાના ખર્ચે, ઉચ્ચ અભ્યાસ માટે, અમેરિકા મોકલવા માંગતા હતા. ભીમરાવની એ માટે પસંદગી થઈ. ૧૯૧૩ના જુલાઈનાં ત્રીજા અઠવાડિયામાં તેઓ ન્યુયોર્ક જવા રવાના થયા. અમેરિકાની પ્રખ્યાત કોલમ્બિયા યુનિવર્સિટીમાં ભીમરાવે ખંતપૂર્વક અભ્યાસ શરુ કર્યો. અભ્યાસના પરિપાક રૂપે ભીમરાવે 'પ્રાચીન ભારતીય વ્યાપાર' વિષય ઉપર મહાનિબંધ લખી ૧૯૧૫માં કોલમ્બિયા યુનિવર્સીટીની એમ.એ.ની ઉચ્ચ પદવી પ્રાપ્ત કરી. ત્યાર બાદ સતત અભ્યાસ ચાલુ રાખી ૧૯૧૬ માં એમણે પીએચ.ડી. માટે 'બ્રિટીશ ભારતમાં મુલ્કી અર્થવ્યવસ્થાનો વિકાસ' વિષય ઉપરનો મહાનિબંધ કોલમ્બિયા યુનિવર્સીટીને રજુ કરી પીએચ.ડી.ની પદવી મેળવી.


૧૯૧૬ માં તેઓ અમેરિકાથી ઈંગ્લેન્ડ ગયા. અને લંડનમાં કાયદાનો અભ્યાસ શરુ કર્યો સાથે સાથે એમણે અર્થશાસ્ત્રનો અભ્યાસ પણ ચાલુ જ રાખ્યો. પરંતુ પ્રતિકુળ સંજોગોને અને આર્થિક તેમજ કૌટુંબિક મુશ્કેલીઓને કારણે વિદ્યાભ્યાસ છોડી તેમને ભારત પાછા ફરવું પડ્યું. ઈંગ્લેન્ડથી પાછા આવ્યા પછી તેઓ વડોદરા નોકરી માટે ગયા. મહારાજા ગાયકવાડે આંબેડકરની નિમણુક વડોદરા રાજ્યના મીલીટરી સેક્રેટરી તરીકે કરી. પરંતુ મુશ્કેલીઓ, આભડછેટ અને અપમાનોના લીધે તેઓ વડોદરામાં સ્થિર થઇ શક્યા નહિ, ફરીવાર વડોદરાને તેમણે છેલ્લી સલામ કરી વિદાઈ લીધી.

તેમના પ્રયત્નોને સફળતા મળી ૧૯૧૮માં, મુંબઈની સિડનહામ કોલેજમાં તેઓ પ્રોફેસર તરીકે જોડાયા. આર્થિક ભીસ ઓછી થવાથી અને થોડા પૈસા બચાવીને તેમજ કેટલીક રકમની મિત્રો પાસેથી વ્યવસ્થા કરીને ફરીવાર તેઓ ઈંગ્લેન્ડ ગયા, અને કાયદાનો તથા અર્થશાસ્ત્રનો અભ્યાસ ચાલુ રાખ્યો. ડૉ.આંબેડકરની ઈંગ્લેન્ડની સફર પહેલા તેમના પત્ની રમાબાઈએ ૧૯૨૦માં એક બાળકને જન્મ આપ્યો. જેનું નામ યશવંત રાખવામાં આવ્યું, બીજા બે સંતાનો થયા પરંતુ તે જીવી શક્યા નહિ. ૧૯૨૩માં તેઓ બેરિસ્ટર થયા. આજ વખતે ડૉ.આંબેડકરને તેમના મહાનિબંધ "રૂપિયાનો પ્રશ્ન" એ વિષય ઉપર લંડન યુનિવર્સીટી એ "ડૉક્ટર ઓફ સાયન્સ"ની ઉચ્ચ ડીગ્રી એનાયત કરી. લંડનમાં અભ્યાસ પૂર્ણ થવાથી તેઓ જર્મની ગયા અને ત્યાં પ્રખ્યાત બોન યુનિવર્સીટીમાં વિદ્યાભ્યાસ શરુ કર્યો. પરંતુ જર્મનીમાં તેઓ લાંબો સમય રહી શક્યા નહિ. તેમને ભારત પાછા ફરવું પડ્યું.

જૂન ૧૯૨૮ માં તેઓ મુંબઈની ગવર્મેન્ટ લો કોલેજમાં પ્રોફેસર તરીકે જોડાયા તેઓ કાયદાના અભ્યાસમાં નિપુણ હતા. તેઓ વિદ્યાર્થીઓમાં ઘણાજ પ્રિય થયા. આ સમયે "સાયમન કમિશન" ને મદદરૂપ થવા બ્રિટીશ ભારતમાં જુદી જુદી પ્રાંતીય સમિતિઓની રચના કરવામાં આવી.તા.૩ ઓગસ્ટ ૧૯૨૮ માં સરકારે તેઓને મુંબઈની કમિટીમાં નીમ્યા. મુંબઈની ધારાસભામાં અને બહાર જાહેર સભાઓમાં તેમનો અવાજ ગાજવા લાગ્યો. ૨૩ ઓક્ટોબર ૧૯૨૮ ના રોજ તેમણે "સાયમન કમિશન" સમક્ષ અછૂતોના પ્રાણપ્રશ્નો અને તેના નિરાકરણ ઉપર રજૂઆત કરી આજ સમયે તેમણે એક એજ્યુકેશન સોસાયટીની સ્થાપના કરી. મજુર ચળવળના પણ તેઓ પ્રણેતા બન્યા અને એમના હક્કો તથા સગવડો બાબતમાં ઘણાં જ પ્રયત્નો કર્યા.

## પ્રથમ ગોળમેજી પરિષદ

ભારતના ઈતિહાસમાં અન્ય અગત્યની સાલોની માફક ૧૯૩૦ ની સાલ ઘણીજ અગત્યની છે. ૧૯૩૦ માં સાયમન કમિશન નો રીપોર્ટ બહાર પડ્યો અને બ્રિટીશ સરકાર અને ભારતના રાજકીય નેતાઓની વચ્ચેની લડતની શરૂઆત થઇ પ્રાંતીય સ્વાયત્તા પ્રતિ દેશ આગળ વધે એવા ચિહ્નો જણાતા હતા. ધારાસભ્યોમાં બેઠકોની ફાળવણી બાબતમાં કોંગ્રેસ પક્ષ, મુસ્લિમ લીગ અને તેમની વચ્ચે મતભેદ રહ્યા અને એકમતી સાધી શકાઈ નહી. આ મડાગાંઠનો તોડ લાવવા બ્રિટીશ સરકારે લંડનમાં બધા જ પક્ષોના નેતાઓની એક ગોળમેજી પરિષદ બોલાવી. ૬ ડિસેમ્બર ૧૯૩૦ માં ભારતના વાઈસરોય તરફથી ગોળમેજી પરિષદમાં હાજર રહેવા તેમને આમંત્રણ મળ્યું. આ પરિષદમાં ડૉ.આંબેડકરે ભારતના અછૂતોના પ્રશ્નોની વિશદ અને તલસ્પર્શી રજૂઆત કરી તેમને ખાસ કરીને અછૂતોના રાજકીય અને સામાજિક હક્કો માટે બ્રિટીશ સરકાર પાસે બાહેધરી માંગી. તેમની રજુઆતે પરિષદના પ્રતિનિધિઓ ઉપર ઊંડી અસર કરી. તેઓ ભારત પાછા ફર્યા અને તેમના કાર્યમાં મશગુલ બની ગયા.



## લોકનેતા બન્યા

૧૪ મી ઓગસ્ટ ૧૯૩૨ ના રોજ બ્રિટીશ વડાપ્રધાને "કોમ્યુનલ એવોર્ડ" ની જાહેરાત કરી. એમાં ડૉ. આંબેડકરની માંગણીઓને ન્યાય આપવામાં આવ્યો હતો. જે ડૉ. આંબેડકરની સફળતા હતી. આ એવોર્ડના વિરોધમાં ગાંધીજીએ તા. ૨૦મી સપ્ટેમ્બરે પુના જેલમાં આમરણાંત ઉપવાસ શરુ કર્યા. આખાયે દેશનું ધ્યાન ડૉ. આંબેડકર


ઉપર કેન્દ્રિત થયું. ગાંધીજીનું જીવન ભયમાં હતું. દેશના નેતાઓ વચ્ચે મંત્રાણાઓ થઈ. ડૉ. આંબેડકરની ગાંધીજી સાથે મુલાકાત થઇ. ગાંધીજી, હિંદુ નેતાઓ અને ડૉ.આંબેડકર વચ્ચે છેવટે ૨૪ સપ્ટેમ્બર ૧૯૩૨ માં પુના કરાર થયા અને સમાધાન થયું. ગાંધીજીએ ૨૬ સપ્ટેમ્બરે ઉપવાસના પારણા કર્યા. ત્રીજી અને છેલ્લી ગોળમેજી પરિષદ ૧૭ નવેમ્બર ૧૯૩૨ માં મળી. ડૉ. આંબેડકર હવે રાજકારણના સારા એવા અનુભવી થઇ ગયા હતા. ડૉ. આંબેડકરને પ્રથમથી જ પ્રખ્યાત પુસ્તકો વાંચવાનો અને સંગ્રહ કરવાનો શોખ હતો. ડૉ. આંબેડકરે, દાદર, મુંબઈમાં રહેવા માટે અને ઘણા પુસ્તકોની વિશાળ પ્રાઈવેટ લાઈબ્રેરી ઉભી કરવા 'રાજગૃહ' નામનું સુંદર મકાન બંધાવ્યું. ડૉ. આંબેડકર હવે લોકનેતા બની ગયા હતા. તેઓ હંમેશા પ્રવૃતિમય રહેતા હતા. દલિત સમાજના કાર્યોના કારણે તેઓ તેમની પત્ની તેમજ પુત્ર ઉપર ખાસ ધ્યાન રાખી શકતા નહિ. ૧ જૂન ૧૯૩૫ માં મુંબઈની સરકારે ડૉ. આંબેડકરની નિમણુક સરકારી લો કોલેજ મુંબઈ ના પ્રિન્સીપાલ તરીકે કરી. અનેક પ્રવૃત્તિ સાથે સંકળાયેલા હોવા છતાં ડૉ. આંબેડકરે પ્રિન્સીપાલ તરીકેની ફરજો સફળ રીતે બજાવી. ઓગસ્ટ ૧૯૩૬ માં ડૉ. આંબેડકરે ઈન્ડિપેન્ડન્ટ લેબર પાર્ટી (સ્વતંત્ર મજુર પક્ષ)ની સ્થાપના કરી. ૧૯૩૭ની ચુંટણીમાં ડૉ. આંબેડકર ધારાસભામાં ચુંટાઈ આવ્યા. અને ત્યાં તેમને પ્રભુત્વ જમાવ્યું. ઓક્ટોબર ૧૯૩૯ માં નહેરુની ડૉ. આંબેડકર સાથે પ્રથમ મુલાકાત થઇ. ૧૯૪૦ માં ડૉ. આંબેડકરનું પુસ્તક "પાકિસ્તાન ઉપર વિચારો" પ્રકાશિત થયું. જુલાઈ ૧૯૪૧ માં ડૉ. આંબેડકર ભારતના વાઈસરોયની એક્ઝીક્યુટીવ કાઉન્સીલમાં પ્રતિનિધિ નિમાયા. ડૉ.આંબેડકરે સ્વબળે અને દલિત સમાજના ટેકા સાથે ઉચ્ચ હોદાઓ મેળવવા ચાલુ રાખ્યા. ૧૪મી એપ્રિલ ૧૯૪૨ માં અખિલ ભારતીય ધોરણે દલિત સમાજે ડૉ. આંબેડકરની ૫૦મી વર્ષગાંઠની ઉજવણી કરી અને તેમને અભિનંદન અને આશીર્વાદ આપ્યા. ૨૦ જુલાઈ ૧૯૪૨ માં ડૉ. આંબેડકરે ભારતના વાઈસરોયની કેબીનેટમાં લેબર મેમ્બર તરીકે નો ચાર્જ સંભાળી લીધો. સરકારના લેબર મેમ્બર તરીકે તેમણે "પીપલ્સ એજ્યુકેશન સોસાયટી"ના નેજા હેઠળ મુંબઈમાં સિદ્ધાર્થ કોલેજની શરૂઆત કરી. આમ ડૉ. આંબેડકરે જીવનના વિવિધ ક્ષેત્રો માં તેમનો નમ્ર ફાળો આપવા કોશિષ કરી. વળી ડૉ. આંબેડકરે "શુદ્રો કોણ હતા?" નામનું પુસ્તક લખ્યું અને તે પ્રકાશિત કરાવ્યું.

**ઉપર કેન્દ્રિત થયું. ગાંધીજીનું જીવન ભયમાં હતું. દેશના નેતાઓ વચ્ચે મંત્રણાઓ થઈ. ડો. આંબેડકરની ગાંધીજી સાથે મુલાકાત થઇ. ગાંધીજી, હિંદુ નેતાઓ અને ડો.આંબેડકર વચ્ચે છેવટે ૨૪ સપ્ટેમ્બર ૧૯૩૨ માં પુના કરાર થયા અને સમાધાન થયું. ગાંધીજીએ ૨૬ સપ્ટેમ્બરે ઉપવાસના પારણા કર્યા.**

## બંધારણના ઘડવૈયા

૧૯૪૬ માં વચગાળાની સરકાર રચવાનો તેમજ બંધારણસભા બોલાવી ભારતનું બંધારણ ઘડવાનો નિર્ણય લેવાયો. ડૉ. આંબેડકર ભારતની બંધારણસભામાં ચૂંટાયા. ૯ ડિસેમ્બર ૧૯૪૬માં પ્રથમવાર બંધારણસભા દિલ્હીમાં મળી. ડૉ. આંબેડકર ભારતના બંધારણના માળખા તેમજ લઘુમતી કોમના હક્કો વિશે સચોટ વિચારો વ્યક્ત કર્યા. ૨૯ એપ્રિલ ૧૯૪૭માં બંધારણ સભાએ અશ્પૃશ્યતાને કાયદા દ્વારા ભારતભરમાંથી નાબુદ થયેલી જાહેર કરી. ભારતના ભાગલા પછી ભારત-પાકિસ્તાન અલગ દેશો અસ્તિત્વમાં આવ્યા અને ૩ ઓગસ્ટ ૧૯૪૭ માં ભારતની વચગાળાની સરકાર રચાઈ. ભારતની વચગાળાની સરકારમાં ડૉ. આંબેડકર ભારતના પ્રથમ કાયદા પ્રધાન બન્યા. ૨૯ ઓગસ્ટે ડૉ. આંબેડકરની ભારતના બંધારણીય ડ્રાફટીગ કમિટીના પ્રમુખ તરીકે વરણી થઈ. અનેક મુશ્કેલીઓ અને નાદુરસ્ત તબિયત વચ્ચે પણ ડૉ. આંબેડકર અને બંધારણ સમિતિએ ફેબ્રુઆરી ૧૯૪૮ના છેલા અઠવાડીયામાં ભારતનાં બંધારણની કાચી નકલ તૈયાર કરી અને બંધારણ સભાના પ્રમુખ ડૉ. રાજેન્દ્ર પ્રસાદને સુપ્રત કરી. ડૉ. આંબેડકરે ૧૫ એપ્રિલ ૧૯૪૮માં ડૉ. શારદા કબીર સાથે લગ્ન કર્યા. પત્ની ડોક્ટર હોવાથી તેમની બગડેલી તબિયતમાં ઘણો સુધારો આવ્યો અને તેમનું કાર્ય ફરીથી ચાલુ કર્યું. ભારતના બંધારણના કાચા મુસદ્દાને દેશના લોકોની જાણ માટે અને તેઓના પ્રત્યાઘાતો જાણવા માટે ૬ માસ સુધી જાહેરમાં મૂકવામાં આવ્યો. ૪ નવેમ્બેર ૧૯૪૮ના રોજ ડૉ. આંબેડકરે ભારતના બંધારણને બંધારણસભાની બહાલી માટે રજુ કર્યું. મુખ્યત્વે બંધારણમાં ૩૧૫ કલમો અને ૮ પરિશિષ્ટ હતા. ૨૬ નવેમ્બર ૧૯૪૯ના રોજ ભારતની બંધારણ સભાએ દેશનું બંધારણ પસાર કર્યું. આ વખતે બંધારણ સભાના પ્રતિનિધિઓ તેમજ ડૉ. રાજેન્દ્ર પ્રસાદે ડૉ. આંબેડકરની સેવા અને કાર્યના મુક્ત કંઠે વખાણ કર્યા. ૨૬ જાન્યુઆરી, ૧૯૫૦થી ભારતનું બંધારણ અમલમાં આવ્યું અને દેશ પ્રજાસતાક બન્યો.

# શનિવારથી પાલીતાણામાં પૂ.મોરારિબાપુના શ્રીમુખેથી ગુંજશે રામનામનું ગાન



### કથાની તૈયારીઓને અપાઈ રહેલો આખરી ઓપ

વેળાવદર (તખુભાઈ સાંડસુર દ્વારા)

પૂ.મોરારીબાપુના શ્રીમુખેથી રામનામનું કથાગાન સાંભળવું એ હવે સૌભાગ્યનો વિષય બની ગયો છે.કારણ કે બાપુની કથાઓ અને તેનો ક્રમ દેશ-વિદેશમાં અનેક રીતે ભરપૂર અને પ્રચુર રહેતો હોય છે ત્યારે પોતાના પૈત્રિક વતનમાં કથાગાન કરવાનું મનસુબો પણ પૂરો થઈ શકતો નથી.પરંતુ આ અવસર હવે આગામી ૧૮ એપ્રિલથી પાલીતાણા આંગણે ઉજવાવા અજવાસ પાથરી રહ્યો છે.કથાનુ સમાપન તા ૨૬/૦૪/૨૬ ના થશે.


સમગ્ર ભારતના નકશામાં જૈન તીર્થસ્થાન તરીકે જેનું આગવું અને પવિત્ર નામ છે તેવા તીર્થભૂમિ પાલીતાણાના આંગણે પૂ. મોરારિબાપુ રામ ચરિત માનસની વ્યાસપીઠ લઈને ૪૮ વર્ષ પછી ફરી પધારી રહ્યાં છે. આ અગાઉ સને ૧૯૭૭ અને સને ૧૯૭૪ માં પૂ. મોરારિબાપુના વ્યાસાસને રામકથાનું ગાન થઈ ચૂક્યું છે?. એટલે કે આ ભૂમિ પર બાપુની કથાનો ક્રમ ત્રીજો છે.પરંતુ કથાના કુલ ક્રમમાં આ કથા હવે ૯૭૬ મી રામકથા શનિવારથી પાલીતાણા તીર્થભૂમિ ખાતે સગાપરા ધાર ખાતે કૈલાસ ટેકરી અને જડેશ્વર મહાદેવની નિશ્રામાં પૂ. લાલગીરી બાપુની પાવન સંનિધ્ધિમાં ગુંજી ઉઠશે.

પાલીતાણાથી ચાર કિલોમીટર દૂર સ્વયંભુ જડેશ્વર મહાદેવના પ્રાંગણમાં કથાનું ગાન થવાનું છે. કથાની સાથે અનેક પ્રકારના સેવા સંકલ્પો પણ જોડાઈ ગયાં છે.જેમાં ૧૩ કરોડ રામનામનું લેખન,રામ રથયાત્રાઓ અને પાલખીયાત્રાઓ, સાધુ સંતોને પ્રસાદ કીટ અને રામવાટિકાઓથી વૃક્ષારોપણનો સમાવેશ છે.હનુમાનજી મંદિર અને ગણેશ મંદિરની પ્રાણપ્રતિષ્ઠા પણ યોજાશે. કથાના યજમાન પૂ.શ્રી લાલગીરીબાપુ ગુરુ શ્રી વિજયગીરીબાપુ અને તેનો સમગ્ર સેવકગણ આ કથાની સફળતા માટે દિન રાત પ્રયત્નો કરી રહ્યો છે.કથા દરમિયાન પૂ.જગતગુરુ શંકરાચાર્ય સદાનંદ સરસ્વતીજી શ્રી શરણાનંદજી,શ્રી સચ્ચિદાનંદ સરસ્વતીજી,શ્રી શેરનાથ બાપુ,શ્રી અવધેશાનંદગીરીજી અને શ્રી જૈન મુનિ લોકેશનજી જેવા રાષ્ટ્રીય કક્ષાએ અગ્રણી ભૂમિકા ભજવતા સંતો પણ આ કથા દરમિયાન ઉપસ્થિત રહેશે.

આ કથાની એક બીજી વિશેષતા એ છે કે પૂ.મોરારીબાપુનુ કથાનિવાસ્થાન ત્યાંથી ૩૬ કીમી દૂર કદમગીરીની પર્વતમાળામાં રહેવાનું છે. બાપુ નિવાસ્થાનથી કથા સ્થળ સુધી આવન જાવન કરવા માટે હેલિકોપ્ટરનો ઉપયોગ કરવાના છે. તે કદાચ પહેલી વખત આવું આયોજન થઈ રહ્યું છે.

કથાનું શિર્ષક ઘણાં સમય પહેલાં સુનિશ્ચિત થઈ ચૂક્યું છે તે છે" માનસ નવકાર મંત્ર".પરંતુ આ નવ મંત્રો હિન્દુ ધર્મના છે. હરિ ઓમ, કૃષ્ણ શરણમ મમ, ઓમ નમઃ શિવાય વગેરેના વિચાર ગર્ભની ચર્ચા અને સંવાદ સનાતન ધર્મના સંદર્ભમાં થશે.

કથા આયોજન સમિતિના તમામ સદસ્યો અને આજુબાજુના ગામોના મંડળો દિન રાત આયોજનને સફળ કરવા માટે પોતાનો પ્રસંગ સમજીને તનતોડ મહેનત કરી રહ્યા છે.



તંત્રી લેખ...

મંગળવાર, તા. ૧૪ એપ્રિલ ૨૦૨૬

# હૃદયરોગની સમસ્યા

દર વર્ષે હૃદયરોગથી ૨૮.૬ લાખ લોકોનાં મૃત્યુ થાય છે અને વિશ્વભરમાં હાર્ટએટેકથી થતાં મૃત્યુમાંથી વીસ ટકા ભારતમાં થાય છે. વળી, છેલ્લા એકાદ દાયકામાં કોઈ પણ જાતનાં પૂર્વલક્ષણો વિના એકાએક આવતા હાર્ટએટેકનું પ્રમાણ વધ્યું છે. આ ચોંકાવનારાં તથ્યો સાથે હાલમાં જ આવેલા એક અભ્યાસનો અહેવાલ ચિંતા વધારનારો છે. હૃદયનાં સ્વાસ્થ્ય સંબંધી વિવિધ ટેસ્ટ્સમાં જેઓ જોખમ મુક્ત હોવાનું તારણ નીકળ્યું હતું એવા એંસી ટકા લોકોને હૃદયરોગનો હુમલો આવ્યો હતો. જેઓનું હાઈ રિસ્ક નથી એવું તારણ ટેસ્ટ રિપોર્ટસમાં આવ્યું એવા લોકોને પહેલો હાર્ટએટેક આવ્યાનું આવું ઉચ્ચ પ્રમાણ જોતાં પાશ્ચાત્ય પરીક્ષણ પદ્ધતિઓ અને સાધનો ભારતીયોમાં હૃદય સંબંધી સમસ્યા હોવાનું પૂર્વાનુમાન કરવામાં નિષ્ફળ રહ્યાં છે. પાંચ હજારથી વધુ દરદીઓના ટેસ્ટ રિપોર્ટસના વિશ્લેષણને પગલે આ ચિંતાજનક તારણ સામે આવ્યું છે. આ ટેસ્ટ્સના રિપોર્ટસના આધારે તબીબો પ્રતિબંધાત્મક સારવાર અંગે માર્ગદર્શન આપતા હોય છે. પશ્ચિમી ટેસ્ટ પદ્ધતિઓ વ્યક્તિની વય અને એલડીએલ કોલેસ્ટેરોલ આ બે પાસાં પર મોટાપાયે મદાર રાખે છે. સંશોધકોના મતે ભારતીયો દક્ષિણ એશિયન ફેનોટાઈપથી અલગ વર્તણૂક ધરાવે છે, જ્યાં મોટા ભાગે હૃદય સંબંધી જોખમ વહેલું ઉદ્ભવે છે અને એ પણ વ્યક્તિનું વજન વધુ ન હોવા છતાં ડાયાબિટીસ અને ઈન્સ્યુલિન રેઝિસ્ટન્સ હોવાને કારણે. પશ્ચિમી ધારાધોરણો કે મોડેલ પ્રમાણેની વૈશ્વિક ટેસ્ટ્સ ભારતીયોમાં ખરા જોખમનું આકલન કરી વહેલી ચેતવણી આપવામાં નિષ્ફળ નીવડી રહી છે. ભારતમાં હૃદયરોગ સાયલન્ટ કિલર બની રહ્યો છે. કેમ કે, એક તો પ્રતિબંધાત્મક પગલાં, વહેલું નિદાન અને લાંબા ગાળાની સંભાળ તથા સારવારમાં અનેક ગાબડાં છે. સ્થિતિ એટલી ગંભીર છે કે, દસમાંથી એક પુખ્ત વયની વ્યક્તિમાં હૃદય સંબંધી બીમારી હોવાનું જોવા મળે છે. વહેલું નિદાન ન થઈ શકવાનું એક મહત્ત્વનું કારણ હાલમાં જ હાથ ધરવામાં આવેલા એક અભ્યાસમાં સામે આવ્યું છે. વ્યક્તિને હૃદયરોગનું જોખમ છે કે નહીં, એવા તારણ પર આવવા માટે હાલ ઉપલબ્ધ ટેસ્ટ્સ અને મોડેલ દ્વારા માત્ર ૧૧થી ૨૦ ટકા લોકો હાઈ-રિસ્ક ધરાવતા આગાહી કરી શકાઈ હતી. પશ્ચિમના દેશોની વસ્તીને ધ્યાનમાં રાખી બનાવવામાં આવેલી આ ટેસ્ટ્સ ભારતમાં રિસ્ક ફેક્ટરનું આકલન કરવામાં નિષ્ફળ જઈ રહી છે, એમાં મુખ્ય પરિબળ એ છે કે વેસ્ટર્ન કન્ટ્રીઝમાં હાર્ટએટેકનું જોખમ ભારતની સરખામણીમાં મોટી વયે ઉદ્ભવે છે. ભારતમાં હૃદય સંબંધી સમસ્યા નાની વયે જોવા મળે છે અને તેની વર્તણૂક પણ અલગ છે. આ અભ્યાસ મુજબ, હૃદયરોગનો હુમલો આવવાની સરેરાશ વય ૫૪ વર્ષ જોવા મળી છે. વધુ પડતું વજન હૃદયરોગનું કારણ બને છે એવી ધારણા છે, પણ ભારતમાં તો સ્થૂળ ન હોય એવા લોકોમાં પણ હાર્ટએટેકનું પ્રમાણ વધુ જોવા મળે છે. ધૂમ્રપાન, માનસિક-સામાજિક તાણ સાથે ડાયાબિટીસ તથા ઊંઘનો અભાવ જેવાં કારણોને પગલે પણ લોકોમાં આ સમસ્યા વકરે છે. ભારતીયોમાં બોડી માસ ઈન્ડેક્સ (બીએમઆઇ) નીચો હોવા છતાં શારીરિક ચરબીની ટકાવારી વધુ જોવા મળે છે અને આનું મુખ્ય કારણ આપણી જીવનશૈલી છે. સમય આવી ગયો છે કે, ભારતીય જેનેટિક્સ, પોષણ અને પર્યાવરણ સંબંધી પરિબળો ધ્યાનમાં લઈ પરીક્ષણો અને તેના રિપોર્ટિંગના પેરામીટર્સ નક્કી કરાય.

**ભારતમાં હૃદયરોગ સાયલન્ટ કિલર બની રહ્યો છે. કેમ કે, એક તો પ્રતિબંધાત્મક પગલાં, વહેલું નિદાન અને લાંબા ગાળાની સંભાળ તથા સારવારમાં અનેક ગાબડાં છે. સ્થિતિ એટલી ગંભીર છે કે, દસમાંથી એક પુખ્ત વયની વ્યક્તિમાં હૃદય સંબંધી બીમારી હોવાનું જોવા મળે છે.**

# આશા તાઇની વિદાય, પણ તેમનો અવાજ અમર રહેશે

'આશા અમર છે' એવી ઉક્તિ દેશના અનેક માધ્યમોના સમાચારની હેડલાઈન બની, વૈવિધ્યસભર ગીતોના ગાનાર વિખ્યાત ગાયિકા આશા ભોંસલેએ ૯૨ વર્ષની વયે અંતિમ શ્વાસ લીધા. હિન્દી સિનેમા ક્ષેત્રનો એક અલાયદો, અલ્લડ અવાજ કાળના પ્રવાહમાં વિલીન થઈ ગયો. 'તેમના ગીતો થકી તેઓ અમર રહેશે' એ શ્રદ્ધાંજલિમાં બોલાતું-લખાતું સાધારણ વિધાન છે, વાસ્તવ તો એ છે કે, તેઓ આપણી વચ્ચે નથી. તેમણે ગાયેલાં ગીતો વર્ષો સુધી કાન અને મનમાં ગૂંજશે તે એટલું જ સાચું છે. એક કલાકારની સિદ્ધિ-સફળતા કરતાં પણ આશા ભોંસલેના જીવનને જોઈએ તો એક વ્યક્તિની સંઘર્ષમય સાર્થકતા વધારે ઉલ્લેખનીય બને છે. ૧૯૩૩ની આઠમી સપ્ટેમ્બરે મહારાષ્ટ્રમાં પંડિત દીનાનાથ મંગેશકરના સાંગીતિક પરિવારમાં જન્મેલા આશા મોટી બહેન લતા, ભાઈ હૃદયનાથની જેમ સંગીતના સંસ્કાર ન પામે તો જ નવાઈ. લતાજી તો ફિલ્મસંગીત ક્ષેત્રે એક દંતકથાનો દરજ્જો પામ્યાં છે. આશાએ તેમનો પોતાનો માર્ગ લીધો અને શિખર સિદ્ધ કર્યું એટલું નહીં કેટલાક સંદર્ભે તો શિખર સ્થાપ્યાં એમ કહેવામાં અતિરેક નથી. પારાવાર આર્થિક સંઘર્ષ, સામાજિક પડકારોથી તેમનું જીવન ભર્યું હતું. ભાઈ-બહેનો નાના હતા ત્યારે જ પિતા વિદાય લઈ ગયેલા. મુંબઈ પહોંચીને બધાએ પોતાની કારકિર્દીનો માર્ગ પોતે જ બનાવ્યો. નિયતિને આશાના માર્ગમાં અન્ય પડકારો પણ મૂકવા હશે. ૧૩ વર્ષની વયે તેમણે પ્રથમ લગ્ન કર્યાં અને તે પણ પરિવારમાં કોઈને જાણ કર્યા વગર. તે પછીનો તેમનો સંઘર્ષ જાણીતો છે. આશા, ગણપતરાવ ભોંસલેથી છૂટ્ટા પડયા તે પછી પણ તેમણે કાયમ પોતાની એ જ ઓળખ-અટક જાળવી. બોલીવૂડ કહેવાતા હિન્દી સિનેમા ક્ષેત્રના પાર્શ્વ ગાયનને જો કે, તેમણે અલાયદી ઓળખ આપી. તેમણે જ્યારે પાર્શ્વગાયન ક્ષેત્રે પગરણ કર્યાં ત્યારે રાજકુમારી, સુરૈયા, જોહરાબાઈ અંબાલેવાલી, શમશાદ બેગમ, ગીતા દત્ત અને લતા મંગેશકર જેવા મહાન સ્વર ગૂંજતા હતા. આ તમામની ઉપસ્થિતિમાં આશાએ પોતાના ગાયનની ઉપસ્થિતિને પ્રાસંગિક બનાવ્યું, તેઓ પોતે પાર્શ્વગાયનનું એક વ્યાકરણ બનતાં ગયાં. આઈએ મહેરબાં (હાવડાબ્રિજ) મુડ મુડ કે ન દેખ (શ્રી ૪૨૦) જેવાં ગીતો છે જે લતાજીની ગાયકીની સાદગી અને શમશાદ બેગમના ગાયનના અણિયાળાપણાની વચ્ચે છે. આશાજીના ગાયનનો વિશેષ કહો કે, તેમને કુદરત તરફથી મળેલી ભેટ, તેમના અવાજે ૬૦ના દશકમાં તો એક જાદુ સર્જ્યો હતો. સંગીતકાર ઓમપ્રકાશ નય્યર અને આશા ભોંસલેએ હિન્દી સિનેમામાં જે ગીતો આપ્યાં તે આજની પેઢી સુધી ગવાતાં-સંભળાતાં આવ્યાં. ૧૯૫૪થી તેમણે સાથે કામ કરવાનું શરૂ કર્યું, પરંતુ દિલીપકુમાર અભિનિત 'નયા દોર' અને તેમાં પણ 'માંગ કે સાથ તુમ્હારા' ગીતથી એક અલગ આભા ઊભી થઈ. તેમના અવાજમાં પ્રેમ, પ્રતીક્ષા, વિરહ, મિલન, બહલાવ એવા બધા ભાવ હતા. ઓ.પી. નય્યર, ખય્યામ અને આર.ડી. બર્મને આશાજીના અવાજની ખૂબીઓનો ભરપૂર સદુપયોગ કર્યો. ભારતીય ફિલ્મસંગીતનું મૂલ્યાંકન થશે, ત્યારે 'આશા-નય્યર યુગ' તરીકે એક સમયને ઓળખવો યથોચિત ગણાશે. 'ઉમરાવજાન' ફિલ્મમાં ખય્યામે પણ આશા ભોંસલેની ગાયનકળાના તમામ પાસાં ખોલી આપ્યાં. આશા ભોંસલેએ ગુજરાતી ફિલ્મોમાં પણ દિલીપ ધોળકિયા, અવિનાશ વ્યાસ, પુરુષોત્તમ ઉપાધ્યાય, ગૌરાંગ વ્યાસના સ્વરાંકનો ગાયાં. ગુજરાતી સિનેમા ક્ષેત્રે પણ તેમનું નોંધપાત્ર યોગદાન છે. આશા ભોંસલેની વિદાય વખતે 'દિલ અભી ભરા નહીં...' કહેવાનું તો યોગ્ય છે, પરંતુ અગત્યનું એ છે કે, સંઘર્ષ, પ્રતિકૂળતા, પડકારોની વચ્ચે પણ તેઓ અને તેમનો પરિવાર સતત કળાયાત્રા કરતો રહ્યો, તે જોતાં આ આશા અમર રહેશે.

**ફ્રાન્સની સરકારે ડિજિટલ ક્ષેત્રે ફ્રાન્સના સાર્વભૌમત્વ બનાવવા માટે આ નિર્ણય લીધો હોવાનું સત્તાવાર રીતે કહ્યું છે.**

# ફ્રાન્સની જેમ ભારત પણ ડિજિટલી આત્મનિર્ભર બની શકે

## ટ્રમ્પે યુક્રેન યુદ્ધના મામલે અલગ વલણ લીધું તેના કારણે આ નારાજગી વધી

અમેરિકા-ઈરાનના યુદ્ધના કકળાટમાં એક બહુ મહત્ત્વના અને દુનિયાના રાજકારણનાં સમીકરણો બદલી નાખે એવી ફ્રાન્સ સરકારની જાહેરાત તરફ બહુ લોકોનું ધ્યાન ગયું નથી. ફ્રાન્સ સરકારે જાહેરાત કરી છે કે,ફ્રાન્સમાં તમામ સરકારી વર્કસ્ટેશન્સ એટલે કે સરકારી ઓફિસનાં કોમ્પ્યુટરમાં થી બિલ ગેટ્સે સ્થાપેલી માઈક્રોસોફ્ટ કંપનીની ઓપરેટિંગ સિસ્ટમ વિન્ડોઝ દૂર કરાશે. હવે પછી ફ્રાન્સનાં સરકારી કોમ્પ્યુટર્સ વિન્ડોઝના તેના બદલે લિનક્સ ઓપરેટિંગ સિસ્ટમથી ચાલશે.

અમેરિકન કંપની માઈક્રોસોફ્ટની વિન્ડોઝને તિલાંજલિ આપીને ઓપન-સોર્સ ઓપરેટિંગ સિસ્ટમ (ઓએસ) લિનક્સ પર જવાના ફ્રાન્સના નિર્ણયે યુરોપ અને અમેરિકા બંનેમાં ખળભળાટ મચાવી દીધો છે. આ પહેલાં જાન્યુઆરીમાં ફ્રેન્ચ સરકારે વીડિઓ કોન્ફરન્સિંગ માટે ઝૂમ અને માઈક્રોસોફ્ટ ટીમ્સનો ઉપયોગ બંધ કરવાનું એલાન કરેલું. તેના બદલે ફ્રાન્સમાં બનેલા વિઝિયોનો ઉપયોગ કરવાનો નિર્ણય લેવાયો હતો. વિઝિયો ઓપન સોર્સ એન્ડ-ટુ-એન્ડ એન્ક્રિપ્ટેડ વીડિયો મીટિંગ ટૂલ જીત્સી પર આધારિત છે.

ફ્રાન્સના વડા પ્રધાન સેબેસ્ટિયન લેકોર્નુએ એ વખતે જ જાહેરાત કરેલી કે, ફ્રાન્સ બિન-યુરોપિયન સપ્લાયર્સ પર નિર્ભરતા ઘટાડશે અને બહારની ટેકનોલોજીના બદલે યુરોપની ટેકનોલોજીનો જ ઉપયોગ કરશે, લેકોર્નુએ એ વખતે જ તમામ સરકારી વિભાગો સાથે સંકલન માટે સરકારી એજન્સીને જવાબદારી પણ સોંપી દીધેલી. ફ્રાન્સમાં સપ્ટેમ્બરથી નવેમ્બરનો ગાળો પાનખર (ઓટમ) ઋતુનો હોય છે.

લેકોર્નુએ તમામ વિભાગોને સપ્ટેમ્બર સુધીમાં વર્કસ્ટેશન્સ એટલે કે કોમ્પ્યુટરો, કોમ્પ્યુટરો માટેનાં સર્વર સહિતનાં ઈક્વિપમેન્ટ્સ, એન્ટિવાયરસ સોફ્ટવેર, આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (એઆઈ), ડેટાબેઝ, વર્ચ્યુઅલાઈઝેશન અને નેટવર્ક ઈક્વિપમેન્ટમાંથી બિન-યુરોપીયન એટલે કે અમેરિકન ટેક કંપનીઓની બાદબાદી કઈ રીતે કરી શકાય એ માટેનો અસરકારક પ્લાન અમલી બનાવવા માટે પણ કહી દીધેલું, વિન્ડોઝની વિદાય એ દિશામાં પહેલું કદમ છે.

ફ્રેન્ચ સરકારની જાહેરાત પ્રમાણે ઈન્ટરમિનિસ્ટરિયલ ડિરેક્ટોરેટ ફોર ડિજિટલ અફેર્સ (ડીઆઈએનયુએમ)નાં કમ્પ્યુટર્સથી વિન્ડોઝને વિદાય આપવાની શરૂઆત થશે. એ પછી ફ્રાન્સના ડિરેક્ટોરેટ જનરલ ફોર એન્ટરપ્રાઇઝ (ડીજીઈ), નેશનલ સાયબર સિક્યુરિટી એજન્સી ઓફ ફ્રાન્સ (એએનએસએસઆઈ) અને સ્ટેટ પ્રોક્યોરમેન્ટ ડિરેક્ટોરેટ (ડીએઈ)નાં કોમ્પ્યુટર્સમાંથી પણ વિન્ડોઝને વિદાય કરીને લિનક્સ ઓપરેટિંગ સિસ્ટમ આવી જશે. લગભગ એક મહિનાના ગાળામાં જ આ પ્રક્રિયા પૂરી કરી લેવાશે એવું કહેવાશે. કેટલા સમયમાં આ પ્રક્રિયા પૂરી થશે એ મહત્ત્વનું નથી. મહત્ત્વની વાત એ છે કે, ફ્રાન્સે વિન્ડોઝને વિદાય કરવાની શરૂઆત કરી છે તેથી મહિનો નહીં તો બે મહિના ને બે મહિના નહીં તો બાર મહિનામાં તો ફ્રાન્સ વિન્ડોઝથી મુક્ત થઈને આત્મનિર્ભર બનશે. ફ્રાન્સના સરકારી કામકાજમાં લગભગ ૭૦ ટકા કોમ્પ્યુટર્સ આ વિભાગોનાં છે તેથી એક વરસમાં તો ફ્રાન્સનાં મોટા ભાગનાં સરકારી કોમ્પ્યુટર્સ વિન્ડોઝમુક્ત થઈ જશે.

ફ્રાન્સની સરકારે ડિજિટલ ક્ષેત્રે ફ્રાન્સના સાર્વભૌમત્વ બનાવવા માટે આ નિર્ણય લીધો હોવાનું સત્તાવાર રીતે કહ્યું છે. ફ્રેન્ચ મંત્રી ડેવિડ એમિલે સાફ શબ્દોમાં કહ્યું છે કે, આ પહેલનો હેતુ યુએસ ટેક કંપનીઓ પરનો મદાર ઘટાડીને પોતાના ડેટા અને ડિજિટલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર પર ફ્રાન્સ સરકારનો સંપૂર્ણ અધિકાર સ્થાપિત કરવાનો છે. મતલબ કે, ફ્રાન્સ હવે અમેરિકાની ચુંગાલમાંથી મુક્ત થઈને ડિજિટલી આત્મનિર્ભર બનવા માગે છે.

ફ્રેન્ચ સરકારે સારા શબ્દોમાં યુએસ ટેક કંપનીઓથી મુક્ત થવાનું કહ્યું પણ ફ્રાન્સનો નિર્ણય અમેરિકાની વધતી દાદાગીરી અને ખાસ તો ડોનલ્ડ ટ્રમ્પન જોહુકમીનું પરિણામ છે એ કહેવાની જરૂર નથી. ટ્રમ્પે બીજી વાર પ્રમુખ બન્યા પછી ફરી અમેરિકાને દુનિયાનો સૌથી તાકાતવર દેશ બનાવવાના નામે અમેરિકા ફર્સ્ટનું તૂત શરૂ કર્યું છે. આ તૂત હેઠળ ટ્રમ્પે દુનિયાભરના દેશો પર ટેરિફ લાદી દીધા.

યુરોપીયન દેશો વરસોથી અમેરિકાના સાથી છે અને અમેરિકન કંપનીઓ યુરોપમાંથી અબજોનો ધંધો કરે છે છતાં ટ્રમ્પે તેમને પણ લપેટમાં લઈ લીધા તેના કારણે ફ્રાન્સ સહિતના દેશો નારાજ હતા જ. એ વખતે જ તેમને સમજાઈ ગયેલું કે, અમેરિકા પોતાનો જ સ્વાર્થ જુએ છે તેથી યુરોપીયન યુનિયનને પોતાનાં હિત જાળવવા અમેરિકા પરની નિર્ભરતા ઘટાડવી જરૂરી છે. આ નિર્ભરતા ઘટાડવા માટે જ યુરોપીયન યુનિયને ભારત સહિતના દેશો સાથે ફ્રી ટ્રેડ એગ્રીમેન્ટ કર્યા છે.

ટ્રમ્પે યુક્રેન યુદ્ધના મામલે અલગ વલણ લીધું તેના કારણે આ નારાજગી વધી અને હવે અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે મનમાની કરીને એકતરફી રીતે ઈરાન પર હુમલો કરી નાખ્યો તેના કારણે યુરોપીયન દેશો બિલકુલ ખફા છે. અમેરિકા અને યુરોપના દેશોના બનેલા લશ્કરી સંગઠન નાટોએ ટ્રમ્પના દુસ્સાહસમાં જોડાવાનો ઈન્કાર કરીને ઈરાન સામેના અમેરિકાનાં યુદ્ધમાં કોઈ પણ પ્રકારની મદદ કરવાની પણ ઘસીને ના પાડી દીધેલી એ આ નારાજગીનું જ પરિણામ છે. હવે અમેરિકન ટેક કંપનીઓને વિદાય કરવાનો તખ્તો ગોઠવાઈ રહ્યો છે. શરૂઆત ફ્રાન્સે કરી છે ને હવે પછી જર્મની સહિતના દેશો તેને અનુસરશે તેથી અમેરિકા માટે યુરોપમાં વર્ચસ્વ જાળવવું મુશ્કેલ બનશે. ફ્રાન્સે લીધેલો નિર્ણય બહાદુરીભર્યો છે અને ભારત પણ ફ્રાન્સના રસ્તે ચાલીને ડિજિટલી આત્મનિર્ભર બની શકે છે. ફ્રાન્સે તો પોતાની ઓપરેટિંગ સિસ્ટમ નથી વિકસાવી પણ ભારત તો પોતાની ઓપરેટિંગ સિસ્ટમ પણ વિકસાવી શકે છે કેમ કે લિનક્સ યુનિક્સ આધારિત ઓપન સોર્સ ઓપરેટિંગ સિસ્ટમ છે. મતલબ કે, તેનો ઉપયોગ કરીને કોઈ પણ વ્યક્તિ કંઈ પણ વિકસાવી શકે છે, તેના માટે કોઈ પેટન્ટ ફી ચૂકવવાની નથી. ચીને લિનક્સનો લાભ લઈને પોતાની ઓપરેટિંગ સિસ્ટમ વિકસાવી જ છે. ૨૦૨૩માં ચીને લિનક્સ પર આધારિત પોતાની પહેલી સ્વદેશી ઓપન-સોર્સ ડેસ્કટોપ ઓપરેટિંગ સિસ્ટમ ઓપનકાયલિન બનાવી હતી. ચીને લગભગ ૪૦૦૦ ડેવલપર્સની મદદથી ઓપનકાયલિન બનાવી છે. અત્યારે ઓપનકાયલિનનો ઉપયોગ ચીન પોતાના સ્પેસ પ્રોગ્રામ, ફાયનાન્સ અને એનર્જી સહિતનાં સેક્ટરમાં કરે જ છે, ચીન ધીરે ધીરે અમેરિકન કંપનીઓ પરની નિર્ભરતા છોડીને પોતાના પ્લેટફોર્મ પર સ્વિચઓવર થઈ જ રહ્યું છે ને ભવિષ્યમાં સંપૂર્ણ મુક્ત થઈ જશે. માઈક્રોસોફ્ટે જબરદસ્ત માર્કેટિંગ કરીને વિન્ડોઝની મોનોપોલી ઊભી કરી, બાકી લિનક્સ તેના કરતાં બહેતર જ છે. તેનો પુરાવો એ કે, આઈફોન બનાવતી એપલની સૌથી મોટી શોધ મનાતી મેક ઓપરેટિંગ સિસ્ટમ યુનિક્સ-આધારિત ઓપરેટિંગ સિસ્ટમ છે. સ્ટીવ જોબ્સે મેકને આર્ટિસ્ટ્સના કોમ્પ્યુટર તરીકે બનાવેલું તેથી તેમાં અદભૂત ગ્રાફિકલ યુઝર ઈન્ટરફેસ (જીયુઆઈ) છે. છેક ૧૯૮૩માં બનાવેલી આ ઓપરેટિંગ સિસ્ટમ આજે પણ યુનિક મનાય છે.

**અંતે તો બધું આત્માની 'વાસ્તવિક ધારણા' પર આવીને જ અટકે છે.**

# પૂર્ણતા એ જ અંતિમ લક્ષ્ય

■ **પોતાના સાચાં સ્વરૂપનું જાણ થવાથી જગત અને સૃષ્ટિ સાથેનાં સંબંધનું તત્કાલ વિચ્છેદન નથી થઈ જતું. પૂર્ણતાની અનુભૂતિ થતાં પ્રકૃતિની વ્યવસ્થા માટે તાત્કાલિક વિરોધ સ્થાપિત નથી થતો.**

સફેદમાંથી હંમેશાં સફેદનું સર્જન થાય અને મીઠાશમાંથી મીઠાશ જન્મે. સફેદમાંથી સફેદ સિવાયનો અન્ય રંગ ઉદ્ભવે ત્યારે માની લેવું કે સફેદ ઉપરાંતનો રંગ પણ સર્જનમાં સામેલ છે. જે મૂળ તત્ત્વ છે તેને અનુસારનું સર્જનનું બંધારણ હોય. આ તર્ક પ્રમાણે સમગ્ર સૃષ્ટિનું સર્જન પૂર્ણ બ્રહ્મમાંથી થયું હોવાથી સંપૂર્ણ સૃષ્ટિ પૂર્ણ હોવી જ જોઈએ, પણ આમ જણાતું નથી. સૃષ્ટિની પૂર્ણતા જાણમાં ન આવવી એ અંતઃકરણની મલીનતાની સાબિતી છે. સૃષ્ટિમાં જે અપૂર્ણતા ભાસમાન થાય છે તે ભ્રમણા છે. આ ભ્રમણા પાછળ એક દ્રઢ આવરણ કારણભૂત છે. વાસ્તવમાં આ કારણ એવું દ્રઢ છે પણ નહીં પરંતુ તે પ્રમાણેનાં વારંવારના ચિંતનથી તે દ્રઢ હોય તેમ જણાય છે. દીવો તો પ્રકાશિત જ છે, તેમાંથી નીકળતો પ્રકાશ નિર્મળ, નિષ્કલંક, શુદ્ધ, પવિત્ર, નિષ્પક્ષ, સર્વગામી, તટસ્થ, સાત્ત્વિક તેમજ સત્યના પ્રતીક સમાન છે. તેનાં પર એક ઢાંકણ મૂકી દેવામાં આવે તો પ્રકાશનો પ્રસાર બંધ થઈ જાય, પરંતુ પ્રકાશ તો ત્યાં જ રહે. પૂર્ણતા માટે પણ આમ કહી શકાય. આ આવરણ વિશે વિસ્તારપૂર્વક સનાતની શાસ્ત્રોમાં જણાવાયું છે. લક્ષ્ય પૂર્ણતા પ્રાપ્ત કરવાનું છે અર્થાત્ આ આવરણને દૂર કરવાનું છે. આવરણ દૂર થતાં આપમેળે પૂર્ણતા પ્રકાશિત સ્વરૂપે પ્રતિત થશે.પૂર્ણતાની અનુભૂતિ માટે પ્રજ્ઞા આવશ્યક છે. પ્રજ્ઞા એટલે એવી ઉચ્ચસ્તરીય બુદ્ધિ જે પરમ વાસ્તવિકતા સમજવા સમર્થ હોય. પ્રજ્ઞા અર્થાત્ મેધા દ્વારા આત્મા વિશે, શાસ્ત્રીય પદ્ધતિથી ચિંતન થઈ શકે. સૌપ્રથમ તો આ દિશાનો પ્રયત્ન જરૂરી છે. આગળ જતાં શાસ્ત્ર અને સદગુરુના માર્ગદર્શન હેઠળ પરિસ્થિતિ ક્રમશઃ સ્પષ્ટ અને સુગમ થતી જાય. આધ્યાત્મિક પરંપરા પર વિશ્વાસ જાળવી રાખવાથી અને 'શબદ' પર શ્રદ્ધા રાખવાથી પ્રવાસ સરળ અને સફળ થતો જાય. વચગાળામાં ક્યાંક અડચણ અને મુશ્કેલી પણ આવે, પરંતુ આત્મવિશ્વાસથી તેને પાર કરી શકાય. અંતે મનનાં બધાં જ તરંગ સ્વરૂપ ભ્રમ દૂર થતાં જ પૂર્ણ પ્રકાશ અનુભવમાં આવે. એકવાર દરેક પ્રકારની ભ્રમણા દૂર થતાં અંતિમ લક્ષ્ય સિદ્ધ થાય.વિશ્વાસ જરૂરી છે. ધીરજ જરૂરી છે. નિષ્ઠાપૂર્વકનો પુરુષાર્થ સતત ચાલુ રહેવો જોઈએ. સદગુરુ અને શાસ્ત્ર દ્વારા જણાવાયેલી દરેક બાબતનું શ્રદ્ધાથી અનુસરણ થવું જોઈએ. અંતિમ ધ્યેય માટે એકાગ્રતા અને નિશ્ચલિતતાથી પ્રયત્નશીલ રહેવું જોઈએ. પવિત્રતા અને શુદ્ધિ જળવાઈ રહેલી જોઈએ. કોઈપણ પ્રકારનાં દ્વન્દ્વ, રાગ-દ્વેષ, મોહ-માયા, લોભ-કપટ, સ્વાર્થ-અહંકારથી દૂરી રહેવી જોઈએ. આ પ્રકારનાં ભાવ સ્વયં પૂર્ણતા પર આવરણ સમાન હોય છે. જો આ પ્રકારનાં નકારાત્મક ભાવ સ્થાપિત હોય તો આવરણ કોઈપણ સંજોગોમાં દૂર ન થઈ શકે.

પોતાના સાચાં સ્વરૂપનું જાણ થવાથી જગત અને સૃષ્ટિ સાથેનાં સંબંધનું તત્કાલ વિચ્છેદન નથી થઈ જતું. પૂર્ણતાની અનુભૂતિ થતાં પ્રકૃતિની વ્યવસ્થા માટે તાત્કાલિક વિરોધ સ્થાપિત નથી થતો. પ્રકાશની અનુભૂતિ થતાં તત્ક્ષણ અંધકાર માટે અણગમો નથી થતો. ચૈતન્યનું શાશ્વત અને અખંડ અસ્તિત્વ ધ્યાનમાં આવતા નશ્વર પ્રત્યે અણગમો નથી થતો. એમ પણ કહી શકાય કે જેમ સંપૂર્ણ સત્ય જાણમાં આવતાં અસત્યની ધારણાં જ ન રહે તેમ આધ્યાત્મિક પૂર્ણતા સ્થાપિત થતાં કોઈ વિપરીત કે વિરોધીનું અસ્તિત્વ જ ન રહે. જેમ ચારે બાજુ પ્રકાશ જ ફેલાયેલો હોય ત્યારે અંધકારની ધારણાં જ અસાંદર્ભિક બાબત બની રહે તેમ સમગ્ર સૃષ્ટિ પણ પછી 'પૂર્ણ' જ પ્રતીત થાય.સનાતની સંસ્કૃતિમાં આત્મબોધ, આત્મજ્ઞાન, આત્માનુભૂતિ, આત્મપ્રતીતિનું વિશેષ મહત્ત્વ છે. અદ્વૈત સિદ્ધાંતમાં આત્માને જ અંતિમ સત્ય જણાવાય છે. દ્વૈત સિદ્ધાંતમાં આત્માને પરમાત્માના અંશ ગણવામાં આવે છે. અંતે તો બધું આત્માની 'વાસ્તવિક ધારણા' પર આવીને જ અટકે છે. સનાતની સંસ્કૃતિની આ વિચારધારા માનવ સમાજ માટે એક અદ્ભુત ઉપહાર સમાન છે. આ આત્મા એટલે જ પૂર્ણતા. આત્મબોધ એટલે આત્માને લક્ષ્યમાં રાખીને કરાયેલું સૂચન. આત્મજ્ઞાન એટલે આત્મલક્ષી જ્ઞાન. આત્માનુભૂતિ એટલે આત્માની અનુભૂતિ. આત્મપ્રતીતિ એટલે પોતાનાં આત્માની, પોતાનાં અસ્તિત્વની વાસ્તવિક પ્રતીતિ. આ અંતિમ લક્ષ્ય.આધ્યાત્મનો પ્રવાસ કોઈપણ સ્તર પર અટકી શકે. સાધના કરનાર વ્યક્તિને ક્યારેક વિવિધ પ્રકારનાં રંગ ચારે તરફ નજરે ચડે, પ્રાથમિક સ્તરનો પ્રકાશ અનુભવમાં આવે, હવામાં તરતાં હોવાની પ્રતીતિ થાય, અતિ મધુર સંગીત સંભળાય, ક્યારેક ઈચ્છિત અનાયાસે પ્રાપ્ત થઈ જાય, સ્વયંના અસ્તિત્વમાં એક પ્રકારનું તેજ અનુભવાય કે આવી કોઈ અન્ય દિવ્ય અનુભૂતિ થાય. તે સમયે જો પ્રવાસ અટકી જાય તો પછી તે અટકી જ જાય. આધ્યાત્મના પ્રવાસમાં અટકાવ ન આવે તે જરૂરી છે. પ્રવાસ પૂર્ણતાની પ્રાપ્તિ સુધી ચાલુ રહેવો જોઈએ. અંતિમ લક્ષ્ય પૂર્ણતાનું જ હોવું જોઈએ.આવરણને દૂર કરી પૂર્ણતાની જેને પ્રતીતિ થઈ હોય તે વ્યક્તિ અન્યને પણ તે માટે પ્રોત્સાહિત કરી શકે. જે વ્યક્તિએ મેઘધનુષ જોયું હોય તે અન્યને મેઘધનુષ જોવા માટેનું સૂચન કરી શકે. જે વ્યક્તિએ પૂર્ણ સમર્પિત ભક્તિ કરી હોય તે ભક્તિનો મહિમા અન્ય સામે ગાઈ શકે. જેણે મધની મીઠાશ ચાખી હોય તે જ અન્યને તેનાં સ્વાદ માટે પ્રેરિત કરી શકે. સત્ય તથા ધર્મને આધારે જીવન વ્યતીત કરનાર વ્યક્તિ જ સાત્ત્વિક જીવનનું મહત્ત્વ સમજાવી શકે.

સાધનામાં અમુક સ્થિતિ પર પહોંચ્યા પછી જ અન્યને સાધના વિશે માર્ગદર્શન આપી શકાય. જેણે આત્માની અનુભૂતિ કરી હોય, વાસ્તવમાં તે જ આત્માની અનુભૂતિ વિશેનું જ્ઞાન આપી શકે. અસ્તિત્વની પૂર્ણતા સંપૂર્ણતામાં જેણે જાણી હોય તે જ 'પૂર્ણ'ને યથાર્થ સ્વરૂપે સમજી શકે, અને સમજાવી શકે. સમાજના આધ્યાત્મિક વિકાસ માટે પણ આત્મિક-પૂર્ણતાની અનુભૂતિ જરૂરી છે.

**જ્યાં અલ ધાફ્રા એર બેઝ પર થયેલા નુકસાનથી ત્યાંની સુરક્ષા અને અર્થવ્યવસ્થા બંને જોખમમાં મુકાયા છે.**

# આરબ રાષ્ટ્રો અમેરિકા પરથી કેમ વિશ્વાસ ગુમાવી રહ્યા છે?

## આવી જ હાલત યુએઈની છે, જ્યાં અલ ધાફ્રા એર બેઝ પર થયેલા નુકસાનથી ત્યાંની સુરક્ષા અને અર્થવ્યવસ્થા બંને જોખમમાં મુકાયા છે.

વર્તમાન મિડલ ઈસ્ટનું યુદ્ધ માત્ર સૈન્ય સંઘર્ષ નથી, પરંતુ તે દાયકાથી ચાલી આવતા આરબ-અમેરિકાના સંબંધોના પાયા હચમચાવી દેનારી એક મોટી રાજદ્વારી ઘટના છે. ફેબ્રુઆરી ૨૦૨૬માં અમેરિકા અને ઈઝરાયલના સંયુક્ત સૈન્ય હુમલા બાદ ઈરાને જે પ્રકારે વળતો પ્રહાર કર્યો છે તેણે આરબ જગતને એક ભયાનક વાસ્તવિકતાનો અહેસાસ કરાવ્યો છે. વર્ષોથી આરબ દેશો એવા ભ્રમમાં જીવતા હતા કે તેમની ધરતી પર આવેલા અમેરિકી સૈન્ય બેઝ તેમની સુરક્ષાનું કવચ છે, પરંતુ ઈરાની મિસાઈલો અને ડ્રોન હુમલાઓએ આ કવચને કાચની જેમ તોડી નાખ્યું છે. ખાસ કરીને બહેરીન અને સંયુક્ત આરબ અમીરાત (યુએઈ) માં જે રીતે અમેરિકી નૌકા અને હવાઈ મથકોનો વિનાશ થયો છે તેણે સાબિત કરી દીધું છે કે અમેરિકાની હાજરી હવે આ દેશો માટે સુરક્ષાને બદલે ઈરાનના ગુસ્સાનું સીધું નિશાન બની ગઈ છે. બહેરીનમાં આવેલું અમેરિકી નૌસેનાના પાંચમા કાફલાનું મુખ્ય મથક, જે અત્યાર સુધી પશ્ચિમના વર્ચસ્વનું પ્રતીક હતું, તે આજે ખંડેરમાં ફેરવાઈ રહ્યું છે. ઈરાની ક્રાંતિકારી ગાર્ડ્સે આ બેઝ પર હુમલા કરીને અમેરિકી ગૌરવને ઠેસ પહોંચાડી છે, જેનાથી બહેરીનની જનતામાં એવો સવાલ ઉઠ્યો છે કે શું અમેરિકા ખરેખર તેમને બચાવી શકે છે ખરા ? બહેરીન ઐતિહાસિક રીતે ઈરાનનો ભાગ રહ્યું હોવાથી ઈરાન તેને પોતાનો પ્રદેશ માને છે અને ત્યાં અમેરિકી સૈનિકોની હાજરી તેને વધુ ઉશ્કેરે છે. કતારે આરબ દેશો તરફથી પહેલ કરી છે. કતારે અમેરિકાને તેને ત્યાંના લશ્કરી મથકો અને અમેરિકાના જવાનોને હટાવવાનો આદેશ આપ્યો છે. કતાર સમજી ગયું છે કે અમેરિકાના મથકો કતારના રક્ષણ માટેના નહીં પરંતુ ઈઝરાયલના રક્ષણ માટેના છે. આથી યુદ્ધ વકરી રહ્યું છે ત્યારે તે ઈરાનનો ખોફ વહોરી લેવા માગતું નથી. આવી જ હાલત યુએઈની છે, જ્યાં અલ ધાફ્રા એર બેઝ પર થયેલા નુકસાનથી ત્યાંની સુરક્ષા અને અર્થવ્યવસ્થા બંને જોખમમાં મુકાયા છે. બીજી તરફ ઓમાન અને કતાર જેવા દેશો ઈરાનના સીધા પ્રહારથી બચી ગયા છે, કારણ કે તેમણે અમેરિકાને ઈરાન વિરુદ્ધ કોઈ મોટી સૈન્ય મદદ આપી નથી. આ વિરોધાભાસે આરબ નેતાઓને એ વિચારવા મજબૂર કર્યા છે કે જો અમેરિકા સાથેની મિત્રતા જ તેમને યુદ્ધની આગમાં હોમી રહી હોય તો બહેતર છે કે ઓમાનની જેમ તટસ્થ રહેવું વધુ હિતકારક છે. યુદ્ધમાં અમેરિકી રાષ્ટ્રપતિ ટ્રમ્પની ભૂમિકાએ પણ આરબ દેશોના અસંતોષમાં વધારો કર્યો છે. ટ્રમ્પની વાણીમાં સંયમનો અભાવ અને સાઉદી અરેબિયાના ક્રાઉન પ્રિન્સ મોહમ્મદ બિન સલમાન પ્રત્યેની તેમની અપમાનજનક ટિપ્પણીએ આરબ જગતના આત્મસન્માનને ઠેસ પહોંચાડી છે. એક બાજુ આરબ દેશો અમેરિકાનાં હિત માટે પોતાની સુરક્ષા દાવ પર લગાવી રહ્યા છે અને બીજી બાજુ અમેરિકાનું નેતૃત્વ તેમના નેતાઓનું અપમાન કરી રહ્યું છે. આ જ કારણ છે કે હવે આરબ દેશો અમેરિકાના વિકલ્પ તરીકે રશિયા અને ચીન તરફ નજર દોડાવી રહ્યા છે.એપ્રિલ ૨, ૨૦૨૬ના રોજ ક્રાઉન પ્રિન્સ મોહમ્મદ બિન સલમાન અને રશિયન રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન વચ્ચે થયેલી ફોન વાતચીત એ નવા યુગની શરૂઆત છે. આરબ નેતાઓ હવે સમજી ગયા છે કે વોશિંગ્ટન પરનો આંધળો વિશ્વાસ તેમના માટે આત્મઘાતી સાબિત થઈ શકે છે. યુએન સિક્યોરિટી કાઉન્સિલમાં જ્યારે ફ્રાન્સે આરબ દેશોના ઠરાવ પર વીટો વાપર્યો ત્યારે એ સ્પષ્ટ થઈ ગયું કે પશ્ચ્રિમી જગત માત્ર પોતાના અને ઈઝરાયલનાં હિતોને જ પ્રાધાન્ય આપે છે. આરબ દેશો જે સ્ટ્રેટ ઓફ હોર્મુઝ ખોલવાની અને પોતાની સુરક્ષા સુનિશ્ર્ચિત કરવાની વાત કરી રહ્યા હતા, તેને ફ્રાન્સ, રશિયા અને ચીનના વિરોધને કારણે સફળતા મળી નથી, જેનાથી અમેરિકી સહયોગની નિષ્ફળતા છતી થઈ છે. આ તમામ સૈન્ય બેઝ જે મૂળમાં ઈઝરાયલના રક્ષણ માટે સ્થાપિત કરવામાં આવ્યા હતા, તે હવે આરબ દેશોના અસ્તિત્વ માટે ખતરો બની ગયા છે. ઈરાનની વધતી તાકાત અને અમેરિકાની પીછેહઠે આ યુદ્ધમાં શક્તિના સંતુલનને બદલી નાખ્યું છે.આજે મધ્ય પ્રાચ્યના રણમેદાનમાં જે ધુમાડો દેખાઈ રહ્યો છે, તે માત્ર વિસ્ફોટોનો નથી, પણ તે અમેરિકી વર્ચસ્વના અંતનો ધુમાડો છે. સાઉદી અરેબિયા, યુએઈ અને કુવૈત જેવા દેશો હવે પોતાની સુરક્ષા નીતિ પર પુનર્વિચાર કરી રહ્યા છે. તે જોઈ રહ્યા છે કે અમેરિકા તેમને સુરક્ષા આપવાને બદલે તેમને યુદ્ધના મેદાન તરીકે વાપરી રહ્યું છે. ટ્રમ્પની અસંસ્કૃત વાણી અને યુરોપિયન દેશોનો દ્વિમુખી અભિગમ આરબ રાષ્ટ્રોને કૂટનીતિક રીતે વધુ સજાગ બનાવી રહ્યો છે. હવે સમય આવી ગયો છે કે આરબ જગત પોતાની એકતા બતાવે અને પશ્ર્ચિમના ઈશારે નાચવાને બદલે પોતાના પ્રાદેશિક હિતોને સુરક્ષિત કરે. આ યુદ્ધે સાબિત કર્યું છે કે જે દેશ અમેરિકાથી અંતર જાળવી રાખે છે, તે બધા આજે સુરક્ષિત છે. પરિણામે, મધ્ય પ્રાચ્ય (મધ્ય-પૂર્વ) માં હવે એક નવી ધરી રચાઈ રહી છે, જે અમેરિકાના પ્રભાવથી મુક્ત હશે.બીજા શબ્દોમાં આ સંઘર્ષ આરબ-અમેરિકી સંબંધોના ઈતિહાસમાં સૌથી મોટો વળાંક સાબિત થશે. અમેરિકી બેઝોનો વિનાશ અને આરબ લીડરોનો રશિયા તરફનો ઝુકાવ એ સંકેત આપે છે કે હવે પશ્ર્ચિમ એશિયામાં અમેરિકાનો સૂરજ આથમી રહ્યો છે. આરબ રાષ્ટ્રોએ હવે પોતાના ભવિષ્ય માટે નવી વ્યૂહરચના ઘડવી પડશે, જેમાં અમેરિકા પરની નિર્ભરતા ઓછી હોય અને પ્રાદેશિક શાંતિ પર વધુ ભાર હોય. આ યુદ્ધમાં મળેલો બોધપાઠ આરબ જગત ક્યારેય નહીં ભૂલે કે જે બેઝ તેમને રક્ષણ આપવા આવ્યા હતા, તે જ તેમને રણમેદાનમાં એકલા છોડીને વિનાશનું કારણ બન્યા છે. ભવિષ્યમાં મધ્ય-પૂર્વની આ કૂટનીતિ હવે માત્ર તેલ કે પૈસા પર નહીં, પણ આત્મસન્માન અને વાસ્તવિક સુરક્ષા પર આધારિત હશે, જ્યાં અમેરિકાની દાદાગીરીનો કોઈ અવકાશ રહેશે નહીં. આ પરિવર્તન અનિવાર્ય છે અને ૨૦૨૬નું આ યુદ્ધ તેનું નિમિત્ત બન્યું છે. આમ, આરબ રાષ્ટ્રો અને અમેરિકાના સંબંધો હવે ક્યારેય પહેલાં જેવા નહીં રહે અને અહીં એક નવા બહુધ્રુવીય સંબંધનો ઉદય થશે. જેમાં આરબ રાષ્ટ્રો પોતાના હિતના પોતે જ માલિક હશે.



# ઘણી ફિમેલ એક્ટર્સને મોકા મળતા નથી – તમન્ના ભાટિયા



## તમન્ના ભાટિયાએ ૨૧ વર્ષ પછી ઇન્ડસ્ટ્રીમાં મળતી સ્વીકૃતિ અંગે વાત કરી

તમન્નાએ તાજેતરમાં છઙ્કૈં સાથેની વાતચીતમાં ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં મહિલા કલાકારોને મળતી મર્યાદિત તક અંગે પોતાનો અભિપ્રાય વ્યક્ત કર્યો હતો અને  પોતાનાં આવનારાં પ્રોજેક્ટ્સ અંગે ખુશી વ્યક્ત કરતાં કહ્યું, "હું ખૂબ ઉત્સાહિત છું કે મારી બધી ફિલ્મો એક પછી એક રિલીઝ થશે. આ બહુ રસપ્રદ છે, કારણ કે બધા કલાકારોને — ખાસ કરીને મહિલા કલાકારોને — આવી તક મળતી નથી. મારા કેરિયરને ૨૧ વર્ષ થઈ ગયાં છે, છતાં મને લાગે છે કે હું ફરીથી શરૂઆત કરી રહી છું."

તમન્નાએ દક્ષિણ ભારતીય ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં મળેલા પ્રેમ અને સ્વીકાર અંગે પણ ખુશી વ્યક્ત કરી.

તેણે કહ્યું, "મારા માટે આ એક નવી તાજગીનો અનુભવ છે. દર્શકો હંમેશા મારી સાથે ખૂબ ઉષ્માભર્યો વ્યવહાર કરે છે અને મને દિલથી સ્વીકારે છે. ખાસ કરીને દક્ષિણ ભારતમાં મને ખૂબ સ્વીકાર મળ્યો છે. હવે ભારતના અન્ય ભાગોમાંથી પણ જે પ્રેમ મળી રહ્યો છે, તે મારા માટે ખૂબ ઉત્સાહજનક અને નમ્રતા અનુભવાય એવો છે. તેથી હું સતત વિચારતી રહું છું કે હું આ પ્રેમને કેવી રીતે પરત આપી શકું."

તમન્ના ભાટિયા બુધવારે દિલ્હીમાં નવી બ્રાન્ડની લોન્ચ ઈવેન્ટમાં હાજર રહી હતી. જો તમન્નાનાં કામની વાત કરવામાં આવે તો, હવે તે દીપક મિશ્રા અને અરુણાભ

કુમાર દ્વારા દિગ્દર્શિત ફિલ્મ 'વીવાન'માં જોવા મળશે. એકતા કપૂર દ્વારા નિર્મિત આ ફિલ્મમાં સિદ્ધાર્થ મલ્હોત્રા પણ લીડ રોલમાં છે. આ ફિલ્મ રક્ષાબંધનના તહેવાર પર, ૨૮ ઓગસ્ટે થિયેટરમાં રિલીઝ થવાની છે.

# વિકી કૌશલની 'મહાવતાર' માટે શ્રદ્ધા સાથે ચર્ચા ચાલુ

## શ્રધ્ધા કપૂર પહેલાં પણ બે વખત મેડોક્સની ફિલ્મમાં કામ કરી ચુકી છે

વિકી કૌશલે 'છાવા'માં પોતાની પરફોર્મન્સથી દર્શકોને પ્રભાવિત કર્યા તેને એક વર્ષ થઈ ગયું છે. ફિલ્મના મજબૂત બોક્સ ઓફિસ રન પછી ફેન્સ હવે તેની આગામી ફિલ્મ વિશે ઉત્સુક છે. તેની આવનારી ફિલ્મોમાંથી એક 'મહાવતાર' છે, જે મેડોક ફિલ્મ્સ સાથે તેની ત્રીજી ફિલ્મ છે. જોકે, નિર્માતાઓ હજુ સુધી તેની સામે લીડ એક્ટ્રેસ માટે શોધમાં છે.હવે તાજી ચર્ચા મુજબ શ્રદ્ધા કપૂરને આ ભૂમિકા માટે સંપર્ક કરવામાં આવ્યો છે. આ અંગેના અહેવાલો મુજબ, શ્રધ્ધાને આ મહત્ત્વાકાંક્ષી પ્રોજેક્ટ માટે મુખ્ય અભિનેત્રી તરીકે લેવાની વિચારણા ચાલી રહી છે. એક સુત્રએ જણાવ્યું, "શ્રદ્ધા આ ભૂમિકા માટે સંપૂર્ણ રીતે ફિટ છે. ટીમ એવી વ્યક્તિ શોધી રહી હતી જે સ્ટાર વેલ્યૂ અને પ્રેઝન્સ લાવે. ઉપરાંત, વિકી-શ્રદ્ધાની જોડી નવી હશે અને નિર્માતાઓ વિશ્વાસ ધરાવે છે કે આ જોડીને દર્શકો પસંદ કરશે."આ અંગેના અહેવાલો મુજબ જો બધું યોજના મુજબ આગળ વધે, તો દિગ્દર્શક અમર કૌશિક જૂન પછી ફિલ્મનું શૂટિંગ શરૂ કરશે. આ પ્રોજેક્ટ મેડડોક ફિલ્મ્સ દ્વારા બનાવવામાં આવેલી અત્યાર સુધીની સૌથી મહત્ત્વાકાંક્ષી ફિલ્મોમાંથી એક ગણાય છે.આ પહેલી વાર નથી કે આ ફિલ્મ સાથે કોઈ મોટી અભિનેત્રીનું નામ જોડાયું છે. ગયા ડિસેમ્બરમાં, એવા અહેવાલો હતા કે દીપિકા પાદુકોણને પણ વિકી કૌશલ સામે આ ભૂમિકા માટે

વિચારવામાં આવી રહી હતી. તે વખતે સુત્રો દ્વારા મળેલી માહિતી અનુસાર, "ટીમ એવી વ્યક્તિ શોધી રહી છે જે પરશુરામ સામે લખાયેલા પાત્રમાં ગંભીરતા અને ભાવનાત્મક ઊંડાણ લાવી શકે. દીપિકા આ માટે સંપૂર્ણ રીતે યોગ્ય છે. વાતચીત શરૂ થઈ છે, પરંતુ હજી શરૂઆતના તબક્કામાં છે."જો શ્રદ્ધા કપૂર આ ફિલ્મમાં જોડાશે, તો તે મેડડોક ફિલ્મ્સ સાથેનો તેનો વધુ એક મોટી ફિલ્મ માટે કામ કરશે. તે પહેલેથી જ આ બેનરની લોકપ્રિય 'સ્ત્રી' ફ્રેન્ચાઈઝીનો ચહેરો છે, જે તેનાં હોરર-કોમેડી યુનિવર્સનો મહત્વપૂર્ણ ભાગ છે. તે આ બેનર હેઠળની આવનારી ફિલ્મ 'ઈથા'માં પણ મુખ્ય ભૂમિકામાં છે. આ ફિલ્મ મેડોક ફિલ્મ્સ સાથે તેની પાંચમી અને વિકી કૌશલ સાથેની તેની પહેલી ફિલ્મ બનશે. તે 'સ્ત્રી ૩'માં પણ પાછી ફરવાની શક્યતા છે.

'મહાવતાર'નાં કાસ્ટિંગ અંગે સત્તાવાર જાહેરાત હજુ બાકી છે. હાલ માટે, વિકી કૌશલ અને શ્રદ્ધા કપૂરની નવી જોડી અંગેની સંભાવનાએ ફિલ્મ પ્રત્યે ઉત્સુકતા  વધારી છે.



# મને હિરોના મિત્રના રોલમાં બાંધી દિધો હતો : વિજય વર્મા

વિજય વર્માએ તેની કારકિર્દીના શરૂઆતના દિવસોને યાદ કર્યા, જ્યારે ગલ્લી બોયની સફળતા પહેલાં તે સંઘર્ષ કરી રહ્યો હતો. તે એક સમયે અમિતાભ બચ્ચન સાથે ચાર્ટર્ડ પ્લેનમાં મુસાફરી કરી ચૂક્યો છે, તેણે એવા સમયનો સામનો કર્યો હતો જ્યારે તેની પાસે કોઈ કામ નહોતું. એક નવા ઈન્ટરવ્યુમાં તેણે આ દિવસોની વાત કરી હતી.વિજય હાલમાં તેની પ્રાઈમ વિડિયો સિરીઝ મટકા કિંગની રિલીઝની રાહ જોઈ રહ્યો છે. તેના પ્રમોશન દરમિયાન, તેણે PTIને આપેલા ઈન્ટરવ્યુમાં જુની વાત કરતા યાદ કર્યું કે કાન્સ ફિલ્મ ફેસ્ટિવલમાં ફિલ્મ પ્રીમિયર થયા પછી પણ તે કામ વગર બેઠો રહ્યો હતો.વિજયે કહ્યું, "હું પહેલી વાર કાન્સ ગયો હતો મારી ફિલ્મ મોન્સૂન શૂટઆઉટ સાથે, ત્યારે મારી કોઈ ફિલ્મ રિલીઝ પણ થઈ નહોતી. આથી મોટો ધમાકો શું હોઈ શકે? પરંતુ તે પછી હું ઘણા વર્ષો સુધી કામ વગર બેઠો રહ્યો."ફિલ્મ એન્ડ ટેલિવિઝન ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા (FTII)માંથી ગ્રેજ્યુએટ થયેલા વિજયે પિંક, રાગ દેશ, મંટો અને મિડલ ક્લાસ અબ્બાયી જેવી ફિલ્મોમાં નાના રોલ કર્યા હતા, ત્યારબાદ ઝોયા અખ્તરની ગલ્લી બોયમાં તેને મહત્વપૂર્ણ બ્રેક મળ્યો હતો. પરંતુ સફળતા પછી પણ તેને ટાઈપકાસ્ટિંગનો સામનો કરવો પડ્યો હતોવિજયે કહ્યું, "કોઈ કામ ન હોવાથી લઈને નાના રોલ કરવા અને પછી તેમાં જ સીમિત થઈ જવું — આમાંથી બહાર આવવું મુશ્કેલ હતું. મને હીરોને હાઈ-ફાઈવ આપતા મિત્ર તરીકે અથવા નાના ભાગોમાં જ બાંધી દીધો હતો. પછી મને એક મોટો વિલન રોલ ઓફર થયો અને મને એ કેટેગરીમાં જ મજબૂત રીતે બાંધી દીધો. મેં વિચાર્યું, 'હું આથી મોટો છું, હું વધુ કરી શકું છું.' જ્યારે પણ કોઈ મને કોઈ ચોક્કસ ફ્રેમમાં બંધવાનો પ્રયત્ન કરે છે, ત્યારે મારી પ્રકૃતિ એ ફ્રેમ તોડી નાખવાની છે."છેલ્લા કેટલાક વર્ષોમાં, વિજયે ડાર્લિંગ્સ, દહાડ અને મિર્ઝાપુર જેવી ફિલ્મો અને સિરીઝમાં પોતાના કામ માટે પ્રશંસા મેળવી છે. હવે તે મટકા કિંગમાં એક જુગાર અડ્ડાના બોસની ભૂમિકા ભજવશે, જે વાસ્તવિક જીવનથી પ્રેરિત છે. તેમાં કૃતિકા કામરા, ગુલશન ગ્રોવર, સાઈ તમણકર, સિદ્ધાર્થ જાધવ, ગિરિશ કુલકર્ણી અને જેમી લિવર પણ મહત્વની ભૂમિકામાં છે.


# લોકાહની સિક્વલની ફી મળશે તો જ શૂટ કરીશ : મામ્મુટ્ટી

તાજેતરના એક ઈન્ટરવ્યુમાં, મમ્મુટ્ટીએ 'લોકાહ ચેપ્ટર ૧'માં પોતાના કેમિયો વિશે ખુલાસો કર્યો અને ફિલ્મના સીક્વલ વિશે પણ વાત કરી હતી. જ્યારે ડોમિનિક અરુણની સુપરહિરો ફિલ્મ 'લોકાહ ચેપ્ટર ૧: ચંદ્રા' ગયા વર્ષે થિયેટરોમાં રિલીઝ થઈ, ત્યારે કલ્યાણી પ્રિયદર્શન, નસ્લેન અને સેન્ડી સ્ટારર આ ફિલ્મે ઘણા લોકોને આશ્ચર્યચકિત કર્યા હતાં. ફિલ્મે બોક્સ ઓફિસ પર પણ સારું પ્રદર્શન કર્યું અને દુલકર સલમાન, જેણે ફિલ્મ પ્રોડ્યુસ કરી હતી, તેણે પોતાના પિતા મમ્મુટ્ટીના અવાજનો ઉપયોગ 'મૂથોન'ના પાત્ર માટે કર્યો હતો. તાજેતરના એક ઈન્ટરવ્યુમાં મામ્મુટ્ટીએ

મમ્મુટ્ટીને 'લોકાહ'માં સુપરહિરો લીડર 'મૂથોન'ને અવાજ આપવાના વિશે પૂછવામાં આવ્યું ત્યારે તેમણે કહ્યું, "તેમણે મને કહ્યું જ નહોતું કે હું એમાં છું. શરૂઆતમાં, તે (દુલકર) મને કામ માટે કહેવા આવ્યો નહોતો. તેના મેનેજર અને મિત્રએ, મને અવાજ આપવા કહ્યું. 'વેન્ડા, નો', બસ એટલું જ મેં કર્યું. ફિલ્મમાં ઉપયોગમાં લેવાયેલ હાથ મારો નથી. ફિલ્મ આવ્યા પછી જ તેમણે કહ્યું કે એ તમે છો અને તમારો હાથ છે. હવે આ પાત્ર ભજવવાની જવાબદારી મારા પર આવી ગઈ છે. ખરેખર તેમણે મને છેતર્યો અને પાછળથી વાત કરી. આ છે તેની પાછળની કહાની."

જ્યારે તેમને કહેવામાં આવ્યું કે દુલકરે એક વખત કહ્યું હતું કે મમ્મુટ્ટીને સિક્વલ માટે મનાવવા પડશે, ત્યારે તેણે મજાકમાં જવાબ આપ્યો, "મેં એમને કહ્યું કે માત્ર મને મનાવવાનો જ નથી, તમારે મને ફી માટે પણ મનાવવો પડશે. તે માટે એમણે પણ તૈયાર રહેવું પડશે."

કલ્યાણી પ્રિયદર્શન આ ફિલ્મમાં 'ચંદ્રા'નું મુખ્ય પાત્ર ભજવે છે, જેને 'કલિયાંકટ્ટુ નીલી' તરીકે ઓળખવામાં આવે છે, જે એક યક્ષીની (વેમ્પાયર જેવી પ્રાણી) છે. નસ્લેન 'સન્ની' નામના માનવનું પાત્ર ભજવે છે, જે તેના પ્રેમમાં પડે છે, જ્યારે સેન્ડી વિલન પાત્ર ઈન્સ્પેક્ટર નચિયપ્પા ગૌડા ભજવે છે, જે પછી યક્ષ (પુરુષ સ્વરૂપ)માં બદલાય છે. ફિલ્મ આગળ વધે તેમ ઘણા અલૌકિક પાત્રોને રજૂ કરે છે. તેમાંનું એક પાત્ર 'મૂથોન' છે, જે સ્ક્રીન પર દેખાતું નથી પરંતુ તેને મામ્મુટ્ટીએ અવાજ આપ્યો છે. ટોવિનો થોમસ, જે 'લોકાહ ચેપ્ટર ૨'માં મુખ્ય ભૂમિકામાં હશે, તેને 'માઈકલ' નામના ચાથન (ગોબ્લિન જેવી પ્રાણી) તરીકે રજૂ કરવામાં આવ્યો હતો. તેના ૩૮૯ ભાઈ-બહેનો છે, જે બધા તેની જેમ જ દેખાય છે. દુલકર 'ચાર્લી' નામના ઓડિયન (અડધો માનવ અડધો પ્રાણી નિન્જા)નું પાત્ર ભજવે છે. ફિલ્મ અંતે આ બધા પાત્રોની વાપસીની ઝલક આપે છે. પરંતુ 'લોકાહ'એ વર્લ્ડવાઈડ ૩૦૦ કરોડ કમાયા પછી પણ, સીક્વલનું શૂટ હજુ શરૂ થયું નથી.



# આ અઠવાડિયે ઓટીટી અને થિએટરમાં આઠ નવી ફિલ્મ અને સિરીઝની રિલીઝ

## વેકેશન પહેલાં ઓટીટી અને થિએટરમાં નવી રિલીઝની ભરમાર

ધીરે ધીરે વેકેશનની સીઝન આવી રહી છે અને ઓટીટી પર તેમજ થિએટરમાં નવી નવી ફિલ્મ અને સિરીઝ રિલીઝ થઈ રહી છે. વારંવાર રિલીઝ ડેટમાં ફેરફાર અને લાંબા સમયનાં વિલંબ બાદ આખરે અક્ષય કુમારની ભૂત બંગલા થિએટરમાં રિલીઝ થઈ રહી છે.  બીજી તરફ રાજકુમાર રાવ અને સાન્યા મલ્હોત્રાની ફિલ્મ ટોસ્ટર ઓટીટી પર રિલીઝ થઈ રહી છે. તે સિવાય થિએટરમાં ટૂંકી દોડ પછી હવે દો દિવાને સહેર મેં અને અસ્સી પણ ઓટીટી પર આવી રહી છે તો વિજય વર્માની મટકા કિંગ પણ ઓટીટી પર આવી રહી છે.  તે ઉપરાંત જાણીતા કલાકારો સાથેની ત્રણ હોલિવૂડ ફિલ્મો પણ થિએટરમાં રિલીઝ થઈ રહી છે.

ભૂત બંગલા

કાસ્ટ : અક્ષય કુમાર, પરેશ રાવલ, રાજપાલ યાદવ, તબુલ વામિકા ગબ્બી

રિલીઝ: થિએટર – ૧૬ એપ્રિલ

આ ફિલ્મ માટે અક્ષય કુમાર અને પ્રિયદર્શને ૧૪ વર્ષે ફરી એક વખત સાથે કામ કર્યું છે. આ ફિલ્મની ઓફિશિયલ રિલીઝ ભલે મોડી હોય પરંતુ ફિલ્મનાં પેઈડ પ્રીવ્યુ ૧૬ એપ્રિલે શરૂ થાય છે, તેથી આ ફિલ્મ ૧૬ તારીખથી જ થિએટરમાં જોઈ શકાશે.

ટોસ્ટર

કાસ્ટ : રાજકુમાર રાવ, સાન્યા મલ્હોત્રા, અર્ચના પુરનસિંહ, અભિષેક બેનર્જી, ફરાહ ખાન, સીમા પાહવા

રિલીઝ : નેટફ્લિક્સ – ૧૫ એપ્રિલ

આ ફિલ્મમાં એક લોભી વ્યક્તિ રમાકાંતની વાત છે, જે રોલ રાજકુમાર રાવ કરી રહ્યો છે. તેણે એક નવદંપત્તિને લગ્નમાં ભેટમાં આપેલું ટોસ્ટર પરત મેળવવા માટે પ્રયત્ન કરે છે અને તેમાં કેવો મુશ્કેલીમાં ફસાય છે, તેની વાત છે.

દો દિવાને સહેર મેં

કાસ્ટ – સિદ્ધાંત ચતુર્વેદી, મૃણાલ ઠાકુર, ઈલા અરુણ, આયેશા રઝા, અચિંત કૌર, નવીન કૌશિક

રિલીઝ – નેટફ્લિક્સ – ૧૭ એપ્રિલ

થિએટરમાં ફેબ્રુઆરી ૨૦૨૬માં આ ફિલ્મ રિલીઝ થઈ હતી, હવે આ ફિલ્મ ઓટીટી પર રિલીઝ થઈ રહી છે, જેમાં એક મુશ્કેલીવાળી લવસ્ટોરી છે, જેનો સુખદ અંત આવે છે.

લી ક્રોનિન્સ ધ મમ્મી

કાસ્ટ : જેક રેનર, લઈઆ કોસ્ટા, મે કેલેમી, નતાલી ગ્રીસ

રિલીઝ : થિએટર - ૧૭ એપ્રિલ

એરક પત્રકારપિતા બનવા માગે છે અને સાથે જ તેની ઉઁચી મહત્વાકાંક્ષાઓ છે, એ દરમિયાન તેની દિકરી ગાયબ થઈ જાય છે, જે આઠ વર્ષ સુધી પાછી આવતી નથી. આ એક તૂટેલા પરિવારની હોરર સ્ટોરી છે.

અસ્સી

કાસ્ટ : તાપસી પન્નુ, મનોજ પાહવા, કુમુદ મિશ્રા, મહોમ્મદ ઝીશાન અયુબ

રિલીઝ – ઝીપ – ૧૭ એપ્રિલ

આ એક ગંભીર કોર્ટરૂમ ડ્રામા ફિલ્મ છે, જેમાં એક દુષ્કર્મ પીડીતાના કેસની વાત છે. સાથે જ આ ફિલ્મમાં સમાજમાં રહેલા સડા અને માનસિકતાની પણ વાત કરવામાં આવી છે.

મટકા કિંગ

કાસ્ટ : વિજય વર્મા, ક્રિતિકા કામરા, ગુલશન ગ્રોવર,
જેમી લીવર, કિશોક કદમ

રિલીઝ : પ્રાઈમ વીડિયો : ૧૭ એપ્રિલ

મટકા કિંગ એ એક કપાસના વેપારી બ્રીજ ભટ્ટીની વાર્તા છે, જે સમાજના અન્ય વેપારીઓ સામે પોતાનું સ્થાન ઉંચું બનાવવા માટે જુગારનો ધંધો શરૂ કરે છે.

મધર મેરી

કાસ્ટ :  એન હેથ વે, મેચેલા કોએઓલ, હંટર શેફર, એથેના ફ્રીઝેલ

રિલીઝ : થિએટર – ૧૭ એપ્રિલ

આ એક સાઈકોલોજિકલ થ્રિલર છે, જેમાં એક પોપ સ્ટાર મેરી તેની જુની મિત્ર અને ફેશન ડિઝાઈનર સેમને એક દિવસ માટે મળે છે અને તેમાં તેમનો ઈતિહાસ ખુલે છે અને તેમનો ભૂતકાળ સપાટી પર આવી જાય છે.

# 'ધુરંધર ૨' ૨૦૨૬ની વિશ્વની ટોપ ૧૦ સૌથી વધુ કમાણી કરતી ફિલ્મોમાં સામેલ



## 'ધુરંધર ૨'એ ક્રિસ હેમ્સવર્થની 'ક્રાઇમ ૧૦૧' અને ઝેન્ડાયાની 'ધ ડ્રામા'ને પાછળ છોડી

ભારતમાં બોક્સ ઓફિસ પર રેકોર્ડ તોડવાની સાથે આદિત્ય ધરની સ્પાય ડ્રામા 'ધુરંધરઃ ધ રિવેન્જ' વૈશ્વિક સ્તરે પણ ધમાકેદાર પ્રદર્શન કરી રહી છે. ભારત અને નોર્થ અમેરિકા ખાતે મળેલી અદ્ભુત સફળતાએ ફિલ્મને આ વર્ષે વિશ્વની ટોપ ૧૦ સૌથી વધુ કમાણી કરતી ફિલ્મોમાં સ્થાન અપાવ્યું છે.

થિયેટરમાં ત્રીજું અઠવાડિયું પૂરું થવાનું છે, ત્યારે 'ધુરંધર ૨'એ ભારતમાં ૧૦૦૦ કરોડથી વધુ નેટ અને ૧૨૪૬ કરોડ ગ્રોસ કમાણી કરી છે, જે હિન્દી ફિલ્મ માટે એક મોટો રેકોર્ડ છે. વિદેશમાં પણ ફિલ્મને સફળતા મળી છે, ભલે તે ગલ્ફ દેશોમાં રિલીઝ ન થઈ હોય. પરંતુ નોર્થ અમેરિકામાં ફિલ્મે ૨૬ મિલિયન ડૉલર અને અન્ય દેશોમાં ૧૫ મિલિયન ડૉલરથી વધુ કમાણી કરી છે. ગુરુવાર સુધી ફિલ્મની વૈશ્વિક કમાણી લગભગ ૧૭૮ મિલિયન ડૉલર સુધી પહોંચી છે. કેટલાક ટ્રેડના સુત્રો દ્વારા મળતી માહિતી મુજબ આ આંકડો ૧૮૦ મિલિયન ડૉલરથી પણ વધુ છે. આ આંકડાઓ સાથે ફિલ્મ ૨૦૨૬ની વિશ્વની ૧૦મી સૌથી વધુ કમાણી કરતી ફિલ્મ બની છે. આ યાદીમાં 'પ્રોજેક્ટ હેલ મેરી', 'ધ સુપર મારિયો ગેલેક્સી મૂવી' અને 'વુધરિંગ હાઈટ્સ' જેવી ફિલ્મોનો સમાવેશ થાય છે. ગયા અઠવાડિયામાં 'ધુરંધર ૨'એ ચાઈનીઝ એનિમેટેડ ફિલ્મ 'બૂની બિયર્સઃ ધ હિડન પ્રોટેક્ટર' (૧૩૯ મિલિયન ડૉલર)ને પાછળ છોડીને આ યાદીમાં સ્થાન મેળવ્યું છે. બુધવાર સુધી 'ધુરંધર ૨'એ વૈશ્વિક સ્તરે ૧૬૫૬ કરોડ રૂપિયા એટલે કે (૧૭૮ મિલિયન ડૉલર) કમાણી કરી છે. આ આંકડો ક્રિસ હેમ્સવર્થની ફિલ્મ 'ક્રાઈમ ૧૦૧' (૭૨ મિલિયન ડૉલર) કરતાં ઘણો વધારે છે. ફિલ્મે રેચલ મેકએડમ્સની 'સેન્ડ હેલ્પ' (૯૪ મિલિયન ડૉલર) અને રિઝ અહમદની 'હેમ્લેટ' (૭૮ મિલિયન ડૉલર)ને પણ પાછળ છોડી છે.ધુરંધર ૨ ફિલ્મે ઓપનિંગ વીકએન્ડમાં જ ૮૦ મિલિયન ડૉલરથી વધુ કમાણી કરી હતી, જે ઝેન્ડાયા અને રોબર્ટ પેટિનસનની ફિલ્મ 'ધ ડ્રામા' (૨૬ મિલિયન ડૉલર) કરતાં ત્રણ ગણી વધુ છે. હકીકતમાં, નોર્થ અમેરિકામાં 'ધુરંધર ૨'ની ૧૫ મિલિયન ડૉલરની શરૂઆતની કમાણી 'ધ ડ્રામા'ની કુલ કમાણી કરતાં પણ વધારે છે.

# પ્રફુલ હિંગેનો બોલિંગ તરખાટ, હૈદરાબાદનો ભવ્ય વિજય

## રાજસ્થાને નવ રનમાં પાંચ વિકેટ ગુમાવી હતી : જાડેજા-ફરેરાની લડત છતાં ૫૭ રનથી પરાજય



ઈન્ડિયન પ્રીમિયર લીગમાં પહેલી જ વાર રમી રહેલા વિદર્ભના પ્રફુલ હિંગેએ કારકિર્દીની પહેલી જ ઓવરમાં ત્રણ અને મેચમાં કુલ ચાર વિકેટ ખેરવતા સનરાઈઝર્સ હૈદરાબાદે સોમવારે અહીં રમાયેલી આઈપીએલની ટી૨૦ ક્રિકેટ મેચમાં ફોર્મમાં ચાલી રહેલા રાજસ્થાન રોયલ્સને ૫૭ રનથી હરાવ્યું હતું. પ્રફુલ હિંગે અને સાકીબ હુસૈન બંને પહેલી વાર આઈપીએલમાં રમી રહ્યા હતા અને બંનેએ ચાર ચાર વિકેટ ઝડપી નવો ઈતિહાસ રચ્યો હતો.

અહીં રમાયેલી મેચમાં પ્રથમ બેટિંગ કરતાં સનરાઈઝર્સ હૈદરાબાદે ૨૦ ઓવરમાં છ વિકેટે ૨૧૬ રનનો સ્કોર રજૂ કર્યો હતો જેના જવાબમાં શરૂઆતમાં પાંચ વિકેટ ગુમાવ્યા બાદ લડત આપી હોવા છતાં અંતે રોયલ્સની ટીમ ૧૯ ઓવરમાં ૧૫૯ રન કરી શકી હતી. કારકિર્દીમાં પહેલી વાર આઈપીએલમા રમી રહેલા વિદર્ભના ૨૪ વર્ષીય પ્રફુલ હિંગેએ પ્રારંભે જ તરખાટ મચાવીને ઈતિહાસ રચ્યો હતો. તે કારકિર્દીની પહેલી ઓવરમાં ત્રણ વિકેટ લેનારો પ્રથમ બોલર બન્યો હતો. તેણે પોતાની પહેલી જ ઓવરમાં ખતરનાક વૈભવ સૂર્યવંશી, ધ્રુવ જુરેલ અને પ્રિટોરિયસને આઉટ કર્યા હતા. ત્યારપછીની ઓવરમાં યશસ્વી જયસ્વાલ પણ આઉટ થઈ ગયો હતો તો પ્રફુલે તેની બીજી ઓવરમાં હરીફ ટીમના કેપ્ટન રિયાન પરાગને પેવેલિયનમાં મોકલી દેતાં રાજસ્થાને એક રનમાં ત્રણ, બે રનમાં ચાર અને નવ રનમાં પાંચ વિકેટ ગુમાવી દીધી હતી જેમાંની ચાર વિકેટ પ્રફુલ હિંગેએ ખેરવી હતી. સૂર્યવંશી, જુરેલ અને પ્રિટોરિયસ તો ખાતું પણ ખોલાવી શક્યા ન હતા તો જયસ્વાલ એક અને પરાગ ચાર રનના સ્કોરે આઉટ થયા હતા. પ્રફુલ હિંગે અને સાકીબ હુસૈને પણ ચાર ચાર વિકેટ ઝડપી હતી.

જોકે પાંચ વિકેટે નવ રનના સ્કોરથી રવીન્દ્ર જાડેજા અને ડોનોવાન ફરેરાએ વળતી લડતનો પ્રારંભ કર્યો હતો. બંનેએ છઠ્ઠી વિકેટ માટે ૭૨ બોલમાં ૧૧૮ રન ઉમેરીને ટીમનો રકાસ બચાવ્યો હતો. અંતે ૧૫મી ઓવરમાં સાકીબે જ ટીમને સફળતા અપાવતા ફરેરાને આઉટ કર્યો હતો. તેણે ૪૪ બોલમાં ત્રણ સિક્સર સાથે ૬૯ રન ફટકાર્યા હતા. રવીન્દ્ર જાડેજાએ ૩૨ બોલમાં ૪૫ રન ફટકાર્યા હતા. અગાઉ સનરાઈઝર્સ હૈદરાબાદે પ્રથમ બેટિંગ કરીને રાજસ્થાન રોયલ્સ સામે જંગી સ્કોર રજૂ કરી દીધો હતો. કેપ્ટન ઈશાન કિશનની ૯૧ રનની તોફાની ઈનિંગ્સ અને અંતિમ ઓવર્સમાં નિતિશ કુમાર રેડ્ડી તથા સલિલ અરોરાની આક્રમક બેટિંગની મદદથી હૈદરાબાદે ૨૦ ઓવરમાં છ વિકેટે ૨૧૬ રન ફટકાર્યા હતા. હૈદરાબાદની ટીમ માટે સુકાની ઈશાન કિશન શરૂઆતથી જ આક્રમક મૂડમાં જણાતો હતો. તેણે માત્ર ૪૪ બોલમાં ૯૧ રનની વિસ્ફોટક ઈનિંગ્સ રમી હતી જેમાં છ સિક્સર અને આઠ ચોગ્ગા સામેલ હતા.

# આજે ચેન્નાઈમાં કોલકાતા-ચેન્નાઈ વચ્ચે મુકાબલો

## ચેન્નાઈએ છેલ્લે દિલ્હીને હરાવ્યું છે, કોલકાતા હજી એકેય મેચ જીત્યું નથી, સાંજે ૭.૩૦થી પ્રારંભ





ઈન્ડિયન પ્રીમિયર લીગ (આઈપીએલ)ની ટી૨૦ ક્રિકેટ ટુર્નામેન્ટની ૨૦૨૬ની સિઝનમાં મંગળવારે બે એવી ટીમ વચ્ચે મુકાબલો થશે જે હાલમાં સૌથી છેલ્લા બે ક્રમે છે. એક તરફ ચેન્નાઈ સુપર કિંગ્સ છે જે તેની છેલ્લી મેચમાં દિલ્હી કેપિટલ્સ સામે જીતી હતી તો બીજી તરફ કોલકાતા નાઈટ રાઈડર્સ છે જે હજી સુધી એકેય મેચ જીતી શકી નથી અને તેના પોઈન્ટનું ખાતું ખોલાવવા આતુર હશે. સુપર કિંગ્સ તેની અગાઉની મેચમાં મળેલી જીત દ્વારા હાંસલ કરેલી લયને જાળવી રાખવા પ્રયાસ કરશે. સાંજે ૭.૩૦ કલાકે મેચનો પ્રારંભ થશે.

ચેન્નાઈએ દિલ્હી કેપિટલ્સ સામેના ઓલરાઉન્ડ પ્રદર્શનના આધારે સિઝનની પ્રથમ જીત નોંધાવી હતી. આ મેચમાં સંજુ સેમસને આ પ્રતિષ્ઠિત ફ્રેન્ચાઈઝી માટે ૫૬ બોલમાં ૧૧૫ રનની મજબૂત ઈનિંગ્સ રમી હતી. આ ઉપરાંત તેની ટીમના બોલર્સે પણ શાનદાર પ્રદર્શન કર્યું હતું. જોકે ચેન્નાઈને તેના સુપર સ્ટાર અને આધારસ્તંભ એવા મહેન્દ્રસિંહ ધોનીની હાજરીની ખોટ પડી રહી છે. ધોનીના માર્ગદર્શનથી મેદાન પર ઘણો ફરક પડી જતો હોય છે તે આ વખતે તેની ગેરહાજરીએ પુરવાર કરી દીધું છે. આ ઉપરાંત ફિટ થઈને પરત ફરેલા ડેવાલ્ડ બ્રેવિસને કારણે ટીમને બોલિંગ કોમ્બિનેશનમાં ફેરફાર કરવાની તક મળી છે. જેથી જ તેઓ ૨૧૨ રનના સ્કોરને ડિફેન્ડ કરી શકી હતી.

ડાબોડી ફાસ્ટ બોલર ગુરજાપનીત સિંઘે તેની પ્રથમ જ આઈપીએલ મેચમાં પ્રભાવ પાડ્યો હતો અને એક્સ્ટ્રા બાઉન્સથી બેટ્સમેનને ચોંકાવ્યા હતા. જેમી ઓવર્ટને પણ ચાર વિકેટ ઝડપી પોતાની ક્ષમતા સાબિત કરી હતી તો સ્પિનર અકીલ હુસૈને પાવરપ્લેમાં આક્રમણને નવી ધાર આપી હતી. સંજુ સેમસન ફોર્મમાં છે પરંતુ કેપ્ટન ઋતુરાજ ગાયકવાડનું બેટ હજી શાંત છે. જોકે સમર્થકો માટે સૌથી મોટી બાબત ધોનીની છે. ગાયકવાડે સંકેત આપ્યો છે કે સ્નાયુની ઈજામાંથી સાજા થઈ રહેલા 'થાલા' નું પુનરાગમન હવે ખૂબ નજીક છે.

બીજી તરફ કોલકાતા તેના પ્રથમ વિજય માટે આતુર છે. તેઓ લખનૌ સુપર જાયન્ટ્સ સામે જીતની નજીક હતા પરંતુ મુકુલ ચૌધરીની તોફાની ઈનિંગ્સે અજિંક્ય રહાણેની ટીમને નિરાશ કરી હતી. કેમરૂન ગ્રીને છેલ્લી મેચમાં બોલિંગ શરૂ કરી છે જે ટીમ માટે સારા સંકેત છે.

નાઈટ રાઈડર્સનો આક્રમક બેટ્સમેન રિન્કુ સિંઘ મોટા સ્કોરની શોધમાં છે, જ્યારે યુવાન અંગક્રિશ રઘુવંશી અને અનુભવી રહાણે ટીમના મધ્યક્રમ માટે મહત્વના પુરવાર થશે. કોલકાતા નાઈટ રાઈડર્સ તેની છેલ્લી મેચમાં જીતની સાવ નજીક હતી અને હવે તેઓ ચેપોકમાં જીતનું ખાતું ખોલવા આતુર હશે. જોકે પોતાના હોમ ગ્રાઉન્ડ પર રમી રહેલી ચેન્નાઈ સુપર કિંગ્સને હરાવવું હંમેશા પડકારજનક રહે છે.




# મુંબઈએ બોલિંગમાં બુમરાહથી આગળ વિચારવું પડશેઃ પ્લેસિસ

## IPLમાં આગળ ધપવા મુંબઈ ઈન્ડિયન્સે બુમરાહ પરની નિર્ભરતા ઘટાડવા પ્લાન ઘડવો જરૂરી

સાઉથ આફ્રિકાના ભૂતપૂર્વ સુકાની અને અગાઉ ઈન્ડિયન પ્રીમિયર લીગ (આઈપીએલ)માં રમી ચૂકેલા ફાફ ડુ પ્લેસિસનું માનવું છે કે જો મુંબઈ ઈન્ડિયન્સ વર્તમાન આઈપીએલ સિઝનમાં સાતત્ય જાળવવા માંગતું હોય તો તેમણે તેમના મુખ્ય ઝડપી બોલર જસપ્રિત બુમરાહ પરની વધુ પડતી નિર્ભરતા ઘટાડવી પડશે. ટુર્નામેન્ટની પહેલી મેચ જીત્યા બાદ હંમેશા 'ધીમી શરૂઆત' કરનારી મુંબઈની ટીમ હવે સતત ત્રણ મેચ હારી ગઈ છે. રવિવારે રાત્રે રોયલ ચેલેન્જર્સ બેંગલોર સામે ૨૪૦ રનનો પીછો કરવામાં પણ ટીમ નિષ્ફળ રહી હતી અને અંતે તેનો ૧૮ રનથી પરાજય થયો હતો.

ગુજરાતી બોલર જસપ્રિત બુમરાહ મુંબઈ ઈન્ડિયન્સનું મુખ્ય શસ્ત્ર છે પરંતુ આશ્ચર્યજનક રીતે તે છેલ્લી ચાર મેચમાં એક પણ વિકેટ ઝડપી શક્યો નથી. ફાફ ડુ પ્લેસિસના મતે જ્યારે રમત ૨૫૦ કે તેથી વધુ રનની હાઈ-સ્કોરિંગ હોય ત્યારે બુમરાહની ચાર ઓવર (જે સામાન્ય રીતે કરકસરયુક્ત હોય છે) સિવાય બાકીના બોલરો કેટલા રન આપે છે તેનું આકલન કરવું પણ જરૂરી છે. તેણે સૂચવ્યું કે મુંબઈએ બુમરાહનો ઉપયોગ નિર્ણાયક તબક્કે સમજદારીપૂર્વક કરવો જોઈએ અને અન્ય બોલરોએ પણ જવાબદારી લેવી પડશે. આ જ વિષય પર ભારતના મહાન ક્રિકેટર સુનીલ ગાવસ્કરે મુંબઈના પાવરપ્લેના ખરાબ પ્રદર્શન પર પ્રકાશ પાડ્યો હતો. ગાવસ્કરે જણાવ્યું હતું કે મુંબઈ ઈન્ડિયન્સે બેટિંગ અને બોલિંગ બંને મોરચે પાવરપ્લેમાં સુધારો કરવાની જરૂર છે. પ્રથમ છ ઓવરમાં ટીમ રમત પર નિયંત્રણ મેળવવામાં નિષ્ફળ રહી છે જેને કારણે રન રેટ સતત વધતો જાય છે. ખુદ કેપ્ટન હાર્દિક પંડ્યાએ પણ સ્વીકાર્યું છે કે પાવરપ્લેમાં અપેક્ષિત પરિણામો ન મળવા એ પાંચ વખતની ચેમ્પિયન ટીમ માટે ચિંતાનો વિષય છે. વર્તમાન સિઝનમાં મુંબઈ ઈન્ડિયન્સનું પ્રદર્શન કથળી રહ્યું છે. લગભગ દાયકા બાદ તેણે સિઝનની પ્રથમ મેચ જીતવામાં સફળતા હાંસલ કરી હતી પરંતુ ત્યાર બાદ તે સતત ત્રણ મેચ હારીને હાલમાં આઠમા ક્રમે છે. જસપ્રિત બુમરાહ હજી આ સિઝનમાં વિકેટનું ખાતું ખોલાવી શક્યો નથી. બુમરાહ સિવાયના અન્ય ખેલાડીઓ પણ હજી સુધી પ્રભાવ દાખવી શક્યા નથી.

# શહેરની ચૂંટણીને ધ્યાનમાં રાખીને IPLની ૨૬ એપ્રિલની મેચ ચેન્નાઈ ખસેડાઈ



૨૬મી એપ્રિલે અમદાવાદમાં મ્યુનિસિપલ કોર્પોરેશન અને ગુજરાતના અન્ય સ્થળે યોજાનારી ચૂંટણીઓને ધ્યાનમાં રાખીને આ જ દિવસે નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે રમાનારી આઈપીએલની ૨૦૨૬ની ટી૨૦ ક્રિકેટ ટુર્નામેન્ટની ગુજરાત ટાઈટન્સ અને ચેન્નાઈ સુપર કિંગ્સ વચ્ચેની મેચ ખસેડી દેવામાં આવી છે. હવે આ મેચ અમદાવાદને બદલે ચેન્નાઈના એમ. એ. ચિદમ્બરમ સ્ટેડિયમ ખાતે રમાશે જ્યારે બંને ટીમ વચ્ચેની ૨૧મી મેના રોજ ચેન્નાઈમાં રમાનારી મેચ એ દિવસે અમદાવાદમાં યોજાશે.

ઈન્ડિયન પ્રીમિયર લીગ (આઈપીએલ)માં આ વખતે ગુજરાત ટાઈટન્સ અને ચેન્નાઈ સુપર કિંગ્સની ટીમ બે વાર આમનેસામને થનારી હતી. જેમાંની એક મેચ (૨૬મી એપ્રિલે) નરેન્દ્ર મોદી સ્ટેડિયમ અને બીજી મેચ (૧૨મી મેએ) ચેપોક ખાતે રમાનારી હતી પરંતુ હવે સ્થાનિક ચૂંટણીને ધ્યાનમાં રાખીને આ મેચની તારીખો સમાન રહેશે પરંતુ સ્થળની અદલાબદલી કરી દેવામાં આવી છે.

ગુજરાત ટાઈટન્સ અને ચેન્નાઈ સુપર કિંગ્સ ૨૬મીએ બપોરે ૩.૩૦ કલાકે અમદાવાદમાં રમનારા હતા એ જ રીતે હવે આ બંને ટીમ ચેપોક ખાતે ૨૬મીએ બપોરની મેચમાં જ રમશે.

આવી જ રીતે ૨૧મી મેએ સાંજે ૭.૩૦ કલાકે ચેપોક ખાતે બંને વચ્ચે રમાનારી મેચ એ દિવસે નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે સાંજે ૭.૩૦ કલાકે જ રમાશે, ૨૬મી એપ્રિલને રવિવારે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના ૪૮ વોર્ડની ૧૯૨ બેઠક પર મતદાન હાથ ધરાશે. આઈપીએલમાં અગાઉ પણ લોકસભાની ચૂંટણી દરમિયાન તથા આ સિઝનમાં પણ વિવિધ રાજ્યોમાં વિધાનસભાની ચૂંટણી દરમિયાન વિવિધ મેચોના કાર્યક્રમમાં પરિવર્તન કરવામાં આવ્યા છે. લોકસભાની ચૂંટણી વ્યવસ્થા દરમિયાન સુરક્ષાને ધ્યાનમાં રાખીને અગાઉ આઈપીએલનું આયોજન સાઉથ આફ્રિકા અથવા તો યુનાઈટેડ આરબ અમિરાતમાં કરાયું હોવાનું પણ બન્યું છે.

# IPLમાં ૨૦૦+નો સ્કોર હવે સામાન્ય બની રહ્યો છે

## ૨૦૨૬ની ટી૨૦ લીગમાં અડધાથી વધુ મેચમાં ૨૦૦+નો સ્કોર નોંધાયો છે

ઈન્ડિયન પ્રીમિયર લીગ (આઈપીએલ)ની ટી૨૦ ક્રિકેટ ટુર્નામેન્ટની હાલમાં ૧૯મી સિઝન યોજાઈ રહી છે. ૨૦૦૮માં આ ટી૨૦ ક્રિકેટ લીગનો પ્રારંભ થયો ત્યાર બાદ દર વર્ષે તેની લોકપ્રિયતા વધી રહી છે. ફટાફટ ક્રિકેટ અને તેમાં ય સિક્સર અને ચોગ્ગાની રમઝટને કારણે લગભગ દરેક ફ્રેન્ચાઈઝી અઝળક પ્રશસંક અને સમર્થક ધરાવે છે. એક સમય હતો જ્યારે આ લીગમા કોઈ ટીમ ૨૦ ઓવરમાં ૨૦૦ રનનો સ્કોર નોંધાવે તો તેને મોટી સિદ્ધિ મનાતી હતી પરંતુ હવે કોઈ ટીમ ૨૦૦ કે ૨૨૫ રન ફટકારે તો પણ એવી કોઈ ગેરન્ટી રહેતી નથી કે તેને સફળતા મળશે જ કેમ કે ક્રિકેટ એટલું ઝડપી બની ગયું છે કે ગમે તેટલો મોટો સ્કોર ચેઝ થઈ શકે છે.



આઈપીએલમાં જ એવી ૪૪ મેચ છે જેમાં ટીમે ૨૦૦+નો ટારગેટ ચેઝ કરીને મેચ જીતી લીધી હોય તો એક વાર આ પ્રકારે ૨૦૦થી વધુનો સ્કોર ચેઝ કરતી વખતે મેચ ટાઈમાં પરિણમી હતી. આમ હવે ૨૦૦ રનનો સ્કોર આસાનીથી વટાવી શકાય છે. ૨૦૨૬ની સિઝનમાં જ જોઈએ તો અત્યાર સુધી રમાયેલી (૧૨મી એપ્રિલ સુધી) ૨૦ મેચની ૩૯ ઈનિંગ્સમાં ૨૦ વખત ટીમે ૨૦૦ રનનો આંક વટાવ્યો છે. એટલે કે આ વખતે અડધા કરતાં વધારે મેચો (૫૧.૨૮ ટકા)માં ૨૦૦ રનનો સ્કોર જોવા મળ્યો છે અને હજી તો ટુર્નામેન્ટની ઘણી મેચો કે ઘણી ઈનિંગ્સ રમાવાની બાકી છે. આ જોતાં આ વખતે આઈપીએલના ઈતિહાસમાં સૌથી વધુ વાર ૨૦૦+નો સ્કોર જોવા મળે તો નવાઈ લાગવી જોઈએ નહીં.

આઈપીએલનો પ્રારંભ થયો ત્યારે ક્રિકેટની રમતમાં ટી૨૦ ફોર્મેટ આટલું લોકપ્રિય ન હતું. તે સમયે ખેલાડીઓ હજી પણ પરંપરાગત સ્ટ્રોક રમતા જોવા મળ્યા હતા પરંતુ ધીમે ધીમે બેટિંગ સ્ટાઈલમાં પરિવર્તન આવ્યું. રિવર્સ સ્વિપ નવો શોટ ન હતો પરંતુ તેનું પ્રમાણ ઓછું હતું હવે તો રિવર્સ સ્વિપ પર સિક્સર પણ જોવા મળી રહી છે. વિકેટકીપરના માથા પરથી બોલને પાછળના સાઈટ સ્ક્રીનને પાર કરાવીને સિક્સર ફટકારી શકાય તેની કલ્પના થતી ન હતી તેને બદલે હવે લગભગ દરેક મેચમાં આ પ્રકારના શોટ જોવા મળે છે.

યુવાન ખેલાડીઓના આગમનથી રનની ઝડપ પણ વધી છે. જેમ કે વૈભવ સૂર્યવંશી કે આ સિઝનમાં ઝળકેલો મુકુલ ચૌધરી નીડરતાથી બેટિંગ કરી રહ્યા છે. તેમને હવે ટીમમાં પોતાના સ્થાનની ચિંતા હોતી નથી પણ તેઓ ઓછી ઓવરમાં વધુ રન કેવી રીતે બની શકે તે માટે ટેકનિક બદલતા હોય છે. માત્ર બદલવાની જ વાત નથી પરંતુ તેઓ રન કેવી રીતે બને તે તરફ ફોકસ કરે છે જેને પરિણામે હવે પાવરપ્લેમાં પણ ધમાકેદાર સ્કોર બની રહ્યા છે. ટીમની ઈનિંગ્સમાં ૨૦૦+નો સ્કોર ૨૦૦૯માં માત્ર એક જ વાર નોંધાયો હતો તો ૨૦૨૨માં ૧૮ ઈનિંગ્સમાં ૨૦૦ રનનો સ્કોર થયો હતો. ૨૦૨૩માં ૩૭, ૨૦૨૪માં ૪૧ અને ૨૦૨૫માં તો બાવન વખત ૨૦૦ રનના સ્કોર નોંધાયા હતા. આમ ગઈ સિઝનમાં ૨૦૦ રનના સ્કોરનો આંક ૫૦ને પાર કરી ગયો હતો. આ વખતે આ આંક ૫૦થી વધુનો જોવા મળી શકે તેમ છે.

# ૧૨૨ દડા ફેંક્યા છતાં એક પણ વિકેટ નહીં; બૂમરાહનો ખોફ જ તેનો દુશ્મન બની ગયો !

આઈપીએલ ૨૦૨૬માં મુંબઈ ઈન્ડિયન્સ એક અજીબ પરિસ્થિતિનો સામનો કરી રહી છે, જ્યાં તેમની સૌથી મોટી તાકાત ગણાતા જસપ્રીત બુમરાહ પાંચ મેચ બાદ પણ એક પણ વિકેટ લઈ શક્યા નથી. આ તેમની કારકિર્દીનો સૌથી લાંબો વિકેટ વિહોણો સમય ગણાય છે. જોકે તેઓ ઓછા રન આપી રહ્યા છે, તે બતાવે છે કે બુમરાહનો 'ડર' જ હવે તેમની સામેનો સૌથી મોટો પડકાર બની ગયો છે. નિષ્ણાંતોનું માનવું છે કે, ટીમો બુમરાહને "માન" આપી રહી છે (ઓવર દીઠ માત્ર ૮ રન) અને અન્ય બોલરો (ઈકોનોમી ૧૧+) ને "રિમાન્ડ" પર મૂકી રહી છે. વાનખેડે સ્ટેડિયમમાં રોયલ ચેલેન્જર્સ બેંગલોર સામેની હાર પછી સ્પષ્ટ થયું છે કે, બુમરાહની વિકેટનો અભાવ તેના ખરાબ ફોર્મને કારણે નથી, પરંતુ વિરોધી ટીમ દ્વારા ઈરાદાપૂર્વકની રણનીતિને કારણે છે. આંકડા મુજબ બુમરાહ આ સિઝનમાં પણ મુંબઈના સૌથી કિફાયતી બોલર છે. RCB સામેની મેચમાં ટીમે જ્યાં ૧૨ રન પ્રતિ ઓવર મુજબ ૨૪૦ રન આપ્યા હતા, ત્યાં બુમરાહે માત્ર ૮.૭૫ રન પ્રતિ ઓવર આપીને બોલિંગ કરી. છતાં સમસ્યા વિકેટની છે. તેઓ ૧૨૨ બોલ ફેંક્યા છતાં એક પણ વિકેટ મેળવી શક્યા નથી, જે તેમના માટે પ્રથમ વખત બન્યું છે. આંકડાઓ બતાવે છે કે, બેટ્સમેન બુમરાહ સામે જોખમ લીધા વગર રમે છે, જ્યારે અન્ય બોલરો સામે આક્રમણ કરે છે. આ જ કારણ છે કે, બુમરાહની રણનીતિ ટોચના ૧૦ બોલરોમાં સામેલ છે, પરંતુ વિકેટ કોલમ શૂન્ય છે. જ્યાં સુધી ટ્રેન્ટ બોલ્ટ (૪ મેચમાં ૧ વિકેટ) જેવો બોલર બીજા છેડેથી દબાણ ન બનાવે, ત્યાં સુધી ટીમો બુમરાહને સરળતાથી રમતા રહેશે. મુંબઈનો કુલ બોલિંગ સરેરાશ ૫૫ અને સ્ટ્રાઈક રેટ ૨૯.૬ છે, જે આ સીઝનમાં તમામ ટીમોમાં સૌથી ખરાબ છે. આનો અર્થ એ છે કે, મુંબઈને દરેક વિકેટ માટે લગભગ ૩૦ બોલ ફેંકવા પડે છે. બુમરાહની કિફાયતી બોલિંગ હોવા છતાં બીજા બોલરોની ૧૧.૧૩ ઈકોનોમી દર્શાવે છે કે તેમને બીજા છેડે કોઈ ખાસ સપોર્ટ મળતો નથી.



# સતત ત્રણ હાર બાદ હાર્દિક પંડ્યાનો ટીમને કડક સંદેશ



IPL ૨૦૨૬ માં સતત ત્રણ હાર બાદ મુંબઈ ઈન્ડિયન્સના ડ્રેસિંગ રૂમમાં વાતાવરણ તંગ હતું. ટીમનો કેપ્ટન હાર્દિક પંડ્યા અત્યંત ગંભીર અને હતાશ દેખાતો હતો. વાનખેડે સ્ટેડિયમમાં રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર સામે ૧૮ રનથી મળેલા હારથી ટીમની મુશ્કેલીઓમાં વધુ વધારો થયો. આ મેચમાં, મુંબઈ ઈન્ડિયન્સ લક્ષ્યનો પીછો કરતી વખતે ક્યારેય નિયંત્રણમાં દેખાતું નહોતું.

મેચ પછી ડ્રેસિંગ રૂમમાં આખી ટીમને સંબોધતા હાર્દિક પંડ્યાએ સ્પષ્ટપણે કહ્યું કે ટીમ પાસે હવે ફક્ત બે જ વિકલ્પો છે. તેમણે કહ્યું, "એમજે (મહેલા જયવર્ધને) એ કહ્યું તે ચાલુ રાખતા, હું કહીશ કે અમારી પાસે ફક્ત બે જ વિકલ્પો છે. કાં તો આપણે આપણા રૂમમાં જઈએ, ધ્યાન કેન્દ્રિત કરીએ અને એકલા વિચારીએ. હું જાણું છું કે હારવું મુશ્કેલ છે, બીજું એ છે કે આપણે શીખવું પડશે... ગાયબ થવાનું નહીં.

આ હંમેશા જીતવા અને શીખવા વિશે છે, હારવાનું નહીં." તેમણે ટીમને એકતામાં રહેવાની સલાહ આપી, "જ્યારે આપણે હોટેલ પાછા જઈએ, ત્યારે સાથે રાત્રિભોજન કરીએ. ક્રિકેટ વિશે વાત કરીએ, અન્ય કંઈપણ વિશે વાત કરીએ, પરંતુ સાથે મળીને ઉકેલ શોધીએ."

### આચાર્ય શ્રી સ્વતંત્ર દેવજીમહારાજની નિશ્રામાં

# તા.૧૭મીથી દંડકવન આશ્રમનો બે દિવસીય અગિયારમો વાર્ષિક ઉત્સવ

### વિહંગમ યોગ ગુજરાત તથા મહારાષ્ટ્ર સંતસમાજ દ્વારા વાસંદા સ્થિત દંડકવન આશ્રમમાં ૧૧૦૦ વિશ્વ શાંતિ વૈદિક મહાયજ્ઞનું ભવ્ય આયોજન

સુરત, તા.૧૪

નવસારી જિલ્લાના વાંસદા તાલુકાના વાંસિયા તળાવ ખાતે આવેલા મહર્ષિ સદાફલદેવ દંડકવન આશ્રમના અગિયારમાં વાર્ષિક મહોત્સવ પ્રસંગે તા.૧૭મી એપ્રિલ ૨૦૨૬ના રોજથી બે દિવસ વિહંગમ યોગ સત્સંગ સમારંભ તથા ૧૧૦૦ કુંડીય વિશ્વ શાંતિ વૈદિક મહાયજ્ઞનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે.

તા.૧૭'મીએ ગુરૂવારના રોજ સાંજે ૫-૦૦ વાગ્યે ભવ્ય શોભાયાત્રા તથા પૂ.સંત પ્રવર વિજ્ઞાન દેવજી મહારાજ દ્વારા સ્વર્વેદ કથામૃત દિવ્ય વાણી કાર્યક્રમ બાદ બીજા દિવસે તા.૧૭'મીના શુક્રવારના રોજ સવારે ૧૦-૧૫ કલાકે ૧૧૦૦ કુંડીય વિશ્વ શાંતિ મહાયજ્ઞ યોજાશે, ત્યારબાદ સાંજથી મોડી રાત સુધી સંત પ્રવર વિજ્ઞાન દેવજી મહારાજની સંગીતમય સ્વર્વેદ કથા બાદ આદિત્ય વિહંગમ યોગી અનંત શ્રી સદગુરૂ આચાર્ય શ્રી સ્વતંત્ર દેવજીમહારાજની અમૃતવાણીનો લાભ શ્રધ્ધાળુ ભક્તો લઈ શકશે. બે દિવસીય વાર્ષિક મહોત્સવ પ્રસંગે માટે ગુજરાત સંત સમાજ દ્વારા સવાર-સાંજ ચા-નાસ્તો તથા બપોરે અને રાત્રે હજારો શ્રધ્ધાળુ ભક્તો માટે ભોજન પ્રસાદીની વ્યવસ્થા કરવામાં આવી છે. વિહંગમ યોગ સંસ્થાન દ્વારા સર્વજનોને વિશ્વ શાંતિ માટેના આ પવિત્ર કાર્યમાં સહયોગ આપવા તથા સહભાગી થવા જાહેર આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

### વૈદિક હવન મન, બુધ્ધિ અને ચિત્તને શુધ્ધ કરે છે

આપણા ચાર અંતઃકરણ મન બુધ્ધિ ચિત્ત અહંકાર જેને સુક્ષ્મ પણ કહેવાય છે જે શરીર ની અંદર રહી ને કાર્ય કરે છે આ સુક્ષ્મ અંગોને શુધ્ધ કરવા માટે કોઈ મેડીસીન શોધ નથી થઈ એના માટે સુક્ષ્મ શક્તિ ની જરૂર પડે છે જે છે આપણી વૈદિક સનાતન સંસ્કૃતિ હવન યજ્ઞ પધ્ધતિ ની જે છે પ્રાચિન સમય માં આપણા રુષીમુનીઓ શુધ્ધ મંત્રોચ્ચાર અને જડીબુટ્ટીઓ ને ગાંય ના ઘી મા ભેળવી યજ્ઞ ભગવાન ને આહુતિ આપતા જે મંત્ર વાયુમા સ્પંદન થઈ પોતાના મન બુદ્ધિ ચિત્ત ને શુદ્ધ કરતા હતા તેમજ યજ્ઞ મા હોમાયેલી આહુતિ ધુમ્ર સ્વરુપે સુક્ષ્મ બની શરીરના અંદરના અંગોને શુદ્ધિકરણ કરતા હતા આ વિધિ ફક્ત ર કલાકમાં સદગુરુ ના સાંનિધ્ય માં પૂર્ણ કરવા માં આવે છે જેનાથી હજારો લોકોના જીવનમાં અભુતપૂર્વ પરીવર્તન આવ્યુ છે.

# ઓએનજીસી સર્કલથી મોરા ત્રણ રસ્તા પર ભારે વાહનો પ્રતિબંધીત

### અવર-જવર અને પાર્કિંગ પર પ્રતિબંધ ફરમાવતા પોલીસ કમિશનર

સુરત, તા.૧૪

સુરત પોલીસ કમિશનરશ્રી અનુપમસિંહ ગહલૌતના હકુમત હેઠળના હજીરા ઈન્ડસ્ટ્રીયલ વિસ્તારમાં ટ્રાફિક અને અકસ્માત પર નિયંત્રણ લાવવા માટે જાહેરનામું બહાર પાડવામાં આવ્યું છે. હજીરા વિસ્તારમાં ONGC, રિલાયન્સ, અદાણી પોર્ટ અને L&T જેવી અનેક મોટી કંપનીઓ આવેલી હોવાથી ત્યાં પ્રતિદિન આશરે ૪૫,૦૦૦ ભારે વાહનો અને ૧,૦૦,૦૦૦ જેટલા લોકોની અવર-જવર રહે છે. વધતા જતા પ્રાણઘાતક અકસ્માતો અટકાવવા અને જાહેર જનતાની સલામતી જાળવવાના હેતુથી દરરોજ સાંજે ૧૭.૧૫ થી ૦૬.૪૫ કલાક દરમિયાન ONGC સર્કલથી મોરા ત્રણ રસ્તા થઈ ગણપતિ મંદિર સુધીના માર્ગ પર ભારે વાહનોના પ્રવેશ, અવર-જવર અને પાર્કિંગ પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. આ જાહેરનામા હેઠળ પ્રતિબંધમાંથી આવશ્યક સેવાઓ જેવી કે, એમ્બ્યુલન્સ, ફાયર બ્રિગેડ, પોલીસ, એસ.ટી. બસ, સિટી બસ, BRTS બસ, પીવાના પાણીના ટેન્કર, દૂધ અને ન્યૂઝ પેપરના વાહનો તેમજ કંપનીના કર્મચારીઓને લાવતી-લઈ જતી બસો, શહેરમાંથી કચરાનું વહન કરતા વાહનોને અવર-જવર કરવા પોલીસની પરમીશન લેવાની રહેશે. દૂધ વહન કરતા વાહનો તથા સરકારી હોસ્પિટલનાં ભારે માલ વાહક વાહનો, પશુઓને દવાખાને લઈ જતાં વાહનો અને ન્યુઝ પ્રિન્ટ તથા વર્તમાનપત્રો (પેપરો) લાવતા તથા લઈ જતા વાહનોને મુક્તિ આપવામાં આવી છે. આ હુકમનો ભંગ કરનાર સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.

# પોલીસ તાલીમ કેન્દ્ર ખાતે ચૂંટણીલક્ષી તાલીમ યોજાઈ

### ૨૯૭ પોલીસ અધિકારી- કર્મચારીઓ અને હોમગાર્ડ્ઝના જવાનોને તાલીમબદ્ધ કરાયા

સુરત, તા.૧૪

આગામી સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓ શાંતિપૂર્ણ, નિષ્પક્ષ માહોલમાં યોજાય તે હેતુથી પોલીસ કમિશનરશ્રી, નાયબ પોલીસ કમિશનરશ્રી (વહીવટ અને મુ.મ.)ના માર્ગદર્શન હેઠળ પોલીસ તાલીમ કેન્દ્ર, પોલીસ મુખ્ય મથક ખાતે ચૂંટણીલક્ષી તાલીમ યોજાઈ હતી, જેમાં ૨૯૭ પોલીસ અધિકારી- કર્મચારીઓ અને હોમગાર્ડ્ઝના જવાનોને તાલીમબદ્ધ કરાયા હતા. તાલીમ કાર્યક્રમમાં ચૂંટણી પ્રક્રિયા દરમિયાન કાયદો અને વ્યવસ્થાની જાળવણી, આચારસંહિતાનું પાલન, મતદાન મથકોની સુરક્ષા અને આકસ્મિક પરિસ્થિતિઓને પહોંચી વળવા માટેની વ્યુહરચના અંગે વિગતવાર માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

# સુરત સહિત દક્ષિણ ગુજરાતમાં તાપમાનમાં સતત થતો વધારો

### સુરતમાં વહેલી પણ ૨૬.૩ ડિગ્રી ઉંચુ તાપમાન

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૧૪**

ગરમીનો પ્રકોપ દિવસેને દિવસે વધતો જોવા મળી રહ્યો છે. ૧૪ એપ્રિલ ૨૦૨૬ના રોજ શહેરમાં મહત્તમ તાપમાન ૩૭.૮ ડિગ્રી સેલ્સિયસ સુધી પહોંચ્યું હતું, જ્યારે લઘુત્તમ તાપમાન ૨૬.૩ ડિગ્રી નોંધાયું હતું. હવામાન વિભાગના આંકડા મુજબ હવામાં ભેજનું પ્રમાણ ૮૭ ટકા સુધી રહેતા લોકો ગરમી સાથે ઉકળાટનો પણ અનુભવ કરી રહ્યા છે. શહેરમાં સવારે થોડી રાહત અનુભવાય છે, પરંતુ બપોરના સમયમાં તડકો ખૂબ જ કડક બનતા લોકો ઘરમાં રહેવાનું વધુ પસંદ કરી રહ્યા છે. ખાસ કરીને કામદાર વર્ગ અને બહાર કામ કરતા લોકો માટે આ ગરમી મુશ્કેલી ઉભી કરી રહી છે. પવનની ગતિ શૂન્ય (Calm) રહેતા ગરમી વધુ તીવ્ર લાગતી હોવાનું નિષ્ણાતો જણાવી રહ્યા છે. હવામાન દબાણ ૧૦૧૧.૨ hPa નોંધાયું છે, જ્યારે છેલ્લા ૨૪ કલાકમાં કોઈ વરસાદ નોંધાયો નથી. સીઝનલ વરસાદ પણ હજુ સુધી શૂન્ય રહ્યો છે, જેના કારણે ગરમીમાં સતત વધારો થવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે. ડૉક્ટરોએ લોકોને ખાસ સાવચેતી રાખવા સૂચના આપી છે. તડકામાં બહાર જતાં સમયે માથું ઢાંકી રાખવું, પૂરતું પાણી પીવું અને હળવા કપડાં પહેરવા સલાહ આપવામાં આવી છે. ખાસ કરીને વૃદ્ધો અને બાળકોને બપોરના સમયે બહાર ન નીકળવા સૂચવવામાં આવ્યું છે. હવામાન વિભાગના અનુમાન મુજબ આગામી દિવસોમાં તાપમાનમાં વધુ વધારો થઈ શકે છે,

# હીરા પેમેન્ટ ચૂકવણી પેટે આપેલા ચેક રિટર્ન કેસમાં આરોપીને એક વર્ષની સજા

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૧૪**

હીરાના પેમેન્ટની ચૂકવણી પેટે આપેલા ચેક રિટર્ન કેસમાં કોર્ટે ભૂપેશ વાદરેને કોર્ટે ૧ વર્ષની સજાનો હુકમ ફરમાવ્યો હતો. ફરિયાદી તરફે વકીલ જય દેસાઈએ દલીલો કરી હતી. સુરતના વેપારી નિલેશ ચંપકલાલ મહેતાએ વર્ષ ૨૦૧૮માં આરોપી પંકજ વાદરેને વેચાણ માટે ૧૬.૧૮ લાખ ના હીરા આપ્યા હતા. બાકી નીકળતી રકમ પેટે પંકજના ભાઈ અને સહ-આરોપી ભૂપેશ ડુંગરલાલ વાદરે એ જવાબદારી સ્વીકારી હતી અને પતાવટના ભાગરૂપે કુલ ૮,૦૯,૨૦૦ ના બે ચેક આપ્યા હતા. જોકે, આ ચેક 'ફંડ્સ ઈન્સફિશિયન્ટ' (ખાતામાં અપૂરતું બેલેન્સ) ના કારણે પરત ફર્યા હતા. ન્યાયાધીશએ આ કેસની સુનાવણી દરમિયાન નોંધ્યું કે આરોપી પોતાની સામેના પુરાવાઓને નકારવામાં અથવા કોઈ ચોક્કસ બચાવ રજૂ કરવામાં નિષ્ફળ રહ્યો છે. કોર્ટે નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ ૧૩૮ હેઠળ ભૂપેશ વાદરેને દોષિત જાહેર કર્યો હતો. કોર્ટે આરોપીને ૧ વર્ષની સાદી કેદની સજા કરી હતી. આરોપી કોર્ટમાં ગેરહાજર હોવાથી તેની ધરપકડ માટે બિન-જામીનપાત્ર વોરંટ (દ્રમ્ઉ) ઈસ્યુ કરવાનો આદેશ પણ આપવામાં આવ્યો છે.

# વરેલી ગામમાંથી અજાણ્યા યુવાનનો મૃતદેહ મળી આવ્યો

**પ્રતાપ પ્રતિનિધિ, કડોદરા, તા.૧૪**

વરેલી ગામની ખુલ્લી જગ્યા માંથી એક ૩૦ વર્ષના અજાણ્યા ઈસમની લાશ મળી આવી હતી પોલીસે ઓળખની તપાસ હાથ ધરી છે પોલીસ સુત્રોના જણાવ્યા અનુસાર વળેલી ગામે આવેલ પાર્વતી આઈ એન સી ટેક્સટાઈલ ની સામે ખુલ્લી જગ્યા માંથી એક અજાણ્યા મૃત હાલતમાં મળી આવેલ છે તે ની ઉંમર આશરે ૩૦ થી ૩૫ વર્ષની જણાય છે પોલીસની પ્રાથમિક તપાસમાં તે કોઈ અન્ય બીમારીના કારણે મરણ ગયેલ એવું પોલીસનું અનુમાન છે કડોદરા પોલીસે હાલ તો અમોત નો ગુનો નોંધી વધુ તપાસ પો.સ.ઈ. રામા ણી કરી રહ્યા છે

# કડોદરા મોદી ફળિયામાં રહેતી યુવતી લાપતા

**પ્રતાપ પ્રતિનિધિ, કડોદરા, તા.૧૪**

કડોદરા પોલીસ સ્ટેશનના જણાવ્યા અનુસાર કડોદરા મોદી ફળિયામાં શ્રુતિ પ્રકાશભાઈ મોદી ઉંમર વર્ષ ૨૧ રહે છે ગઈકાલે ઘરમાં કોઈને પણ કઈ કહા વગર ક્યાંક ચાલી ગયા છે જેની તપાસ આદિન સુધી કરાવતા કોઈ પત્તો મળી આવ્યો નથી ગુમ થનારે શરીરે લાલ તથા કાલા રંગની ડિઝાઇન વાલી કુર્તી તથા કાલા રંગનો પ્લાઝો પહેરેલ છે જેની ભાલ મળે તો નજીક ના પોલીસ સ્ટેશને સંપર્ક કરવા વિનંતી.




**સુરત સહિત દેશભરમાં દર વર્ષે ૧૪ એપ્રિલના રોજ અગ્નિશમન દિવસ (ફાયર સર્વિસ ડે) તરીકે ઉજવણી કરવામાં આવે છે. વર્ષ ૧૯૪૪માં આ જ દિવસે મુંબઈ ગોદીમાં લંગારાયેલા જહાજમાં ભયાનક આગ અને વિસ્ફોટ સર્જાતા ૬૬ જેટલા ફાયર જવાનો શહીદ થયા હતા. તેમના અદમ્ય સાહસ અને બલિદાનની યાદમાં આ દિવસ ઉજવવામાં આવે છે. ફાયર સર્વિસ ડે નિમિતે સુરત ફાયર બ્રિગેડ દ્વારા અઠવાલાઈન્સ ચોપાટી ખાતે આવેલા શહીદ સ્મારક ખાતે ફરજ દરમિયાન શહીદ થયેલા લાશ્કરોને સલામી આપવામાં આવી હતી. (તસવીર : હનીફ મલેક)**

# આજે રીંગરોડ રૂટથી બસ સેવા દિવસભર માટે બંધ

### પો.કમિશનરના જાહેર નામાને પગલે સૂચીત રૂટ પર વાહનો પાર્ક કરી શકાશે નહીં

સુરત, તા.૧૪

સુરત મહાનગરપાલિકા દ્વારા જાહેર પરિવહન સેવાના ભાગરૂપે શહેરીજનોને સુરત શહેર તથા આજુ-બાજુ વિસ્તારમાં BRTS અને સીટી બસની સુવિધા રાહત દરે પૂરી પાડવામાં આવી રહેલ છે. ભારતના સૌથી લાંબા ૧૧૯ કિમીના ડેડીકેટેડ BRTS કોરીડોર મારફત વિવિધ ૧૩ રૂટ પર ૩૮૫ BRTS બસ કાર્યરત છે તથા વિવિધ ૪૫ સીટી બસ રૂટ પર ૪૪૦ બસનું સંચાલન કરવામાં આવે છે અને હાલમાં કુલ-૪૧૮ કિમીના રૂટ ઉપર સીટી બસ સેવા કાર્યરત છે. દૈનિક ધોરણે આશરે ૨ લાખથી વધુ મુસાફરો ધ્વારા સદર સેવાનો લાભ લેવામાં આવી રહેલ છે.

સુરત પોલીસ કમિશ્નરશ્રીના જાહેરનામાં ક્રમાંકટફક/ડૉ.આંબેડકર જન્મજયંતિ/ભારે વાહન પ્રતિબંધ/જાહેરનામું/૧૦૯૩/૨૦૨૬, તા.૧૧/૦૪/૨૦૨૬ મુજબ સુરત શહેર ખાતે આગામી તા.૧૪/૦૪/૨૦૨૬ ના રોજ ડૉ.આંબેડકર જન્મજયંતીની ઉજવણી કરવામાં આવનાર છે. ડૉ.આંબેડકર જન્મજયંતી નિમીત્તે સુરત શહેરના અલગ-અલગ વિસ્તારોમાંથી લોકો મોટી સંખ્યામાં રેલી સ્વરૂપે નિકળી માનદરવાજા ખાતે ડૉ.આંબેડકરની પ્રતિમા સુધી આવી જાહેરસભામાં ફેરવાશે. હાલ માનદરવાજા રીંગ રોડ પર મેટ્રો ટ્રેનનું કામ ચાલુ હોવાથી ટ્રાફિકનું ભારણ વધારે રહેતુ હોય તેમજ સુરત શહેરની તમામ રેલી માનદરવાજા ખાતે ડૉ.આંબેડકરની પ્રતિમા ખાતે પધારનાર હોય જેથી તે વખતે માનદરવાજા સુધી આવતા ભારે વાહનોની અવર-જવર તથા પાક'ગ કરવા ઉપર પ્રતિબંધ મુકવામાં નહી આવે તો ટ્રાફિકની સમસ્યા ઉભી થાય તેમ છે. જેથી ટ્રાફિક નિયમન જળવાઈ રહે તે સારૂ માનદરવાજા ખાતે આવતા ભારે વાહનોને ડાયવર્ઝન કરવાની જરૂરીયાત જણાતી હોય ફાલસાવાડી રીગરોડ ઓવરબ્રિજ ચઢતા, તેમજ સરદાર માર્કેટ અવધ ટેક્ષટાઈલ માર્કેટ ઓવરબ્રિજ થઈ ઉધના દરવાજા સુધી, તેમજ મજુરાગેટ ઓવરબ્રિજથી માનદરવાજા રીંગ રોડ થઈ સહારા દરવાજા તેમજ સરદાર માર્કેટ સુધી સુધી તા.૧૪/૦૪/૨૦૨૬ નાં રોજ સવારે ક.૦૬/૦૦ વાગ્યે થી કાર્યક્રમ પૂર્ણ થાય ત્યાં સુધી ભારે વાહનોની અવર-જવર પર તેમજ વાહનો પાક'ગ કરવા ઉપર પ્રતિબંધ ફરમાવવામાં આવેલ છે.

# અંત્રોલીમાં બાઈક પરથી પટકાતા ઈજાગ્રસ્ત આધેડનું મોત નિપજ્યું

### સ્મીમેરમાં સારવાર દરમિયાન સુરેશભાઈ રાઠોડનું મોત થયું

**પ્રતાપ પ્રતિનિધિ, કડોદરા, તા.૧૪**

આંત્રોલી રોડ પર મોટરસાયકલ ઉપરથી નીચે રોડ પર પટકાયેલ એક ૪૮ વર્ષના પુરુષનું ઈજા ને કારણે સારવાર દરમિયાન તેમનું મોત નીપજ્યું હતું પોલીસ સુત્રોના જણાવ્યા અનુસાર મૂળ સુરેન્દ્ર નગર જિલ્લો હાલ દલુભાઈ ની વાડીમાં નેચર વેલી ની બાજુમાં સારોલી માંસુરેશભાઈ માધુભાઈ રાઠોડ ઉંમર વર્ષ ૪૮ શાકભાજી વેચાણનો ધંધો કરે છે ગઈકાલે મોટરસાયકલ નંબર જીજે 05 ug 5637 ની લઈ રાત્રે અંત્રોલી ગામની સીમમાં વાંકાનેડા થી અંતરોલી જઈ રહેલા હતા ત્યારે અચાનક બ્રેક મારતા મોટર સયકલ ઉપરથી નીચે રોડ પર ફોગોલાઈ ગયા હતા તેમણે ગંભીર ઈજા થતાં બેભાન અવસ્થામાં ૧૦૮ મારફત પ્રથમ સારવાર માટે સિમીમેર હોસ્પિટલ સુરત ખાતે દાખલ કરાયા હતા ત્યાંથી નવી સિવિલ હોસ્પિટલ સુરત ખાતે લઈ જતા ત્યાં ફરજ પરના તબીબે તેમણે મુજ જાહેર કર્યા હતા. પુત્ર ઝવેરી રાઠોડ એ કરોડરા પોલીસ મથકમાં ફરિયાદ આપતા કડોદરા પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી વધુ તપાસ કલ્પેશભાઈ બહાદુરભાઈ કરી રહ્યા છે

# ઉમરગામના મામલતદારે દોડતી ટ્રેન હેઠળ પડતુ મૂકી કરેલી આત્મહત્યા

### રેલ્વે પોલીસ દ્વારા ઘટનાની ઉંડી તપાસ

સુરત, તા.૧૪

ઉંમરગામ તાલુકા માં મામલતદાર તરીકે ફરજ બજાવતા દલપત ભાઈ છોટુ ભાઈ ઉંમર વર્ષ ૫૬.હાલ વલસાડ અબ્રામા ૫૪,પલ પાર્ક સોસાયટી માં રહેતા, ગત મોડી રાત્રી ના ઉંમરગામ રેલવે સ્ટેશન નજીક ગાડી નીચે પડતું મૂકી જીવન ટૂંકાવી દીધું. એવી ચર્ચા પણ થઈ રહી છે.બીજી તરફ કોઈક અજાણ્યા વ્યક્તિ દ્વારા રાગદ્વેસ રાખી મારી ને ફેંકી ગયા ની પણ જાણકારી મળી છે. આત્મહત્યા કે મર્ડર થયાં ની ચર્ચા એ જોર પકડ્યું છે ટૂંક માં મોત નુ રહસ્ય અકબંધ છે. જે પોલીસ તપાસ માં જ બહાર આવી શકે,હાલ ચૂંટણી ના કામકાજ ના ભારણ ને લઈ આત્મહત્યા કરી હોવાની પણ લોક ચર્ચા એ જોર પકડ્યું છે. મોત ની ઘટના બનતા રેલવે પોલીસ દ્વારા લાશ નો કબ્જો લઈ પી. એમ. માટે નજીક ના સરકારી દવાખાને લઈ જવામાં આવી અને વધુ આગળ ની કાર્યવાહી કરવા માં આવી. બ્રાહ્મણ કાચ્છ ના પરિવાર માં ગમગીની ફેલાઈ ગઈ. પરિવાર ના લોકો આ દુઃખદ ઘટના ને લઈ ખુબ દુઃખી થઈ ગયા છે.

**મોડી બપોરે બિહારના**

**પહેલા પાનાનું ચાલુ**

આવી રહી છે.બપોરે NDA ના તમામ ઘટક પક્ષો ત્નક્રેં, ભાજપ, HAM, RLJP, RLM પોતપોતાના ધારાસભ્યો સાથે અલગ-અલગ બેઠકો કરશે. આ બેઠકોમાં ધારાસભ્ય દળના નેતાની પસંદગી કરવામાં આવશે, જે આગળની રણનીતિ નક્કી કરશે.

બપોરે ૨ વાગ્યે એક અણે માર્ગ સ્થિત આવાસ પર ત્નક્રેં ની બેઠકમાં તમામ ધારાસભ્યો હાજર રહેશે. તમામ ધારાસભ્ય દળના નેતાની પસંદગી કરશે, સૌથી રસપ્રદ એ જોવું રહેશે કે ત્નક્રેં પોતાના ધારાસભ્ય દળના નેતા તરીકે કોને પસંદ કરે છે.

**કોવીડ રસીના બીજા**

**પહેલા પાનાનું ચાલુ**

મસ્કે X પર પોતાના કોવિડ-૧૯ સંક્રમણ અને રસીના અનુભવ વચ્ચેનો તફાવત દર્શાવ્યો હતો. તેમણે લખ્યું, "વેક્સિનનો ડોઝ દેખીતી રીતે ખૂબ વધારે હતો અને ઘણી વખત આપવામાં આવ્યો હતો. મને રસી આવી તે પહેલાં મૂળ વુહાન વાયરસ થયો હતો અને તે અન્ય કોઈ પણ શરદી કે ફ્લૂ જેવો જ હતો. ખરાબ, પણ ભયાનક નહીં. પરંતુ મારા બીજા વેક્સિન શોટે મને લગભગ હોસ્પિટલ ભેગો કરી દીધો હતો. મને લાગ્યું કે જાણે હું મરી રહ્યો છું."

આ પોસ્ટ સ્વીડિશ પત્રકાર પીટર ઈમાનુએલસન દ્વારા શેર કરાયેલ કન્ટેન્ટની રિપોસ્ટ હતી, જેમણે જર્મનીના બુન્ડેસ્ટેગ કોરોના એન્ક્વેટ કમિશન સમક્ષ ડૉ. હેલ્મટ સ્ટર્ઝની જુબાનીને પ્રોત્સાહન આપ્યું હતું. મસ્કની ટિપ્પણીઓ ઝડપથી પ્લેટફોર્મ પર સૌથી વધુ ચર્ચિત વિષયોમાંની એક બની ગઈ.

આ વિવાદના કેન્દ્રમાં ૧૯ માર્ચ, ૨૦૨૬ ના રોજ અફડી (AfD) પક્ષના આમંત્રણ પર બુન્ડેસ્ટેગના કોરોના એન્ક્વેટ કમિશન સમક્ષ ડૉ. હેલ્મટ સ્ટર્ઝની રજૂઆત છે. સ્ટર્ઝ, જે એક નિવૃત્ત ટોક્સિકોલોજિસ્ટ છે અને અગાઉ રોશે (Roche) અને ફાઈઝર (Pfizer) જેવી ફાર્માસ્યુટિકલ કંપનીઓમાં કામ કરી ચૂક્યા છે, તેમણે ફાઈઝર-બાયોએનટેક કોવિડ-૧૯ રસી વિશે કેટલાક દાવા કર્યા હતા.

તેમણે આરોપ લગાવ્યો હતો કે વિકાસ દરમિયાન મુખ્ય પ્રી-ક્લિનિકલ સુરક્ષા અભ્યાસોને અવગણવામાં આવ્યા હતા અને લાંબા ગાળાની અસરો વિશે ચિંતા વ્યક્ત કરી હતી. સૌથી વિવાદાસ્પદ રીતે, તેમણે જર્મનીના પોલ-એહરલિચ-ઈન્સ્ટિટ્યૂટ દ્વારા નોંધાયેલા રસીકરણ પછીના ૨,૧૩૩ મૃત્યુના સત્તાવાર આંકડા પર એક ગુણાંક લાગુ કર્યો અને પુષ્ટિ થયેલ કારણભૂત ડેટાને બદલે માત્ર અંદાજના આધારે જર્મનીમાં રસી સાથે જોડાયેલા ૨૦,૦૦૦થી ૬૦,૦૦૦ મોતના આંકડા સુધી પહોંચ્યા. આ આંકડો જાહેર આરોગ્ય સત્તાવાળાઓ દ્વારા સ્વતંત્ર રીતે ચકાસાયેલ નથી અને તે વૈજ્ઞાનિક સર્વસંમતિ નથી, પરંતુ વ્યક્તિગત અર્થઘટન છે.

**ટ્રમ્પ-પુતિનના**

**પહેલા પાનાનું ચાલુ**

BBC મુજબ, શરૂઆતના પરિણામોમાં ટિસ્ઝા પાર્ટીએ ૧૯૯માંથી ૧૩૮ બેઠકો પર જીત મેળવી છે. જ્યારે, ઓર્બનની ફિડેસ પાર્ટીને માત્ર ૫૫ બેઠકો જ મળી છે. ટિસ્ઝાને લગભગ ૫૩% અને ફિડેસને લગભગ ૩૭% મત મળ્યા.

આ ચૂંટણી પરિણામો પછી હંગેરીની રાજધાની બુડાપેસ્ટમાં મોડી રાત સુધી ઉજવણી ચાલુ રહી. ડેન્યુબ નદી કિનારે હજારો લોકો એકઠા થયા. કારના હોર્ન, ઝંડા અને નારાબાજી વચ્ચે ઉજવણી ચાલુ રહી. ઘણી જગ્યાએ લોકોએ 'રશિયનો ઘરે જાઓ' જેવા નારા લગાવ્યા.

**લગ્ન નોંધણી કાયદામાં**

**પહેલા પાનાનું ચાલુ**

સરકારે અગાઉ લગ્ન નોંધણીમાં યુગલના માતા-પિતાને જાણ કરવાની એક પ્રક્રિયા અમલી બનાવવા તૈયારી કરી છે. જેમાં સરકારે સૂચનો મંગાવ્યા હતા. ૧૨૭ લોકોએ સૂચન-વાંધા રજુ કર્યા છે. જેમાં એક યુગલના પાસપોર્ટ ફોટા પણ ફરજીયાત કરવા અને તે પ્રમાણીત થાય તે નિશ્ચિત કરવાનું સૂચન છે.

ખાસ કરીને પંચમહાલમાં ૪૬૦૦ બનાવટી લગ્ન નોંધણી સર્ટીફીકેટ બે વર્ષમાં બન્યા હોવાનું જાહેર થયું હતું એટલું જ નહી અનેક 'નિકાહ' સર્ટી એવા ગામમાંથી ઈસ્યુ થયા જેમાં લઘુમતી સમુદાયનો એક પણ પરિવાર રહેતો નથી.

સરકારને જે સૂચનો મળ્યા છે તેમાં માતા-પિતાની સંમતી વગર લગ્ન કરનાર યુગલને વારસાગત મિલ્કતનો અધિકાર છીનવવા, રજીસ્ટ્રેશન સમયે માતા-પિતાની હાજરી ફરજીયાત કરવા અને કન્યાનું રહેણાંક જ્યાં હોય ત્યાંથી જ લગ્ન સર્ટી. ઈસ્યુ થઈ શકે. તે જોગવાઈ કરવાના સૂચનો આપ્યા છે.

જો કે માતા-પિતાની સંમતિ કે હાજરી સામે વાંધો પણ રજુ થયો છે અને જણાવાયુ છે કે પસંદગીના પાત્ર સાથે લગ્ન કરવામાં વ્યક્તિગત સ્વતંત્રતા બંધારણે આપી છે. સરકાર તે છીનવી શકે નહી તો અત્યાર સુધીની સરળ પ્રક્રિયાને બદલે તેમાં નિયમો જોડવાથી તંત્રમાં ભ્રષ્ટાચાર વધશે અને યુગલની ગુપ્તતાનો પણ ભંગ થશે....

**વિશ્વમાં ૮૦ કરોડ**

**પહેલા પાનાનું ચાલુ**

અને મોટી છે.આ સપ્તાહે વોશિંગ્ટનમાં વર્લ્ડ બેન્ક અને આંતરરાષ્ટ્રીય મુદ્રા કોષ (આઈએમએફ)ની બેન્કો માટે દુનિયાભરના હજારો અધિકારીઓ જોડાશે. તેમના પર ઈરાન સાથે ચાલુ યુદ્ધનો પડછાયો રહેશે, જેથી ગ્લોબલ ગ્રોથ ધીમો હોવાથી મોંઘવારી વધવાનો ખતરો છે.

**યુધ્ધમાં ઈરાનમાં**

**પેજ-૨ પાનાનું ચાલુ**

જેના સફળ પડઘા પડતા યુધ્ધની ભીષણ પરિસ્થિતિ વચ્ચે વલસાડ નવસારી જિલ્લાના માછીમાર ભાઈઓ સહી સલામત રહે તેવા તમામ પ્રયત્નો કરવામાં આવ્યા હતા. આખરે તા. ૧૧ એપ્રિલના રોજ સવારે ૧૦ કલાકે ૭૨ માછીમાર ભાઈઓ ઈરાનથી ઈન્ડિયા આવવા ફ્લાઈટમાં બેઠા હતા અને રાત્રિના ૯ કલાકે ચેન્નાઈથી બે બસમાં વલસાડ આવવા રવાના થયા હતા. જેઓ સોમવારે સવારે ૯ કલાકે વલસાડ સર્કિટ હાઉસ આવી પહોંચ્યા હતા. જ્યાં જિલ્લા વહીવટી તંત્ર તરફથી કલેકટરશ્રી ભવ્ય વર્મા, નિવાસી અધિક કલેકટરશ્રી એમ.ડી.ચુડાસમા, ફિશરીઝ ડિપાર્ટમેન્ટના ઈન્ચાર્જ કમિશ્નર શ્રી મિતેશ પંડ્યા, ડેપ્યુટી ડાયરેકટરશ્રી કે.આર.પટણી અને વલસાડ જિલ્લાના મદદનીશ મત્સ્યોદ્યોગ નિયામકશ્રી બિંદુબેન પટેલ સહિતના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

**તા.૧૬મીથી**

**પેજ-૨ પાનાનું ચાલુ**

સાબિત થયું હતું, જેના દ્વારા અનેક B2B જોડાણો અને નવીન સંશોધનો પ્રદર્શિત થયા હતા. ય્છ્ઈ ૨૦૨૬ તે જ પરંપરાને વધુ ઉંચાઈ પર લઈ જવા માટે સજ્જ છે.

ગુજરાતનું વિઝન — વૈશ્વિક મહત્વકાંક્ષા" (Gujarat's Vision – Global Ambition) ની થીમ પર આધારિત GATE ૨૦૨૬ વ્યૂહાત્મક રીતે માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના "વિઝન ૨૦૪૭" ને સમર્થન આપવા માટે તૈયાર કરાયું છે. આ રોડમેપ ભારતની સ્વતંત્રતાના શતાબ્દી વર્ષ સુધીમાં દેશને વિકસિત રાષ્ટ્ર બનાવવાનું લક્ષ્ય ધરાવે છે. આ એક્સ્પો ગુજરાતને ટ કા ઉ ક્ષા મ ત ા (Sustainability), નવીનતા (Innovation) અને આર્થિક સ્થિતિસ્થાપકતાના કેન્દ્ર તરીકે સ્થાપિત કરશે.

GATE ૨૦૨૬નું ભવ્ય ઉદ્ઘાટન ગુજરાતના માનનીય મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ દ્વારા ગુરુવાર, ૧૬ એપ્રિલ, ૨૦૨૬ ના રોજ સવારે ૧૦:૦૦ કલાકે કરવામાં આવશે. આ પ્રસંગે ગુજરાતના માનનીય નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષભાઈ સંઘવી, ક્રેડાઈ (CREDAI) નેશનલના પ્રેસિડેન્ટ શ્રી શેખર પટેલ અને ટોરેન્ટ પાવર લિમિટેડના વાઈસ ચેરમેન અને મેનેજિંગ ડિરેક્ટર શ્રી જીનલ મહેતા જેવા મહાનુભાવો વિશેષ ઉપસ્થિત રહેશે.

**સમસ્ત લેઉવા પટેલ**

**પેજ-૨ પાનાનું ચાલુ**

કરીને વડીલોનું માન-સન્માન જળવાય અને આવનારી નવી પેઢીમાં ઉચ્ચ સંસ્કારોનું સિંચન થાય તેના પર ભાર મૂકી સૌએ સૌએ સાથે મળીને સ્નેહભોજન લીધું હતું. આ સ્નેહમિલન માત્ર એક મેળાવડો નથી, પરંતુ આપણા પરિવારની એકતા અને આવનારી પેઢીના ઉજ્જવળ ભવિષ્યનો પાયો છે. એમ સમસ્ત લેઉવા પટેલ વોરા પરિવારની ઉત્સાહી આયોજક ટીમે જણાવ્યું હતું. આ પ્રસંગે વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમોમાં બાળકો અને યુવાનોએ મનમોહક કૃતિઓ રજૂ કરી હતી.

**માતૃશ્રી કાશીબા**

**પેજ-૨ પાનાનું ચાલુ**

દુર્ગમ, અંતરિયાળ વિસ્તારોમાં શાળાનાં ભવનોનું નિર્માણ કરીએ છીએ. કર્મયોગીઓ રાત-દિવસ, ઊંઘ-ઉજાગરો કે થાકની પરવાહ કર્યા વિના આ કાર્યમાં શ્રમદાન કરી રહ્યા છે; તે સૌને ખૂબ ખૂબ ધન્યવાદ પાઠવું છું." તા.૧૨-૦૪-૨૦૨૬ ને રવિવારે યોજાયેલા લોકાર્પણ પ્રસંગે સહયોગી દાતા શ્રી વલ્લભભાઈ વી. છેટા પરિવારનું તેમજ શુભ ચિંતક શ્રી ડાયાભાઈ જાલાભાઈ ભરવાડ (નિજાનંદ ગ્રૂપ, ગાંધીનગર)નું સ્મૃતિ ચિહ્ન અર્પણ કરીને વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે શ્રી નિલેશભાઈ લંગાળિયા, શ્રી હીરાભાઈ ભરવાડ, શ્રી મહેન્દ્રભાઈ કળથિયા, શ્રી કુબેરસિંહ ડીંડોર, શ્રી હિંમતભાઈ મોરડિયા, શ્રી ભરતભાઈ ગોટી વગેરે માનવંતા મહેમાનો, શિક્ષણપ્રેમીઓ ખૂબ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. તા.૧૩-૦૪-૨૦૨૬ ને સોમવારે યોજાયેલા લોકાર્પણ પ્રસંગે સહયોગી દાતા શ્રી હરેશભાઈ પાઢ પરિવારનું તેમજ શુભ ચિંતક શ્રી ગોપાલ લાલ પાટીદારનું સ્મૃતિ ચિહ્ન અર્પણ કરીને વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સમારોહના અધ્યક્ષ શ્રીમાન માનેંગજી પટેલ, માનવંતા મહેમાનો : શ્રીમાન પ્રકાશજી શર્મા, શ્રી કૃષ્ણકાંતજી ઉપાધ્યાય, શ્રી મોહનલાલ પાટીદાર, શ્રી પ્રભુલાલ પાટીદાર, શ્રી બંસીલાલજી વગેરે મહાનુભાવો તેમજ શિક્ષણપ્રેમીઓ ખૂબ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

Pratap Darpan, Daily, Editor : Pravinbhai Ratnabhai Gohil. OWNER:-IMAGE PUBLICATION Printer and Publisher Rajesh Balubhai Patel "Printed at IMAGE PRINTERS, 20, 21 Bhidbhanjan Society, Bamroli Rord, Udhna, Surat-394210 . Published From: Pratap Darpan Karayalay, S-6, K.S.B Olympia, Near Kailash Chowkdi , Pandesara, Surat - 394221 , Gujarat-India : Founder Late Mrs. Kantaben Babubhai Rayka

સાંધ્ય દૈનિક
# પ્રતાપ દર્પણ
મંગળવાર, તા.૧૪ એપ્રિલ ૨૦૨૬ E-mail : pratap_darpan@yahoo.co.in મો.નં.: ૯૮૨૫૫ ૩૨૫૦૫



યુગપુરૂષ, ભારત રત્ન, બંધારણના ઘડવૈયા ડો. બાબા સાહેબ આંબેડકરની જન્મ જયંતીની ઉજવણી ધામધૂમપૂર્વક કરવામાં આવી રહી છે. આજે બપોરે બાબાસાહેબ આંબેડકર જન્મ જયંતી ઉત્સવ સમિતિ સુરત દ્વારા રેલવે સ્ટેશનથી રિંગરોડ ડો. બાબા સાહેબ આંબેડકરની પ્રતિમા સુધી ભવ્ય રેલીનું આયોજન કરવામાં આવ્યું છે. ડો. બાબા સાહેબની પ્રતિમાને કેન્દ્રીય જળશક્તિમંત્રી સી. આર. પાટીલ દ્વારા પુષ્પાંજલી અર્પણ કરવામાં આવી છે. (તસવીર : હનીફ મલેક)

# કાલે ઉમેદવારી પરત ખેંચવાની અંતિમ મુદ્દત : બુધવારે સાંજે ચિત્ર સ્પષ્ટ બનશે

## હાલ ભાજપ, કોંગ્રેસ, આપ સહિત કુલ ૪૯૯ ઉમેદવારો ચૂંટણી જંગમાં ઊભા છે

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૧૪**

સુરત મહાનગરપાલિકાની ચૂંટણી પ્રક્રિયા દરમિયાન કુલ ૩૦ વોર્ડની ૧૨૦ બેઠકો માટે ૧૦૫૯ ફોર્મ ભરાયા હતા અને ગઈ કાલે ફોર્મ ચકાસણી બાદ ૫૬૧ ફોર્મ રદ થયા છે. હવે ભાજપ, કોંગ્રેસ, આપ, અપક્ષો તથા અન્ય પક્ષોના ૧૪૮ સહિત કુલ ૪૯૯ ઉમેદવારે ચૂંટણી મેદાનમાં રહ્યાં છે. આવતીકાલે તા.૧૫મી એપ્રિલ બુધવારના રોજ ફોર્મ ભરવાની અંતિમ તારીખ હોવાથી આવતીકાલે સાંજ સુધીમાં ચૂંટણી ચિત્ર સ્પષ્ટ બની જશે.

ગઈકાલે ફોર્મની ચકાસણી પ્રક્રિયા પૂર્ણ કરી દેવામાં આવી છે. ૩૦ વોર્ડની ૧૨૦ બેઠકો માટે ભાજપના ૧૨૦, કોંગ્રેસના ૧૧૯, આમ આદમી પાર્ટીના ૧૧૧ ઉમેદવારોના ફોર્મ માન્ય થયા છે અને અન્ય પક્ષો તથા અપક્ષોના પણ ૧૪૮ ફોર્મ મંજૂર કરાયા છે. કુલ ૧૦૫૯ ફોર્મ ભરાયા હતા અને ફોર્મ ચકાસણી પ્રક્રિયામાં ૫૬૧ ફોર્મ રદ કરી દેવામાં આવ્યાં છે જેમાં કોંગ્રેસના એક અને આપના ત્રણ ઉમેદવારોના ફોર્મ પણ વિવિધ કારણોસર રદ કરાયા છે.

ચૂંટણી પ્રક્રિયા દરમિયાન આવતીકાલે તા.૧૫મી એપ્રિલ બુધવારના રોજ ફોર્મ ખેંચવાની અંતિમ તારીખ હોવાથી ઘણા ખરા ઉમેદવારો છેલ્લી ઘડીએ ચૂંટણીમાંથી ખસી જવાની શક્યતાઓ છે. એટલે આવતીકાલે સાંજે સમગ્ર ચૂંટણી ચિત્ર સ્પષ્ટ થઈ જશે. અપક્ષ ઉમેદવારોના ફોર્મ પરત ખેંચાતી લેવા વિવિધ રાજકીય પક્ષોએ ઉમેદવારોને સમજાવવા માટેના પ્રયાસો હાથ ધરી દીધા હોવાનું પણ જાણવા મળી રહ્યું છે.

# સુરતને હાઈકોર્ટની બેન્ચ ફાળવવા સાંસદ ગોવિંદ ધોળકિયાને રજૂઆત

## સુરત જિલ્લા વકીલ મંડળ રાજ્યસભાના સાંસદને મળ્યું

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૧૪**

ગુજરાતનું આર્થિક પાટનગર અને ટેક્સટાઈલ-ડાયમંડ હબ ગણાતા સુરત જિલ્લામાં હાઈકોર્ટની બેન્ચ સ્થાપવા માટેની માંગણી સુરતના વકીલો દ્વારા ફરી તેજ બની છે. ખાસ કરીને હાલમાં સુરતના વકીલો માટે નવી કોર્ટ બિલ્ડીંગ માટે મગદલ્લા ખાતે ૭૦ હજાર ચો.મીટરથી વધુ જમીન ફાળવવામાં આવી છે. આ નવી કોર્ટ બિલ્ડિંગમાં હાઈકોર્ટની બેન્ચ સ્થાપવા ખાસ કરીને રજુઆત કરાઈ હોવાનું જાણવા મળે છે.

સુરત જિલ્લા વકીલ મંડળના હોદ્દેદારોએ રાજ્યસભાના સાંસદ સભ્ય ગોવિંદભાઈ ધોળકિયાને કરેલી રજૂઆતમાં જણાવ્યું હતું કે, આશરે ૮૦ લાખની વસ્તી ધરાવતા સુરત અને દક્ષિણ ગુજરાતના અન્ય જિલ્લાઓ જેવા કે ભરૂચ, નવસારી, વલસાડ, તાપી અને ડાંગના નાગરિકોને ન્યાય માટે છેક અમદાવાદ સુધી લાંબો ધક્કો ખાવો પડે છે, જે આર્થિક રીતે ખર્ચાળ અને સમયનો વ્યય કરનારું સાબિત થાય છે.સુરતમાં મોટા પાયે ચાલતા ઉદ્યોગ-ધંધાને કારણે કાયદાકીય વિવાદો અને કેસોની સંખ્યામાં ઉત્તરોત્તર વધારો થઈ રહ્યો છે. સને ૨૦૦૦ના વર્ષથી સતત રજૂઆતો કરવા છતાં આ પ્રશ્ન હજુ વણઉકેલ્યો છે.

વકીલોની મુખ્ય દલીલ છે વસ્તી અને કેસોની સંખ્યા જોતા સ્થાનિક બેન્ચ અનિવાર્ય છે. દક્ષિણ ગુજરાતના છેવાડાના વિસ્તારોથી અમદાવાદ જવું મુશ્કેલ છે. સ્થાનિક સ્તરે બેન્ચ હોવાથી કેસોનું નિરાકરણ ઝડપથી આવશે.

વધુમાં રજૂઆત કરી હતી કે ભારતના બંધારણ હેઠળ અને સંબંધિત કાયદા મુજબ હાઈકોર્ટની બેન્ચ સ્થાપના માટે ભારત સરકારને સત્તા પ્રાપ્ત છે. જે રાજ્ય સરકાર તથા હાઈકોર્ટનાં મુખ્ય ન્યાયધિશ સાથે ચર્ચા કરીને નિર્ણય લઈ શકે છે.

સુરત જિલ્લા વકીલ મંડળ તરફથી પ્રમુખ ઉદય પટેલ, ઉપપ્રમુખ સંજય પટેલ, મંત્રી મુકુંદ રામાણી, સહમંત્રી કવન પટેલ અને એલ આર ફેની પટેલ, બાર કાઉન્સિલ ઓફ ગુજરાતના નવ નિયુક્ત મેમ્બર હરેશ નાકરાણી, સિનિયર વકીલ ગગજી ભરવાડ અને નિલેશ માણીયા સહિતના વકીલોએ રજૂઆત કરી હતી

### સુરતને બેન્ચ મળે તો ન્યાય ઝડપથી મળશે

સિનિયર વકીલ રિધ્ધિશ મોદીએ જણાવ્યું હતું કે સુરતને હાઈકોર્ટની બેંચ મળી રહેશે તો ન્યાય માટે સરળતા થઈ જશે. પક્ષકારો અને વકીલોનો સમય બચશે, ખર્ચ બચશે, અને સરકારનો ઝડપી ન્યાયનો સંકલ્પ પણ પૂરો થઈ જશે.

# એટીએમ કાર્ડ બદલી રૂા.૬ હજાર ઉપાડી લઈ છેતરપિંડી

## કતારગામમાં વધુ એક એટીએમ ફ્રોડનો કેસ નોંધાયો

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૧૪**

કતારગામ વિસ્તારમાં ATM મશીન પાસે છેતરપિંડીનો બનાવ સામે આવ્યો છે, જેમાં અજાણ્યા શખ્સોએ મદદ કરવાની આડમાં એક વ્યક્તિના ખાતામાંથી રૂપિયા ઉપાડી લીધા હતા. આ મામલે કતારગામ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાઈ છે.

માહિતી અનુસાર, વજિયસંગ આસારામ જાટવ, જે કતારગામની નવી જી.આઈ.ડી.સી ફુલપાડા વિસ્તારમાં રહે છે અને એમ્બ્રોડરી કામ કરે છે, તેઓ તા. ૧૦ એપ્રિલ ૨૦૨૬ના રોજ બપોરે લગભગ ૧:૩૦ થી ૨:૦૦ વાગ્યા દરમિયાન કેનેરા બેંકના ATM ખાતે પૈસા ઉપાડવા ગયા હતા.

તે દરમિયાન બે અજાણ્યા ઈસમો ત્યાં આવ્યા અને છૂસ્માંથી રૂપિયા ઉપાડવામાં મદદ કરવાની ઓફર કરી હતી. પીડિત તેમની વાતોમાં આવી ગયો હતો. આરોપીઓએ ચાતુરાઈથી પીડિતનું ATM કાર્ડ બદલાવી દીધું અને PIN નંબર પણ જાણી લીધો હતો.

ત્યારબાદ આરોપીઓએ પીડિતના બેંક ખાતામાંથી રૂપિયા ૬,૦૦૦ ઉપાડી લીધા હતા અને સ્થળ પરથી ફરાર થઈ ગયા હતા. થોડા સમય બાદ પીડિતને છેતરપિંડીની જાણ થતાં તેણે તા. ૧૩ એપ્રિલના રોજ પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી.

કતારગામ પોલીસે અજાણ્યા આરોપીઓ સામે ભારતીય ન્યાય સંહિતા હેઠળ ગુનો નોંધી તપાસ શરૂ કરી છે. પોલીસ દ્વારા ATMના CCTV ફૂટેજ અને ટ્રાન્ઝેક્શન વિગતોના આધારે આરોપીઓને ઝડપી પાડવા પ્રયત્નો હાથ ધરવામાં આવી રહ્યા છે.

# એટીએમ કાર્ડ બદલી ફ્રોડ કરતી ગેંગના બે સાગરિતો ૫૪ કાર્ડ સાથે ઝડપાયા

## સચીન જીઆઈડીસી પોલીસે બે રીઢા ગુનેગારોને ઝડપી પાડ્યા

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૧૪**

સુરત શહેરના સચીન GIDC પોલીસ મથકની ટીમે બાતમી અને ટેકનિકલ સર્વેલન્સના આધારે એક મોટી સફળતા મેળવી છે, જેમાં ATM કેબિન પાસે વોચ રાખી ભોળા નાગરિકોના ATM કાર્ડ સિફતપૂર્વક બદલી નાખી તેમના ખાતામાંથી નાણાં ઉપાડી લેતી આંતરરાજ્ય ગેંગના બે રીઢા ગુનેગારોને ઝડપી પાડવામાં આવ્યા છે. પોલીસ કમિશનર અનુપમસિંહ ગહલૌત અને ઉચ્ચ પોલીસ અધિકારીઓની સૂચના હેઠળ સચીન GIDC પોલીસ સ્ટેશનના પી.આઈ. કે.એ. ગોહિલ અને સેકન્ડ પી.આઈ. કે.એ. ચૌહાણના માર્ગદર્શન હેઠળ સર્વેલન્સ સ્ટાફ પેટ્રોલિંગમાં હતો, તે દરમિયાન એચ.આર. પટેલ અને તેમની ટીમને મળેલી ચોક્કસ હકીકતને આધારે આ કાર્યવાહી કરવામાં આવી હતી. પકડાયેલા આરોપીઓની ઓળખ નૌશાદઅલી મુનીરઅલી શેખ (ઉ.વ. ૩૪, રહે. પલસાણા, મૂળ ઉત્તરપ્રદેશ) અને અખિલેશ નન્હેલાલ પાલ (ઉ.વ. ૨૭, રહે. ગોડાદરા, મૂળ ઉત્તરપ્રદેશ) તરીકે થઈ છે. પોલીસે આ આરોપીઓ પાસેથી અલગ-અલગ બેંકોના કુલ ૫૪ નંગ છૂસ કાર્ડ, ૪૫,૦૦૦ રૂપિયા રોકડા, એક મોટરસાઈકલ અને બે મોબાઈલ ફોન મળી કુલ ૧,૧૦,૦૦૦ રૂપિયાનો મુદ્દામાલ કબજે કર્યો છે.

આ ગેંગની મોડસ ઓપરેન્ડી (ગુનો કરવાની રીત) અત્યંત વ્યવસ્થિત હતી. તેઓ ખાસ કરીને એવા ATM કેબિનને નિશાન બનાવતા જ્યાં ભીડ ઓછી હોય અથવા તો એવા લોકોને ટાર્ગેટ કરતા જેઓ મોટી ઉંમરના હોય અથવા જેમને છૂસ કાર્ડનો ઉપયોગ કરતા ઓછો ફાવતો હોય. મદદ કરવાના બહાને તેઓ પીન નંબર જાણી લેતા અને નજર ચૂકવીને તેમની પાસે રહેલું તે જ બેંકનું બીજું નકામું કાર્ડ પકડાવી દેતા હતા. ત્યારબાદ ગણતરીની મિનિટોમાં જ તેઓ ઓરિજિનલ કાર્ડ દ્વારા નાણાં ઉપાડી લેતા હતા. આ ધરપકડ સાથે સચીન GIDC પોલીસ સ્ટેશનના ત્રણ અને કતારગામ પોલીસ સ્ટેશનનો એક એમ કુલ ચાર ગુનાઓનો ભેદ ઉકેલાયો છે. પકડાયેલા આરોપીઓ પૈકી નૌશાદઅલી સામે ઉત્તરપ્રદેશના વિવિધ પોલીસ સ્ટેશનોમાં લૂંટ, ચોરી અને આર્મ્સ એક્ટ જેવા અગાઉના ૧૩ જેટલા ગંભીર ગુનાઓ નોંધાયેલા છે, જ્યારે અખિલેશ સામે પણ દુષ્કર્મ, એટ્રોસિટી અને છેતરપિંડીના ૪ જેટલા ગુનાઓ નોંધાયેલા છે. આ ઓપરેશનમાં પોલીસ હેડ કોન્સ્ટેબલ ભરતભાઈ, દિગ્વિજયસિંહ, અલ્કેશભાઈ અને પોલીસ કોન્સ્ટેબલ કિશનસિંહે મહત્વની ભૂમિકા ભજવી હતી. હાલ પોલીસે તમામ મુદ્દામાલ રિકવર કરી આરોપીઓ વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતાની કલમ ૩૧૮(૪) અને આઈ.ટી. એક્ટ હેઠળ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

# બાંધકામ ચાલુ રાખવા માટે પ્રશાંત કાછડિયાએ ૨૦ લાખની ખંડણી માંગી

## બિલ્ડરના દિકરાને મળવા બોલાવી ખિસ્સામાંથી બળજબરીપૂર્વક રૂા.૫૦ હજાર કાઢી લીધા

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૧૪**

શહેરના કતારગામ વિસ્તારમાં બાંધકામ સાથે જોડાયેલા એક વેપારી પાસેથી લાખોની ખંડણી માંગવાનો ગંભીર બનાવ સામે આવ્યો છે. આ મામલે ચોકબજાર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાતા પોલીસે ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે.

મળતી માહિતી મુજબ, ડભોલી વિસ્તારમાં રહેતા અને વ્યવસાય કરતા મનસુખભાઈ પાનસુરીયા સહજાનંદ સોસાયટીમાં આવેલ પોતાના પ્લોટ નં. ૧૧, ૧૨, ૧૩ અને ૧૪ પર નવું બાંધકામ શરૂ કર્યું હતું. આ દરમિયાન આરોપી પ્રશાંતભાઈ કાનજીભાઈ કાછડિયા, જે કતારગામ વિસ્તારમાં રહે છે, તેઓએ ફેબ્રુઆરી-૨૦૨૬ દરમિયાન પીડિતની મલ્કિત પર આવી બાંધકામ પૂર્ણ કરવા માટે ૨૦ લાખ રૂપિયાની માંગણી કરી હતી.

આરોપીએ બાંધકામ ચાલુ રાખવું હોય તો રૂપિયા આપવાની શરત મૂકી હતી. બાદમાં તા. ૭ એપ્રિલ ૨૦૨૬ના રોજ પીડિતના દીકરા રવિ અને કોન્ટ્રાક્ટરને કતારગામના શ્યામવાડી વિસ્તારમાં મળવા માટે બોલાવવામાં આવ્યા હતા. ત્યાં આરોપીએ રવિ પાસેથી ૫૦,૦૦૦ રૂપિયા જબરદસ્તી કઢાવી લીધા હતા અને બાકી ૧૯.૫૦ લાખ રૂપિયા ન આપો તો મલ્કિત પર કબજો કરી લેવાની ધમકી આપી હતી.

આ બનાવ બાદ પીડિતે તા. ૧૩ એપ્રિલના રોજ રાત્રે પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી. પોલીસે ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ હેઠળ સંબંધિત કલમો મુજબ ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ, આ પ્રકારના બનાવોમાં આરોપીઓ બાંધકામકારો અને વેપારીઓને ટાર્ગેટ કરી ખંડણી માંગતા હોય છે. હાલ પોલીસ આરોપીની શોધખોળમાં લાગી છે અને વધુ પુરાવા એકત્રિત કરી રહી છે.

# કોંગ્રેસના ઉમેદવારોને ભાજપ દ્વારા લાખોની લાલચ : ચાવડા

## પ્રદેશ કોંગ્રેસનું ડેલીગેશન ચૂંટણી આયોગ સમક્ષ ફરિયાદ કરશે

**અમદાવાદ, તા.૧૪**

ગુજરાતમાં ૧૫ મહાનગરપાલિકા, ૩૪ જિલ્લા પંચાયત, ૮૪ નગરપાલિકા અને ૨૬૦ તાલુકા પંચાયતની આગામી ચૂંટણીઓને લઈને રાજકીય માહોલ ગરમાયો છે. ભાજપ, કોંગ્રેસ અને આમ આદમી પાર્ટી દ્વારા જોરશોરથી પ્રચાર શરૂ કરી દેવામાં આવ્યો છે. ઉમેદવારી પત્રકોની ચકાસણી પ્રક્રિયા પૂર્ણ થતાં જ હવે ૧૫ એપ્રિલ સુધી રાજનીતિનો ખેલ ખેલાશે. કોંગ્રેસને હોર્સ ટ્રેડિંગનો ભય સતાવી રહ્યો છે. કોંગ્રેસના મોટાભાગના ઉમેદવારોના ફોન બંધ થઈ ગયા છે અને હવે તેમની વાડાબંધી શરૂ કરી દેવાઈ છે. તો આ તરફ ભાજપ ઉમેદવારી પાછી ખેંચાવી વધુમાં વધુ બેઠક બિનહરીફ કરાવવાની ફિરાકમાં છે.

ભાજપના નેતાઓ ૨૦થી ૩૦ લાખ રૂપિયા આપવાની લાલચ આપી કોંગ્રેસના ઉમેદવારોને ખરીદવાનો પ્રયાસ કરી રહ્યા હોવાનો અને ફોર્મ રદ કરાવવા ભાજપના નેતાઓએ દબાણ કરતા ઉમરગામના ચૂંટણી અધિકારીએ આપઘાત કર્યો હોવાનો કોંગ્રેસ પ્રદેશ પ્રમુખ અમિત ચાવડાએ આક્ષેપ કર્યો છે. આ અંગે રજૂઆત કરવા આજે કોંગ્રેસનું એક ડેલિગેશન રાજ્ય ચૂંટણી આયોગને મળશે.

ઉમેદવારી ફોર્મ ચકાસણીના છેલ્લા દિવસે રાજ્યમાં ૯,૮૧૯ ફોર્મ રદ થયા હતા. જેમાં મનપામાં ૧,૯૩૪, નગરપાલિકામાં ૧,૧૬૪, જિલ્લા અને તાલુકા પંચાયતમાં ૬,૭૨૧ રદ કરાયા છે. ઉમેદવારીના આંકડાઓનું વિશ્લેષણ કરતા માલૂમ પડે છે કે સૌથી વધુ રસાકસી તાલુકા પંચાયત સ્તરે જોવા મળી છે. અહીં કુલ ૨૦,૦૦૦થી વધુ ઉમેદવારી પત્રો ભરાયા હતા, જેમાંથી દસ્તાવેજી કે ટેક્નિકલ ખામીઓને કારણે ૬,૭૨૧ ફોર્મ રદ કરવામાં આવ્યા છે.

ચૂંટણી જંગમાં ફોર્મ પરત ખેંચવાની અંતિમ મુદત ૧૫ એપ્રિલ છે ત્યારે ઉમેદવારો વચ્ચે તોડજોડની રાજનીતિ શરૂ થઈ ગઈ છે. હરીફ ઉમેદવારોને બેસાડી દેવા માટે સામ, દામ, દંડ અને ભેદની નીતિ અપનાવવામાં આવી રહી છે. ખાસ કરીને સુરત અને રાજકોટમાં ભૂતકાળના 'નિલેશ કુંભાણી' જેવા કિસ્સાઓનું પુનરાવર્તન ન થાય તે માટે કોંગ્રેસ સતર્ક બની છે. પક્ષે પોતાના અંદાજે ૬૫ જેટલા મજબૂત ઉમેદવારોની વફાદારી જાળવી રાખવા 'મિશન અજ્ઞાત' હેઠળ તેમને સુરક્ષિત અને ગુપ્ત સ્થળોએ ખસેડી દીધા છે. ૧૫ એપ્રિલ બાદ જ સ્પષ્ટ થશે કે ફાઈનલ મેદાનમાં કેટલા ઉમેદવારો વચ્ચે ખરાખરીનો જંગ જામશે.


## ભાવભિની શ્રદ્ધાંજલિ



**સ્વ.શ્રી જગતવિજય રામચંદ્ર તુલસ્યાન**

**સ્વ.તા.૧૨/૦૪/૨૦૨૬**

અમારા પરમ સ્નેહી મિત્ર અને આદરણીય વડીલ
શ્રી કમલવિજયજી તુલસ્યાનના પૂજ્ય ભાઈશ્રી શ્રી જગતવિજય રામચંદ્ર તુલસ્યાન ના
વૈકુંઠગમનના સમાચાર અત્યંત દુ:ખદ છે
આ અપુરણીય ક્ષતિ પર અમે અમારી ઊંડી સંવેદના વ્યકત કરીએ છીએ।
શ્રી જગતવિજયજીનું જીવન અત્યંત સરળ, સજ્જન અને ધાર્મિક રહ્યું હતું।
તેમણે પોતાના ઉત્તમ આચરણ દ્વારા પ્રેમ, દયા, કરુણા અને ક્ષમા જેવા
ઉચ્ચ સંસ્કારોને પરિવાર અને સમાજમાં સાકાર સ્વરુપ આપ્યું હતું
આવી પુણ્યાત્માને અમે વિનમ્ર શ્રદ્ધાંજલિ અર્પણ કરતાં ઈશ્વરને પ્રાર્થના કરીએ છીએ કે
દિવંગત આત્માને પોતાના શ્રીચરણોમાં સ્થાન આપે અને
શોકગ્રસ્ત પરિવારને આ મુશ્કેલ સમયમાં ધૈર્ય, શકિત અને સંબળ આપે.

**શ્રદ્ધાવનત**

**અમે તમામ નીચે દર્શાવેલ સજ્જનો દિવંગત આત્માને વિનમ્ર શ્રદ્ધાંજલિ અર્પણ કરીએ છીએ**

શ્રી જીતેન્દ્ર વખારિયા (નારાયણ પ્રોસેસર્સ),
શ્રી મહેશભાઈ કબૂતરવાલા (કલરટેક્સ),
શ્રી જે. પી. અગ્રવાલ (રચના ગ્રુપ),
શ્રી શ્યામ અગ્રવાલ (આર્મો ગ્રુપ),
શ્રી શ્યામ ગુપ્તા (વિરાટ પ્રોસેસર્સ),
શ્રી ગૌરીશંકર કોકરા (બાલકિશન ગ્રુપ),
શ્રી ગુલશન ચોપરા (ગુલશન પ્રિન્ટ્સ),
લક્ષ્મીપતિ ગ્રુપ,
શ્રી મદન ખુરાના (કે.બી. ક્રિએશન),
શ્રી આલોક બંસલ (પશુપતિ મિલ)
શ્રી પ્રમોદ ચૌધરી (પ્રતિભા ગ્રુપ),
શ્રી શશિ ભૂષણ જૈન (સુમતિ પ્રિન્ટ્સ),
શ્રી રામચરણ અગ્રવાલ (પ્રિયંકા પ્રોસેસર્સ),
શ્રી સત્યેન સોમાણી (વસંત ફેબ્રિક્સ),
શ્રી મનીષ ખુરાના (શિવમ ટેરિન),
શ્રી મનીષ અગ્રવાલ (અન્નપૂર્ણા ઇન્ડસ્ટ્રીઝ),
શ્રી આશુતોષ કનોડિયા (સાંવરિયા પ્રોસેસર્સ),
શ્રી મહાવીરપ્રસાદ જૈન (વિતરાગ ગ્રુપ),
શ્રી મનીષ અગ્રવાલ (મનીષ ડાઈંગ),
શ્રી તેજશ કાપડિયા (ઇન્ડીયન કેમિકલ)
શ્રી વિનિત જૈન (ત્રિશલા ગ્રુપ),